

પેજ-08
'શાહ બાનો' બનવા યામી ગૌતમે ચાર મહિના કુરાન વાંચી

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકર ૫૩ વર્ષના થયા હેડન અને લીએ પાઠવી



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 43.00 | 29.00 |
| વડોદરા | 44.00 | 28.00 |
| સુરત | 41.00 | 28.00 |

પેજ 5

દેશની વેપાર પ્રવૃત્તિમાં એપ્રિલમાં જોવા મળ્યો મોટો જોરદાર ઉછાળો

25 APRIL-2026 SATURDAY

ટ્રમ્પના નિવેદનનો વળતો જવાબ ભારતને નર્ક કહેનારાને ઠપકો મળ્યો

પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 76664.21 ▼ | 999.79 |
| નિફ્ટી | 23897.95 ▼ | 275.10 |
| સોનું | 152855.00 ▲ | 1094.0 |
| ચાંદી | 244030.0 ▲ | 2517.0 |

વર્ષ-15 । અંક-163 । વિક્રમ સંવત-2082 । વૈશાખ સુદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### રાહુલનો દાવો હતો- વડાપ્રધાને પૂર્વ આર્મી ચીફને કહ્યું હતું, જે યોગ્ય લાગે તે કરો

# નરવણે બોલ્યા-2020માં ચીન સાથેની મડાગાંઠમાં સરકારે એકલા છોડ્યા નહોતા

(એજન્સી) નવી દિલ્હી | તા 24

ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણેએ મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે 2020માં ચીન સાથે થયેલી મડાગાંઠમાં સરકારે તેમને એકલા છોડ્યા ન હતા. સરકાર સંપૂર્ણપણે સમર્થનમાં હતી અને પૂરો અધિકાર આપ્યો હતો કે પરિસ્થિતિ બગડે તો ચીનના સૈનિકોને ગોળીઓ મારી શકે.

4 ફેબ્રુઆરીએ રાહુલ 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની' પુસ્તકની કોપી લઈને સંસદ પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે જો આજે પીએમ આવશે તો તેમને આ પુસ્તક આપીશ. રાહુલે પુસ્તકનું તે પાનું ખોલીને બતાવ્યું, જેમાં લખ્યું છે કે વડાપ્રધાને આર્મી ચીફને કહ્યું હતું- 'જે યોગ્ય લાગે તે કરો.'

રાહુલે એમ પણ કહ્યું હતું કે, 'સરકાર અને રક્ષા મંત્રી કહી રહ્યા છે કે પુસ્તકનું અસ્તિત્વ નથી. જુઓ આ રહ્યું પુસ્તક.' નરવણેના આ અપ્રકાશિત પુસ્તકમાં ચીન સાથે ભારતીય સેનાની 2020ની અથડામણોની સાથે-સાથે અગ્નિવીર યોજનાની સમીક્ષા કરવામાં આવી છે. હવે ભૂતપૂર્વ સેના પ્રમુખનું નવું પુસ્તક 'ધ ક્યુરિયસ એન્ડ ધ ક્લાસિફાઈડ: અનઅર્થિંગ મિલિટરી મિથ્સ એન્ડ મિસ્ટ્રીઝ' આવવાનું છે.



### 3 ફેબ્રુઆરી રાહુલ બોલ્યા- કંપની અથવા આર્મી ચીફ જૂઠું બોલી રહ્યા છે

રાહુલ ગાંધીએ મંગળવારે 3 ફેબ્રુઆરીના રોજ લોકસભાની બહાર કહ્યું હતું કે- નરવણેએ X પર પોસ્ટ કર્યું, 'હેલો મિત્રો, મારું પુસ્તક હવે ઉપલબ્ધ છે. લિંક ફોલો કરો. હેપ્પી રીડિંગ!' કાં તો એમએમ નરવણે જૂઠું બોલી રહ્યા છે, અથવા પેંગ્વિન જૂઠું બોલી રહ્યું છે. મેં આર્મી ચીફ પર વિશ્વાસ કરવાનું પસંદ કર્યું.

### 9 ફેબ્રુઆરીએ પેંગ્વિને કહ્યું હતું કે- નરવણેનું પુસ્તક પ્રકાશિત થયું નથી

પૂર્વ આર્મી ચીફના અપ્રકાશિત પુસ્તક પર 9 ફેબ્રુઆરીના રોજ પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાએ કહ્યું હતું કે પુસ્તક હજુ સુધી પ્રકાશિત થયું નથી. તેનો કોઈ ભાગ સાર્વજનિક કરવામાં આવ્યો નથી. કંપનીએ કહ્યું કે પબ્લિશિંગના તમામ અધિકારો અમારી પાસે છે. અત્યાર સુધી પુસ્તકની ન તો કોઈ છપાયેલી કોપી કે ન તો કોઈ ડિજિટલ કોપી સામે આવી છે.

### "ક્યારેક ભારત આવો અને જુઓ, પછી બોલો"


# ભારત પર 'નરક'વાળી ટિપ્પણી મામલે ઈરાને ટ્રમ્પેને બતાવ્યો અરીસો, આપ્યો કરારો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા 24

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જાતિવાદી અને એન્ટી ઈન્ડિયા પોસ્ટ કરીને વિવાદમાં ઘેરાયા છે. રાષ્ટ્રપતિએ કટ્ટરપંથી અમેરિકન લેખક અને વિવેચક માઈકલ સેવેજના ત્રણ અઠવાડિયા જૂના વીડિયોનો ટેક્સ્ટ પોસ્ટ કર્યો હતો, જેમાં તેમણે ભારત અને ચીન જેવા દેશોને 'નરકના દરવાજા' ગણાવ્યા હતા. ભારતના વિદેશ મંત્રાલયના વાંધા બાદ, ઈરાને હવે ટ્રમ્પને અરીસો બતાવ્યો છે, જેમાં તેમને કહ્યું છે કે ક્યારેક ભારત આવીને જુઓ અને પછી બોલો.

### ટ્રમ્પને ભારતનો જવાબ

ભારતે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટને "અજ્ઞાનતાપુર્ણ" અને "અયોગ્ય" ગણાવી છે. જોકે, યુએસ એમ્બેસીએ એક



સંદેશ જારી કરીને આ ટિપ્પણીઓથી થયેલા નુકસાનને ઘટાડવાનો પ્રયાસ કર્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પ માને છે કે ભારત "તેમના એક સારા મિત્ર" ના નેતૃત્વ હેઠળનો "મહાન" દેશ છે. પરંતુ ભારતનો જવાબ હજુ બાકી હતો. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે ટિપ્પણીઓ જોઈ છે, તેમજ યુએસ દૂતાવાસે જવાબમાં જારી કરેલું નિવેદન પણ જોયું છે." તેમણે કહ્યું-આ ટિપ્પણીઓ સ્પષ્ટપણે અજ્ઞાન, અયોગ્ય અને અપમાનજનક છે. તે ચોક્કસપણે ભારત-અમેરિકા સંબંધોની વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરતી નથી, જે લાંબા સમયથી પરસ્પર આદર અને સહિયારા હિતો પર આધારિત છે.

### ટ્રમ્પે ભારત અને ચીનને "નરકના દરવાજા" ગણાવ્યા હતા

અમેરિકાના જન્મજાત નાગરિકતા કાયદાઓને સંબોધતી આ પોસ્ટમાં ભારત અને ચીનને "નરકના દરવાજા" ગણાવવામાં આવ્યા હતા. હવે, મુંબઈમાં ઈરાની કોન્સ્યુલેટ જનરલે મહારાષ્ટ્રના સમૃદ્ધ સાંસ્કૃતિક અને ભૌગોલિક વારસાનો એક વીડિયો શેર કર્યો અને કહ્યું કે ટ્રમ્પને "સાંસ્કૃતિક ડિટોક્સ"ની જરૂર છે. ડિટોક્સનો અર્થ છે અંદરથી ઝેર (અહીં, ભારત વિશેની નકારાત્મક ટિપ્પણીઓ) ઓકવા સાથે છે.

### ઓડિશાના 4 જિલ્લામાં શાળાઓ બંધ; રાજસ્થાનમાં મનરેગા મજૂરોના કામનો સમય બદલાયો

# યુપીનાપ્રયાગરાજ,મહારાષ્ટ્રના અમરાવતીમાં તાપમાન 44°C

(એજન્સી) નવી દિલ્હી | તા 24

દેશના ઘણા ભાગોમાં લૂનો પ્રકોપ વધી રહ્યો છે. યુપી, રાજસ્થાન અને મહારાષ્ટ્રના 4 શહેરોમાં પારો 44C ને પાર પહોંચી ગયો છે. ગુરુવારે રાજસ્થાનના શ્રીગંગાનગરમાં સૌથી વધુ 44.5C તાપમાન નોંધાયું. યુપીના પ્રયાગરાજ અને મહારાષ્ટ્રના અમરાવતીમાં 44.4C, જ્યારે અકોલામાં 44.3C પારો નોંધાયો.

વધતી ગરમીના કારણે રાજસ્થાનના જયપુર, કોટા, ચિત્તોડગઢ, જેસલમેર અને દૌસામાં શાળાઓનો સમય સવારે 7.30 વાગ્યાથી કરી દેવામાં આવ્યો છે. બીકાનેર, ઝુનઝુનુ અને જેસલમેરમાં મહાત્મા ગાંધી નરેગા યોજના (મનરેગા) ના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. હવે મજૂરો સવારે 6 વાગ્યાથી બપોરના 1 વાગ્યા સુધી જ કામ કરશે.

આ તરફ, ઓડિશામાં પણ ગુરુવારે હીટવેવની અસર ચાલુ રહી. ઝારસુગુડા અને તાલચરમાં મહત્તમ તાપમાન 44C નોંધાયું. રાજ્યના 24 સ્થળોએ તાપમાન 40C કે તેથી વધુ રહ્યું. કટકમાં શાળા અને કોલેજોની રજાઓ 27 એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે. જ્યારે રાયગઢા, ઝારસુગુડા અને ગંજામ જિલ્લાઓમાં 26 એપ્રિલ સુધી શાળાઓ બંધ રહેશે.



શિમલામાં ગરમી વચ્ચે ISBT પાસે જંગલમાં આગ લાગવાથી ધુમાડો ઉડતો જોવા મળ્યો.

# PM મોદીનો હાવડામાં રોડ-શો, કહ્યું- ભાજપનો ભરોસો જીતશે

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા 24

પશ્ચિમ બંગાળમાં ગુરુવારે 152 બેઠકો પર મતદાન થયું ત્યારે 142 બેઠકો પર ચૂંટણી પ્રચાર ચાલુ રહ્યો. પીએમ મોદીએ કૃષ્ણનગર અને મથુરાપુરમાં જનસભા કરી અને હાવડામાં રોડ શો કર્યો. મોદીએ કહ્યું કે જનતાએ નક્કી કરી લીધું છે કે 4 મેના રોજ પરિણામ નહીં, પરિવર્તન આવશે. TMC હારશે અને ભાજપનો ભરોસો જીતશે. હવેનું મતદાન બધા રેકોર્ડ તોડી રહ્યું છે. હું અહીં પરિવર્તનની આંધી જોઈ રહ્યો છું. વડાપ્રધાનની રેલી પછી TMCએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું- ન આવ્યા છો, ન આવશો.

જે સમયે મોદી હાવડામાં રોડ શો કરી રહ્યા હતા, તે જ સમયે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભવાનીપુરમાં રોડ શો કર્યો. મમતા અહીંથી ધારાસભ્ય છે. ભવાનીપુરમાં 29 એપ્રિલે મતદાન થવાનું છે. અહીંથી સુવેન્દુ અધિકારી ભાજપના ઉમેદવાર છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હુગલીના બાલાગઢમાં કહ્યું કે બંગાળમાં ભાજપની સરકાર બનતા જ ઘૂસણખોરી સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે અને જે ઘૂસણખોરો અહીં રહી રહ્યા છે, તેમને શોધી શોધીને બહાર કાઢવામાં આવશે. તેમણે કહ્યું કે ઘૂસણખોરો રાજ્યની સુરક્ષા માટે ખતરો છે અને બંગાળના યુવાનોના હકની નોકરીઓ અને ગરીબોનું રાશન છીનવી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, અહીં તો TMCના ધારાસભ્યો, મંત્રીઓ, સ્થાનિક નેતાઓ અને તેમના સિન્ડિકેટ વિરુદ્ધ એટલો રોષ છે કે કેટલાય જિલ્લાઓમાં TMCનું ખાતું પણ નહીં ખૂલે. હું વિશ્વાસ સાથે કહું છું કે મેં આ વખતે બંગાળનો ઘણો પ્રવાસ કર્યો છે અને જે ઉત્સાહ જોયો છે, તેના પરથી TMCનું જવું નિશ્ચિત છે. નરેન્દ્ર મોદીએ કહ્યું- 15 વર્ષ પહેલાં ડાબેરીઓ વિરુદ્ધ જનતાએ રણશિંગુ ફૂંક્યું હતું. આજે તૃણમૂલના જંગલરાજ વિરુદ્ધ બંગાળની જનતા દરેક ગલી મહોલ્લામાં શંખ ફૂંકી રહી છે. આ ચૂંટણી ન તો મોદી લડી રહ્યા છે કે ન તો મારા સાથીઓ લડી રહ્યા છે. આ વખતે બંગાળની ચૂંટણી અહીંની જનતા જનાર્દન લડી રહી છે.

### દિવસ દરમિયાન રસ્તાઓ રોકીને ધરણા, રાત્રે મશાલ રેલીઓથી કાયદો અને વ્યવસ્થા સંભાળી રહી છે

# મણિપુરમાં મેઈરા પાઈબીની મહિલાઓ રસ્તાઓ પર ઉતરી

(એજન્સી) મણિપુર | તા 24

મણિપુરમાં ગઈ 7 એપ્રિલે રોકેટ હુમલામાં બે બાળકોના મોત થયા હતા. પ્રદર્શનોમાં 3 લોકોના મોત થયા હતા. ત્યારથી વિરોધ-પ્રદર્શનો ચાલી રહ્યા છે. અશાંતિ વચ્ચે 18 એપ્રિલથી સંપૂર્ણ બંધ લાગુ છે. સામાન્ય જનજીવન ઠપ છે.

આ દરમિયાન હવે મેઈરા પાઈબી જૂથની મહિલાઓ રસ્તાઓ પર ઉતરી આવી છે. હજારો મહિલાઓનું આ જૂથ શાંતિ-વ્યવસ્થા માટે માત્ર રસ્તાઓ પર પ્રદર્શન જ નથી કરી રહ્યું, પરંતુ સામાજિક સ્તરે લોકોને પણ જોડી રહ્યું છે.

આ મહિલાઓ દિવસ દરમિયાન રસ્તાઓ રોકી રહી છે, ધરણાં કરી રહી છે. ત્યાંથી ન તો પોલીસ પસાર થઈ શકે છે, ન કોઈ અન્ય. જ્યારે, રાત્રે મશાલ રેલીઓ દ્વારા વિસ્તારોની ચોકીદારી પણ કરી રહી છે.

એક પ્રદર્શનકારી મહિલાએ જણાવ્યું - ઘર સંભાળવું, આંદોલનમાં જવું અને રોજી-રોટીની ચિંતા, ત્રણેયને સાથે લઈને ચાલવું પડકારજનક છે. આમ છતાં આ મારી નૈતિક જવાબદારી છે અને હું દરેક બાબતને બેલેન્સ કરી રહી છું.



મેઈરા પાઈબી મૈતેઈ મહિલાઓનું એક મુખ્ય સામાજિક આંદોલન અને ગ્રુપ છે.

### મોટા પાયે આંદોલનની તૈયારી

સતત બંધને કારણે આર્થિક દબાણ પણ વધી રહ્યું છે. ખ્વાઈરામબંદ ઈમા માર્કેટમાં કેટલીક મહિલા વિક્રેતાઓ દુકાનો ખોલવા મજબૂર બની છે. અનિતા લૌરેમ્બમે કહ્યું કે તેનો અર્થ એ નથી કે તેઓ આંદોલન વિરુદ્ધ છે. તેઓ આ કામ પછી આંદોલનમાં જોડાશે. - નાગરિક સંગઠન 'કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઈન્ટિગ્રિટી'એ 25 એપ્રિલે મોટા પાયે આંદોલનની જાહેરાત કરી છે.

# જજ સાથેની દલીલવાળા વીડિયો પર કેજરીવાલને નોટિસ

(એજન્સી) નવી દિલ્હી | તા 24

દિલ્હી હાઈકોર્ટે એક જનહિત અરજી પર સુનાવણી કરતા ગુરુવારે પૂર્વ CM અરવિંદ કેજરીવાલને નોટિસ પાઠવી છે. આ અરજી કોર્ટની કાર્યવાહીને પરવાનગી વગર રેકોર્ડ કરવા અને તેને સોશિયલ મીડિયા પર પ્રસારિત કરવા સંબંધિત છે. કોર્ટે તમામ વીડિયો ડિલીટ કરવા અને લિંક હટાવવાનો નિર્દેશ આપ્યો છે. ન્યૂઝ એજન્સી PTIના રિપોર્ટ અનુસાર, આ અરજી એડવોકેટ વૈભવ સિંહે દાખલ કરી છે. દિલ્હી હાઈકોર્ટે કેજરીવાલ, સિસોદિયા, પત્રકાર રવીશ કુમાર અને અન્ય વિરુદ્ધ નોટિસ જાહેર કરી છે. કોર્ટે સૂચના મંત્રાલયને પણ પક્ષકાર બનાવ્યું છે. હાઈકોર્ટને જણાવવામાં આવ્યું કે જે લિંક્સ પર વાંધો હતો, તેને Google અને Meta દ્વારા પહેલાથી જ હટાવી દેવામાં આવી છે. હવે આ મામલાની આગામી સુનાવણી 6 જુલાઈએ થશે. એક દિવસ પહેલા આ મામલો ચીફ જસ્ટિસની બેન્ચમાં સૂચિબદ્ધ હતો. પરંતુ, જસ્ટિસ તેજસ કારિયાએ આ મામલાની સુનાવણીથી પોતાને અલગ કરી લીધા. ત્યારબાદ તેને જસ્ટિસ વી. કામેશ્વર રાવ અને જસ્ટિસ મનમીત અરોરાની બેન્ચ સમક્ષ મૂકવામાં આવ્યો.

# બંગાળમાં મતદાનનો નવો રેકોર્ડ

### પ્રથમ તબક્કામાં 93% મતદાન:મમતા બોલ્યા- SIRના વિરોધમાં બમ્પર વોટિંગ

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા 24

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે ગુરુવારે રેકોર્ડ વોટિંગ થયું. બંગાળની 294માંથી 152 બેઠકો પર પહેલા તબક્કામાં 92.72% મતદાન થયું. છૂટીછવાઈ હિંસક ઘટનાઓ પણ બની. બે ભાજપ ધારાસભ્યો પર હુમલો થયો.

તમિલનાડુની તમામ 234 બેઠકો પર 85.13% વોટિંગ થયું. બંને રાજ્યોમાં આઝાદી પછી અત્યાર સુધીનું સૌથી વધુ વોટિંગ થયું છે. આ પહેલા તમિલનાડુમાં સૌથી વધુ મતદાન 2011માં 78.29% હતું, જ્યારે બંગાળમાં 2011માં 85.13% મતદાન નોંધાયું હતું.

મમતાએ વોટિંગ પછી કહ્યું- બંગાળની જનતાએ SIR વિરુદ્ધ બમ્પર વોટિંગ કર્યું છે. ગૃહ મંત્રી શાહે કહ્યું કે TMCનો સૂરજ આથમી ચૂક્યો છે.

આ પહેલા આસામ, કેરળ અને પુડુચેરીમાં પણ 9 એપ્રિલે રેકોર્ડ વોટિંગ થયું હતું. આસામના ઈતિહાસમાં સૌથી વધુ 85.91%, પુડુચેરીમાં 90% અને કેરળમાં 1987 પછી સૌથી વધુ 78.27% વોટિંગ થયું હતું. પાંચેય રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો 4 મેના રોજ એકસાથે આવશે.

### બંગાળમાં મતદાન દરમિયાન મારામારી-ઝપાઝપી,

- બંગાળના દક્ષિણ મિદનાપુરમાં કુમારગંજ બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુવેન્દુ સરકારને ભીડે દોડાવી દોડાવીને માર માર્યો. તેમનો સુરક્ષા ગાર્ડ તેમની સાથે હતો. તેમ છતાં ભીડે તેમને ખદેડ્યા.
- પશ્ચિમ બર્ધમાન જિલ્લાના બર્નપુરમાં આસનસોલ સાઉથ બેઠક પરથી ભાજપના ઉમેદવાર અગ્નિમિત્રા પોલની કાર પર હુમલો થયો. જેના કારણે ગાડીનો પાછળનો કાચ તૂટી ગયો. અગ્નિમિત્રાએ જણાવ્યું કે તેમની કાર પર પથ્થરો ફેંકવામાં આવ્યા હતા.
- બીરભૂમના બોધપુર ગામમાં EVM ખરાબ થયા બાદ લોકોએ પોલીસ અને સેન્ટ્રલ ફોર્સ પર પથ્થરમારો કર્યો. પોલીસની ગાડીમાં તોડફોડ પણ કરી. આ ઘટનામાં ઘણા સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા.

મુર્શિદાબાદના નૌદામાં બુધવારે મોડી રાત્રે દેશી બોમ્બ હુમલામાં ઘણા લોકો ઘાયલ થયા. આમ જનતા ઉન્નયન પાર્ટી (AJUP)ના ચીફ હુમાયુ કબીર સવારે ઘટનાસ્થળે પહોંચ્યા.

# I-PAC રેડ કેસ, SCએ કહ્યું- આવી અરજીઓ સાંભળવી જોખમ

(એજન્સી) નવી દિલ્હી | તા 24

સુપ્રીમ કોર્ટમાં ગુરુવારે સતત બીજા દિવસે I-PAC રેડ કેસમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ EDની અરજી પર સુનાવણી ચાલુ છે. ED વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલો કરી હતી. બંગાળ સરકાર વતી સીનિયર એડવોકેટ મેનકા ગુરુસ્વામી હાજર રહ્યા.

તેમણે આરોપ લગાવ્યો કે એક રાજકીય પક્ષ કોર્ટની કાર્યવાહીને સોશિયલ મીડિયા પર હથિયારની જેમ ઉપયોગ કરી રહ્યો છે. તેમણે કોર્ટને આના પર રોક લગાવવાની માંગ કરી. જસ્ટિસ પી.કે. મિશ્રા અને જસ્ટિસ એન.વી. અંજારિયાની બેન્ચે ગઈકાલે કહ્યું હતું કે જ્યારે કોઈ મુખ્યમંત્રી કોઈ કેન્દ્રીય એજન્સીની ચાલુ તપાસમાં દખલગીરી કરે છે, તો તેને કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેનો વિવાદ કહી શકાય નહીં.

ખરેખરમાં, 8 જાન્યુઆરીએ EDએ કોલકાતા સ્થિત પોલિટિકલ કન્સલ્ટન્સી કંપની I-PACના ડિરેક્ટર પ્રતીક જૈનના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન મમતા ત્યાં પહોંચ્યા અને કેટલીક ફાઈલો લઈને ચાલ્યા ગયા.

# ઈસ્લામમાં મહિલાઓને મસ્જિદમાં આવવા પર કોઈ રોક નથી

(એજન્સી) કેરળ | તા 24

કેરળના સબરીમાલા મંદિર સહિતના ધાર્મિક સ્થળોમાં મહિલાઓ સાથે થતા ભેદભાવ સંબંધિત અરજીઓ પર ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) એ કોર્ટને જણાવ્યું કે ઈસ્લામ મહિલાઓને નમાઝ માટે મસ્જિદમાં આવવાથી રોકતો નથી, પરંતુ તે વધુ સારું છે કે તેઓ ઘરે જ ઈબાદત કરે.

AIMPLB વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ એમ.આર. શમશાદે CJI સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી નવ-ન્યાયાધીશોની બંધારણીય બેંચને જણાવ્યું કે મહિલાઓને કેટલાક નિયમોને આધીન મસ્જિદમાં નમાઝ પઢવાની મંજૂરી છે. તેમણે અદાલતને ધાર્મિક રીતિ-રિવાજોને ન્યાયિક રીતે નક્કી ન કરવા વિનંતી પણ કરી.

તેમણે કહ્યું કે આ મુદ્દો એટલા માટે ઉભો થયો છે કારણ કે એક રિટ અરજીમાં માગ કરવામાં આવી હતી કે મહિલાઓને મસ્જિદોમાં નમાઝ પઢવાની મંજૂરી આપવામાં આવે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ બી.વી. નાગરત્નાએ કહ્યું કે વોટ્સએપ યુનિવર્સિટીમાંથી મળેલી માહિતી સ્વીકારી શકાય નહીં.


# પશ્ચિમ બંગાળમાં મતદાન દરમિયાન બઘડાટી

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા 24

પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન ઘણી વિધાનસભા બેઠકો પર BJP-TMC કાર્યકરો વચ્ચે હિંસા અને મારામારી થઈ. મુર્શિદાબાદ જિલ્લામાં આમ જનતા ઉન્નયન પાર્ટી (AJUP) ના ચીફ હુમાયૂ કબીર અને TMC કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઈ. જ્યારે કુમારગંજ બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુવેન્દુ સરકાર સાથે મારામારી થઈ. આસનસોલ બેઠક પરથી ભાજપના ઉમેદવાર અગ્નિમિત્રા પોલની કાર પર પણ હુમલો થયો. પશ્ચિમ બંગાળના દક્ષિણ મિદનાપુરમાં કુમારગંજ બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુવેન્દુ સરકાર પર હુમલો થયો છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે સુવેન્દુ હુમલાથી બચવા માટે ભાગી રહ્યા છે. તેમનો સિક્યોરિટી ગાર્ડ તેમની સાથે છે.

# રાજકોટની જનતા AAPને વોટ આપીને કહેવા માંગે છે કે પ્રજા ભાજપની ગુલામ નથી: બીજેપી ગુંડાગીરી કરવાના અંતિમ ચરણ પર છે: મનીષ સિસોદિયા

અમદાવાદ/રાજકોટ/ગુજરાત । આમ આદમી પાર્ટી પંજાબના પ્રભારી મનીષ સિસોદિયાએ રાજકોટમાં પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાતમાં હાલ ગુજરાતમાં નગર નિગમ તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાઈ રહી છે અને આ ચૂંટણી ગુજરાત માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ગુજરાતની જનતા આ વખતે માત્ર કોઈ એક પાર્ટીને જીતાડવા કે હરાવવા માટે નહીં, પરંતુ એ બતાવવા માટે મતદાન કરવા તૈયાર છે કે ગુજરાત ભારતીય જનતા પાર્ટીનું ગુલામ નથી. છેલ્લા 30 વર્ષથી ભારતીય જનતા પાર્ટી ગુજરાતમાં સરકાર ચલાવી રહી છે, પરંતુ હવે લોકો તાનાશાહી, અહંકાર અને ભ્રષ્ટાચારથી કંટાળી ગયા છે. તેમણે આક્ષેપ કર્યો કે ભાજપ સરકાર લોકો માટે કામ કરતી નથી, પરંતુ તેના નેતાઓ અહંકાર, તાનાશાહી અને ભ્રષ્ટાચાર જ બતાવે છે. મનીષ સિસોદિયાએ જણાવ્યું કે છેલ્લા 30 વર્ષથી ગુજરાતમાં મજબૂત વિકલ્પનો અભાવ હતો. કોંગ્રેસ માત્ર ચૂંટણી લડવા માટે લડતી હતી, પરંતુ દરેક ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારો ભાજપના હેડક્વાર્ટરમાં નક્કી થતા રહ્યા. ભાજપના નેતાઓ જ લોકોને કહેતા કે જો ભાજપથી નારાજ હો તો કોંગ્રેસને મત આપો, કારણ કે ત્યાં પણ અમારા જ લોકો છે. તેમણે મીડિયા મિત્રોને અભિનંદન આપતાં કહ્યું કે મીડિયા દ્વારા છેલ્લા 30 વર્ષના આ તાનાશાહી શાસનને ખુલ્લું પાડવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે હવે આમ આદમી પાર્ટી મજબૂત વિકલ્પ તરીકે સામે આવી છે. અગાઉની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને 18 ટકા મત મળ્યા હતા અને ત્યારબાદની ચૂંટણીમાં 23 ટકા મત મળ્યા હતા. આ વખતે ખાસ કરીને રાજકોટમાં આમ આદમી પાર્ટીને પૂર્ણ બહુમત મળશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો. છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતમાં લોકો વચ્ચે ફરતા તેઓએ અનુભવ્યું કે લોકો ભાજપથી કંટાળી ગયા છે. ગુજરાત ભાજપનું ગુલામ નથી. આ શબ્દો તેઓએ સીધા લોકો પાસેથી સાંભળ્યા છે.



આમ આદમી પાર્ટી પંજાબના પ્રભારી મનીષ સિસોદિયાએ રાજકોટના તાજેતરના દુર્ઘટના કાંડનો ઉલ્લેખ કરતાં કહ્યું કે રાજકોટમાં 27 લોકોએ જીવ ગુમાવ્યો, જેમાં 9 બાળકો પણ સામેલ હતા. તેમણે આરોપ લગાવ્યો કે આ સમગ્ર કાંડમાં ભાજપના નેતાઓ સંડોવાયેલા હતા, છતાં કોઈ મોટી કાર્યવાહી થઈ નથી. કારણ કે ભાજપને લાગે છે કે રાજકોટ અને ગુજરાતની જનતા એમની ગુલામ છે. એક અધિકારીને ફસાવવામાં આવ્યો, પરંતુ મૂળ દોષિતો સામે કાર્યવાહી થઈ નહીં. આ વખતે રાજકોટની જનતા મત આપીને બતાવશે કે તેઓ ભાજપના ગુલામ નથી. તેમણે વધુમાં કહ્યું કે રાજકોટમાં ભાજપના કાઉન્સિલરો લોકો પાસે ખુલ્લેઆમ પૈસા માંગે છે. કોઈ પોતાનું મકાન કે દુકાન બનાવવા માગે તો પહેલા ભાજપના લોકોને પૈસા ચઢાવવા પડે છે, પછી જ કામ થાય છે. આ ભ્રષ્ટાચાર સામે લોકો હવે મતથી જવાબ આપશે. શિક્ષણ મુદ્દે મનીષ સિસોદિયાએ જણાવ્યું કે રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં સરકારી શાળાઓની હાલત અત્યંત ખરાબ છે. આમ આદમી પાર્ટીએ અવાજ ઉઠાવ્યો પછી થોડું બિલ્ડિંગ સુધારાયું હશે, પરંતુ શિક્ષણનું સ્તર આજે પણ ખરાબ છે. તેમણે ભાજપને પડકાર આપ્યો કે રાજકોટ કે આસપાસની કોઈ સરકારી શાળામાંથી એક પણ બાળક NEET પાસ કરીને ગયો હોય કે JEE પાસ કરીને ગયો હોય તો બતાવો. સરકારની શિક્ષણ નીતિ લોકોને મજૂર બનાવવા માટે છે, આગળ વધારવા માટે નહીં. તેમણે કહ્યું કે ભાજપની માનસિકતા એવી છે કે જો બાળકોને સારું ભણાવવું હોય તો પ્રાઈવેટ સ્કૂલોમાં મહિને 10 હજારથી 20 હજાર રૂપિયાની ફી આપો. મનીષ સિસોદિયાએ સરકારી હોસ્પિટલો અને સમગ્ર સિસ્ટમને પણ બરબાદ કરવાના આક્ષેપ કર્યા. તેમણે જણાવ્યું કે ભાજપે છેલ્લા 30 વર્ષથી શાળાઓ, હોસ્પિટલો અને સમગ્ર તંત્રને નબળું બનાવી દીધું છે.

### ઝાડુનું બટન દબાવો, સુરતને નવું નેતૃત્વ આપો : ગોપાલ ઇટાલિયા

# સુરતના પુણાગામની વિજય વિશ્વાસ સભામાં ઉમટ્યું માનવમહેરામણ, સુરતમાં પરિવર્તન નિશ્ચિત : ઇટાલિયા

અમદાવાદ/સુરત/ગુજરાત | આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની ઉપસ્થિતિમાં સુરતના પુણાગામ ખાતે ભવ્ય વિજય વિશ્વાસ સભા યોજાઈ હતી. આ સભામાં માનવમહેરામણ ઉમટી પડ્યું હતું અને મોટી સંખ્યામાં લોકોએ આમ આદમી પાર્ટીને જીતાડવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સભાને સંબોધતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, ગોપાલ ઈટાલિયા ભલે ભણેલો, બુદ્ધિશાળી, સમજદાર અને ઈમાનદાર હોય, પરંતુ હું ધારાસભ્ય ન હોઉં તો મારી બુદ્ધિ, બળ, આવડત, અભ્યાસ અને અનુભવથી ગમે એટલી કોશિશ કરું છતાં સરકારમાં મારો અવાજ ન પડે. પરંતુ તમે એક ઝાડુનું બટન દબાવો અને ગોપાલ ઈટાલિયા ધારાસભ્ય બને, તો મુખ્યમંત્રીને પણ વોર્ડની ચૂંટણીમાં રોડ શો કરવા આવવું પડે એવી શક્તિ આવી જાય. તેમણે કહ્યું કે, તમે એક વાત વિચારો કે આપણા બાળકોનું ભવિષ્ય શું છે? અમારા જેવા નાના માણસને હરાવી દીધો એમાં બહુ મોટો તીર માર્યો ન ગણાય. પરંતુ પાટીલ સાહેબ, તીર ત્યારે માર્યો ગણાય જ્યારે વિશ્વકક્ષાનું સ્ટેડિયમ વરાછા કે કામરેજમાં ખોલીને બતાવો. આખા કતારગામ, વરાછા, પૂણા, સરથાણા અને આજુબાજુની ફાઈલવાળી સોસાયટીઓને એક મહિનામાં દસ્તાવેજ બનાવીને ખેડૂતો અને મકાનમાલિકોના ઘરે કુરિયર કરો તો તમે તીર માર્યો કહેવાય. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું કે આમ આદમી પાર્ટી સામાન્ય લોકોની પાર્ટી છે. અમારી પાસે પૈસા નથી, સરકારી તંત્ર નથી, ઉદ્યોગપતિઓ નથી. અમે સંઘર્ષ કરીને ધીમે ધીમે અહીં પહોંચ્યા છીએ. અમને હરાવી દીધા એમાં કોઈ મહાનતા નથી. તેમણે કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાના નિવેદન પર પ્રહાર કરતાં જણાવ્યું કે, મનસુખભાઈએ પોતાના ભાષણમાં કહ્યું કે 'પાટીદાર સમાજ અને ભાજપ વચ્ચે નાળી-નાભી જેવો સંબંધ છે. હવે કોઈપણ સંબંધ બે બાજુનો હોય. અમે તો 30 વર્ષથી તમે જેટલા મત માગ્યા એટલા આપ્યા. હવે તમે કહો કે બદલામાં શું આપ્યું? શું તમે અમારા છોકરાઓ માટે લાઈબ્રેરી બનાવી? રમતગમતનું ગ્રાઉન્ડ બનાવ્યું? કોલેજ બનાવી? તેમણે જણાવ્યું કે આમ આદમી પાર્ટીને સ્પષ્ટ ખબર છે કે જીત્યા પછી શું કરવાનું છે. અહીં શાળાઓ બનાવવાની છે, રોડ-રસ્તા અને ગટર વ્યવસ્થા સુધારવાની છે, જૂની સોસાયટીઓમાં રોડ બનાવવાના છે, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવાના છે, પ્રોફેશનલ ટેક્સ નાબૂદ કરવાનો છે અને બસ સેવા મફત કરવાની છે. અમને ખબર છે કે અમે શું કરવાના છીએ. ગોપાલ ઈટાલિયાએ ભાજપ પર આક્ષેપ કરતાં કહ્યું કે ભાજપના એકપણ નેતાને ખબર નથી કે જીત્યા પછી શું કરવાનું છે. ભાજપ કાર્યાલયે જઈને પૂછજો કે શું કરવાના છો? કોઈ પાસે જવાબ નહીં હોય. આખી પાર્ટીમાં કોઈને ખબર નથી કે શું કરવાનું છે. તેમણે કહ્યું કે, આજે ગેરકાયદેસર કામો થયા, મનફાવે તેવા મકાનો બન્યા, મનફાવે તેવા રોડ બન્યા, મનફાવે ત્યાં દુકાનો પાડી દીધી. પરંતુ હવે આગળ વધવાનો સમય છે. હવે એવો નેતા જોઈએ જેને માત્ર આગામી ચૂંટણીનું નહીં, પણ આવતી પેઢી સુધીનું વિઝન હોય. ઝાડુના નિશાન પર મત આપશો તો સુરતમાં જે જીતશે એનો નેતા અને સેનાપતિ ગોપાલ ઈટાલિયા અહીં ઊભો છે.



ભાજપવાળાને પૂછો કે તેઓ જીતે તો એમનો નેતા કોણ? તમે નક્કી કરો કે સુરતને કયા નેતૃત્વમાં આગળ વધારવું છે. આવનારી ચૂંટણીમાં ઝાડુના નિશાન પર બટન દબાવી આમ આદમી પાર્ટીને વિજયી બનાવે. તેમણે કહ્યું કે, ઘણા અત્યાચાર સહન કર્યા છે, પણ અમે ડરવાના નથી. આજે મુખ્યમંત્રીનો કાર્યક્રમ પણ સુરતમાં સંપૂર્ણ ફ્લોપ ગયો. રોડ શોમાં કોઈ નહીં, સભામાં કોઈ નહીં. એટલે સુરતમાં પરિવર્તન નિશ્ચિત છે.

## હારના ડરથી બૌખલાયેલું ભાજપ ધાર્મિક સંસ્થાઓના સહારા લેશે: યોગેશ જાદવાણી આમ આદમી

અમદાવાદ/સુરત/ગુજરાત । આમ આદમી પાર્ટીના પ્રવક્તા યોગેશ જાદવાણીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, 2021માં આમ આદમી પાર્ટી સુરતમાંથી 27 કોર્પોરેટરો સાથે જીતી હતી. જેમ જ આમ આદમી પાર્ટીની જીતના સમાચાર પ્રસારિત થયા અને જીત બાદ આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોએ જે રીતે કામ કરવાનું શરૂ કર્યું, ત્યારથી સી.આર. પટેલ અને ભાજપના લોકોની આંખમાં આમ આદમી પાર્ટી ખૂંચવા લાગી. સી.આર. પટેલ જે નિવેદનો ઉછાળતા હતા, ત્યારથી આપણને ખબર પડી કે આમ આદમી પાર્ટીથી તેમને કેટલો ડર અને ભય લાગ્યો છે. જે રીતે આમ આદમી પાર્ટીના 27 કોર્પોરેટરોએ કામની શરૂઆત કરી અને લોકોની આશા-ઉમીદ આમ આદમી પાર્ટી તરફ વધી, ત્યારબાદ આમ આદમી પાર્ટીએ 2022ની વિધાનસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી. જેવી જ આમ આદમી પાર્ટીએ વિધાનસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી, એટલે ભાજપના લોકોએ એક સાઈકોલોજિકલ ગેમ રમી અને આમ આદમી પાર્ટીને નબળી પાડવા માટે, તેના નેતાઓને માનસિક રીતે તોડવા માટે, એક પછી એક કોર્પોરેટરોને શામ, દામ, દંડ, ભેદ, લોભ-લાલચ અને પૈસા આપી ખરીદી કરવાનો પ્રયાસ કર્યો અને એવો માહોલ ઉભો કર્યો કે આમ આદમી પાર્ટી તૂટી રહી છે. ત્યારબાદ 2022ની ચૂંટણી આમ આદમી પાર્ટીએ બહુ મજબૂતીથી લડી, ગુજરાતમાં અંદાજે 45 લાખ જેટલા મત મેળવ્યા અને ગુજરાતમાંથી આમ આદમી પાર્ટીને રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મળ્યો. તેમજ 5 જેટલા ધારાસભ્યો 2022ની વિધાનસભાની ચૂંટણીમાં જીતીને આવ્યા. જ્યારે ધારાસભ્યો ચૂંટાઈને આવ્યા, ત્યારે ભાજપે ફરી એ જ ધંધો શરૂ કર્યો. આમ આદમી પાર્ટીનો વ્યાપ વધે નહીં એ માટે તેના ધારાસભ્યોને શામ, દામ, દંડ, ભેદ અને લોભ-લાલચ આપવાનો પ્રયાસ કર્યો. જેમાં અમુક લોકો આવ્યા પણ, અને અમુક ધારાસભ્યો લોભ-લાલચમાં ન આવ્યા. તો ચૈતર વસાવા જેવા લડાયક વ્યક્તિઓ ઉપર ખોટા ગુનાઓ અને બનાવટી ફરિયાદો કરાવીને તેમને જેલમાં નાખવાનું કામ કર્યું, જેથી કરીને તેઓ ભાજપમાં જોડાઈ જાય. પરંતુ તેમાં પણ ભાજપને સફળતા મળી નહીં. આપ પ્રવક્તા યોગેશ જાદવાણીએ વધુમાં જણાવ્યું હતુ કે 2026માં, આજથી એક વર્ષ પહેલાં, આમ આદમી પાર્ટીએ ગંભીરતાથી ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવાનું નક્કી કર્યું. જેમ જેમ ચૂંટણી નજીક આવતી ગઈ, તેમ તેમ ભાજપના ઈશારે પોલીસ દ્વારા આમ આદમી પાર્ટીના તાલુકા, જિલ્લા અને પ્રદેશના નેતાઓને હેરાન કરવા.

## ગુજરાતમાં પરિવર્તન નિશ્ચિત, રાજકોટ રોડ શોમાં મનિષ સિસોદિયાનો વિશ્વાસ

અમદાવાદ/રાજકોટ/ગુજરાત | આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતભરમાં જનસમર્થન વધારવા માટે વિજય વિશ્વાસ સભાઓ અને રોડ શોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત આમ આદમી પાર્ટીના પંજાબના પ્રભારી અને દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનિષ સિસોદિયા હાલ ગુજરાતના પ્રવાસે છે અને સતત લોકો વચ્ચે જઈને સભાઓ તથા રોડ શો દ્વારા ઉમેદવારોનો ઉત્સાહ વધારી રહ્યા છે. આજે રાજકોટ ખાતે તેમણે પત્રકાર પરિષદને સંબોધી હતી, ત્યારબાદ સોરઠીયાવાડી સર્કલથી ભવ્ય રોડ શો યોજાયો હતો. આ રોડ શોમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકો જોડાયા હતા અને આમ આદમી પાર્ટીને જીતાડવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ભયંકર ગરમી વચ્ચે પણ જ્યાં નજર જાય ત્યાં સુધી લોકોનો ઉમટેલો જનસાગર અને કાર્યકર્તાઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે મનિષ સિસોદિયાએ જણાવ્યું હતું કે ગુજરાતના લોકોનો આમ આદમી પાર્ટી પ્રત્યેનો પ્રેમ જોઈને તેઓ ખૂબ જ ઉત્સાહિત થયા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ વખતે પરિવર્તન નિશ્ચિત છે. તેમણે વધુમાં કહ્યું હતું કે હવે ચૂંટણીને માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને ગુજરાતમાં આમ આદમી પાર્ટી પ્રત્યે સતત વધી રહેલો જનસમર્થન ચોક્કસપણે પરિવર્તન લાવશે.

રાજકોટના આ ભવ્ય રોડ શોએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ગુજરાતની જનતા હવે પરિવર્તન માટે તૈયાર છે અને આવનારી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મજબૂત સમર્થન મળશે.

## ઉના નગરપાલિકાના AAP ઉમેદવાર અજયભાઈ પર કર્યું ફાયરિંગ: પ્રવિણ રામ

અમદાવાદ/સોમનાથ/ગુજરાત | ઉનામાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર પર ભાજપ દ્વારા ગોળી મારવામાં આવતા ચકચાર મચી છે. ઘાયલ AAP ઉમેદવાર સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટી પ્રદેશ ફ્રન્ટલ સંગઠન પ્રમુખ પ્રવીણ રામ હોસ્પિટલ જઈ ઉમેદવારની મુલાકાત લીધી હતી. આ તકે મીડિયા સાથે વાત કરતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે,ઉના નગરપાલિકાને બિનહરીફ કરાવવા માટે ભાજપના નેતાઓ એવી ગુંડાગીરી ઉપર ઉતરી આવ્યા છે કે આજે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભાઈ અજયભાઈ ઉપર ફાયરિંગ થયું છે. ગુજરાતની અંદર બિહાર અને યુપી જેવી સ્થિતિનું નિર્માણ આ ભાજપની સરકારે અહીં કર્યું છે. ઉના નગરપાલિકા બિનહરીફ કરાવવા માટે કોંગ્રેસના ઉમેદવાર પોતાના ફોર્મ પાછા ખેંચી ચૂક્યા છે. આમ આદમી પાર્ટીના ઉમેદવારોના ફોર્મ ખેંચાવવા માટે તેમના ટેકેદારો પાસે શપથનામા કરાવ્યા છે. છતાં પણ આમ આદમી પાર્ટીના અજયભાઈ જેવા મજબૂત લોકોએ પોતાના ફોર્મ પરત ન ખેંચ્યા. એ વાતનું પેટમાં દુખતું હોવાથી અને આજથી છ મહિના પહેલાં પણ અહીંના ભાજપના નેતાઓના અમુક ભ્રષ્ટાચાર ખુલ્લા કરવાની વાતોને લઈને અમને શંકા છે કે આજે જે ફાયરિંગ થયું છે એ ભાજપના નેતાઓ દ્વારા કરાવવામાં આવ્યું છે. અજયભાઈ ઉપર જે ફાયરિંગ થયું છે, સદનસીબે તેઓ બચી ગયા છે. પરંતુ આ ઘટના બહુ મોટી ઘટના છે. સરકાર એટલા માટે બેઠી હોય કે ગુંડાઓને દબાવી શકે અને કાયદો-વ્યવસ્થા જાળવી શકે. પરંતુ સરકારના ભાજપના નેતાઓ જ જ્યારે પોતે ગુંડા બની જાય ત્યારે ગુજરાતની જનતાને મારી અપીલ છે કે આવનારી નગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તેનો ચોક્કસ બદલો લેવો જોઈએ અને ભાજપના નેતાઓને જવાબ આપવો જોઈએ.

આપ નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતુ કે આ ઘટના ખૂબ જ નિંદનીય ઘટના છે. અત્યારે અહીંથી અમે કહીએ છીએ કે અજયભાઈ ચૂંટણી લડશે, પૂરી તાકાતથી લડશે. આમ આદમી પાર્ટી ઉનામાં પૂરી તાકાતથી ચૂંટણી લડશે. જેને રોકવું હોય એ રોકી લે, કોઈપણ જાતની ચૂંટણીમાં પીછે હટ નહીં થાય. જેને રોકવાનો પ્રયત્ન કર્યો છે એને સીધો જવાબ મળશે. અમે ક્યાંય ડરવાના નથી, હિંમત હારવાના નથી.

## અમદાવાદના બાપુનગરમાં SOGના દરોડા, 4 લાખના ગાંજા સાથે બે રીઢા ગુનેગારો ઝડપાયા

અમદાવાદ | અમદાવાદમાં નશાના કારોબાર સામે લાલઆંખ કરતા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ બાપુનગર વિસ્તારમાં સપાટો બોલાવ્યો છે. SOGની ટીમે બાપુનગરના બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને 8 કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે બે શખસોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, SOGની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે બાપુનગરમાં આવેલી મણીલાલ મથુરદાસની ચાલીમાં રેહાન મસ્જિદ સામેના એક તૂટેલા મકાન તેમજ સત્યમ ફ્લેટના ગ્રાઉન્ડ ફ્લોર પર દરોડો પાડવામાં આવ્યો હતો. 8 કિલો 142 ગ્રામ ગાંજા સહિત અન્ય ચીજવસ્તુઓ મળી કુલ 4,12,950 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસે આ ગુનામાં 30 વર્ષીય મોહમ્મદ તાહીર અબ્દુલ કરીમ ભુરજી અને 31 વર્ષીય કરણ કોકુલવારની ધરપકડ કરી છે. ઝડપાયેલા બંને શખસો અગાઉ પણ પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે.

# ગુજરાતમાં ચૂંટણી લોહિયાળ બની, AAP ઉમેદવાર પર ફાયરિંગ મુદ્દે AAP નેતા ઈસુદાન ગઢવીનું નિવેદન

અમદાવાદ/ગુજરાત ઉનામાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર પર ભાજપ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાના મુદ્દે ઈસુદાન ગઢવીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતમાં હાલમાં ચૂંટણીને લોહીયાળ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સામાન્ય રીતે ચૂંટણી આવે ત્યારે પોલીસ કહેતી હોય છે કે તમામ હથિયારો જપ્ત કરી લેવાયા છે, તો પછી આમ આદમી પાર્ટીના ઉનાના એક કોળી સમાજના આશાસ્પદ યુવાન ઉમેદવાર પર ગોળીબાર કેવી રીતે થાય છે? ચૂંટણી લડી રહેલા ઉમેદવાર સુધી હથિયારો ક્યાંથી આવ્યા? હથિયાર કોણે આપ્યા? ધમકીઓ કોણે આપી? હુમલો કોણે કરાવ્યો? શું ગુંડાઓ, લુખ્ખાઓ અને ભ્રષ્ટાચારીઓના કારણે ગુજરાત બદનામ થશે? ગુજરાત હંમેશાં શાંતિપ્રિય રાજ્ય રહ્યું છે. ગુજરાતમાં ક્યારેય અશાંતિનું અથવા બિહાર-યુપી જેવી ગન કલ્ચરનું વાતાવરણ રહ્યું નથી. જો ગુજરાતમાં ગન કલ્ચર શરૂ થશે તો લોકો મત પણ નહીં આપે. આજે અમારા અજયભાઈ બાંભણીયા જેવા કોળી સમાજના આશાસ્પદ યુવાન પર પહેલાં ધમકીઓ આપવામાં આવી હતી. મેં સાંભળ્યું છે કે ફોર્મ પાછું ખેંચાવવા માટે દબાણ કરવામાં આવતું હતું, ચૂંટણીમાંથી હટાવી દેવાની ધમકીઓ આપવામાં આવતી હતી અને ભાજપના નેતાઓ દ્વારા આ પ્રકારના દબાણ કરવામાં આવી રહ્યા હતા. ત્યારબાદ એમના પર ફાયરિંગ કરવામાં આવ્યું. દુઃખની વાત તો એ છે કે ફાયરિંગ થયા પછી હોસ્પિટલમાંથી તેઓ ફરિયાદ લખાવવા જાય છે, છતાં તેમની ફરિયાદ લેવામાં આવતી નથી. હું સાંભળું છું કે આ શું થઈ ગયું છે? આ તો ગજબ છે. આપણે ગુજરાતને રાષ્ટ્રીય સ્તરે બદનામ કરી રહ્યા છીએ. જો જાપાન કે અમેરિકાના નાગરિકોને ખબર પડે કે અહીં ગોળીબાર થાય છે અને ફરિયાદ પણ લેવામાં આવતી નથી, તો ગુજરાતની છાપ કેવી જશે?

આપ નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે ઉનામાં કોંગ્રેસના ઘણા ઉમેદવારોએ દબાણ, ધમકી કે પ્રલોભનના કારણે ફોર્મ પાછાં ખેંચી લીધાં. પરંતુ આમ આદમી પાર્ટીના નેતાઓ, અજય બાંભણીયા અને તેમની આખી ટીમ મજબૂતીથી ઊભી રહી છે. ઉનાના લોકો માટે લડવા માટે અને ઉનામાં નગરપાલિકામાં આમ આદમી પાર્ટી બનાવવા માટે તેઓ સંઘર્ષ કરી રહ્યા છે. એટલા માટે જ એમના પર હુમલો કરવામાં આવ્યો હોવાની શંકા છે. હું ઉનાની જનતાને વિનંતી કરું છું કે તમારા માટે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ગોળીઓ ખાઈ રહ્યા છે, જવાબદારી લઈ રહ્યા છે, પ્રલોભનમાં નથી આવતા, ફોર્મ પાછાં નથી ખેંચતા અને ચૂંટણી લડી રહ્યા છે. હવે તમારે જોવાનું છે. હવે ચૂંટણીમાં ઝાડુનું બટન દબાવીને ગુંડાઓ, લુખ્ખાઓ અને લફંગાઓને જવાબ આપવાનો છે, જે લોકો ગુજરાતની જનતાને પરેશાન કરે છે. આજે પોલીસને પણ મારી વિનંતી છે કે તમે લોકો ન્યુટ્રલી કામ કરો. FIR કેમ લેવામાં નથી આવતી? માની લો કે કોઈને શંકા હોય તો ફરિયાદમાં નામ આપશે, પછી તપાસ તો તમારે કરવાની છે. પરંતુ ફરિયાદ જ નહીં લેવાય, એવી વાત મેં સાંભળી છે. આ તો હદ થઈ ગઈ. હું સમગ્ર ગુજરાતની જનતાને વિનંતી કરું છું.

# News Brief

## ગુજરાતમાં પરમિટવાળા વિદેશી દારૂના નવા ભાવ જાહેર:એક બોટલ ના તો 50 હજાર સુધી



અમદાવાદ : ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂના વેચાણ અને આયાત પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે પોલીસ વિભાગે 2026-27 માટેનું નવું ભાવપત્રક જાહેર કર્યું છે. જેમાં નવા સુધારા મુજબ, 801 સ્પ્રિટ, 226 બીયર અને 636 વાઈન જેવી પ્રોડક્ટ્સના ભાવમાં ફેરબદલ કરીને નવા ભાવ જાહેર કરાયા છે.

જેની સીધી અસર રાજ્યના અધિકૃત લિકર શોપ અને પરમિટ કાર્ડ ધરાવતા ગ્રાહકો પર પડશે. એક બોટલ ના તો 50 હજાર સુધીનો ભાવ છે, તો ટોપ 10 મોંઘી બ્રાન્ડ 20 હજારથી આસપાસ છે.

રાજ્યના ગૃહ વિભાગ અને નશાબંધી આબકારી નિયામક કચેરીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ આ ભાવપત્રક તા. 1 એપ્રિલ 2026થી અમલમાં આવશે અને માર્ચ 2027 સુધી માન્ય રહેશે.

અગાઉના વર્ષના ભાવોની સરખામણીએ કેટલાક બ્રાન્ડમાં વધારો નોંધાયો છે, જ્યારે કેટલાકમાં સ્થિરતા જોવા મળી છે. સરકારના મતે, આ પગલું ગેરકાયદે વેચાણ પર નિયંત્રણ લાવવા અને લાઈસન્સ ધરાવતા વેપારીઓ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા પૂરી પાડવા માટે લેવામાં આવ્યું છે. રાજ્યમાં પરમિટ ધારકોને દારૂ પીવો મોંઘો પડશે.

દારૂના ભાવ નક્કી કરવા માટે ગત વર્ષે રાજ્ય સ્તરે વિશેષ સમિતિ રચવામાં આવી હતી. આ સમિતિએ બજારની સ્થિતિ, આયાત ખર્ચ, બ્રાન્ડ વેલ્યુ અને અન્ય આર્થિક પરિબળોને ધ્યાનમાં રાખીને નવા દર નક્કી કર્યા છે.

રાજ્યના તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધિકારીઓને આ નવી ભાવસૂચિ મુજબ જ વેચાણ અને ચકાસણી કરવાની સૂચના આપવામાં આવી છે. આ સાથે જ એરપોર્ટ, સ્ટેટ બોર્ડર અને લાઈસન્સ ધરાવતા આઉટલેટ્સ પર પણ નવી દર સૂચિ અમલમાં મુકવામાં આવશે.

સરકાર દ્વારા સંપૂર્ણ ભાવપત્રક PDF સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, જેથી વેપારીઓ અને ગ્રાહકો સરળતાથી માહિતી મેળવી શકે. રાજ્ય સરકારના આ પગલાથી વિદેશી દારૂના બજારમાં નિયમન મજબૂત બનશે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ઓસ્ટ્રેલિયાના નકલી વિઝા લેટર આપીને 28 લાખ અને પાસપોર્ટ પડાવ્યા

ગાંધીનગર | ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં વિઝા એજન્સીના નામે મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. વિદેશ જવા ઈચ્છતા લોકોને ઓસ્ટ્રેલિયાના નકલી વિઝા લેટર પધરાવીને રૂ. 28 લાખ અને અસલ પાસપોર્ટ પડાવી લેવામાં આવ્યા છે. આ મામલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના સરઢવ ખાતે રહેતા અને ડિલિવરી બોય તરીકે કામ કરતા વિશાલ મહેન્દ્રભાઇ સથવારાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વિશાલે પરિવાર સાથે ઓસ્ટ્રેલિયા જવા માટે કુડાસણ સ્થિત સિદ્ધરાજ ઝેડ સ્ક્વેરમાં આવેલી એસ.એમ. વિઝા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. ત્યાં તેની મુલાકાત એજન્ટ ધ્રુવ સંજયભાઇ પ્રજાપતિ (રહે. બી-25, અક્ષર બંગ્લોઝ, કાંસા રોડ, તા. વિસનગર, જી. મહેસાણા) સાથે થઈ હતી.

આ એજન્ટે ઓસ્ટ્રેલિયાના વિઝીટર વિઝા અપાવવાના બહાને વિશાલ પાસેથી તેમના પરિવારના કુલ છ અસલ પાસપોર્ટ મેળવી લીધા હતા. થોડા સમય બાદ વિશ્વાસ કેળવવા માટે એજન્ટે વોટ્સએપ પર વિઝા કોપી પણ મોકલી હતી. જેની ખરાઈ કરાવતા વિઝા ખોટા હોવાનું સામે આવ્યું હતું. અને એજન્ટે વિઝા નહીં અપાવી અસલ પાસપોર્ટ પણ પડાવી લીધા હતા.

ત્યારે પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ધ્રુવ પ્રજાપતિએ અન્ય યુવાનોને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા. જેમાં કેવીન ધર્મેન્દ્રભાઇ પટેલ પાસેથી ઓસ્ટ્રેલિયાના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે રૂ. 18,00,000 અને શુભમ પ્રવિણભાઇ પ્રજાપતિ પાસેથી રૂ. 10,00,000 મળી કુલ 28 લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ બંને યુવાનોને પણ કોઈ વિઝા અપાવવામાં આવ્યા નહોતા કે તેમના નાણાં પરત આપવામાં આવ્યા નહોતા. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## કલોલમાં પૈસાની લેતીદેતીમાં યુવક પર છરી વડે હુમલો:

ગાંધીનગર | કલોલમાં પૈસાની જૂની લેતીદેતી અને ઈનોવા ગાડી ખેંચવા બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. શહેરની ખોડિયાર મોટર્સ ગેરેજ પાસે ત્રણ શખ્સોએ એક યુવક પર છરી વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા કલોલ શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલની કેશવકૃપા સોસાયટીમાં રહેતા અને ગાડી લેવેચનો ધંધો કરતા અક્ષાંશ પરેશભાઈ દેસાઈએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેણે અગાઉ ભાવેશ ઓડ નામના વ્યક્તિ પાસેથી 50,000 રૂપિયા લીધા હતા. જે તેણે પરત કરી દીધા હતા. આ દરમિયાન તેની ઈનોવા ગાડી અકસ્માત બાદ રિપેરિંગ માટે ખોડિયાર મોટર્સમાં મૂકવામાં આવી હતી.

ત્યારે ગત તા.23 એપ્રિલના રોજ રાત્રિના સમયે ખોડિયાર મોટર્સના માલિક હિરેનભાઈ પંચાલે અક્ષાંશને ફોન કરીને જાણ કરી હતી કે, ભાવેશ ઓડ અને અન્ય બે વ્યક્તિઓ તેની ગાડી ખેંચવા માટે આવ્યા છે. આ સાંભળી અક્ષાંશ તાત્કાલિક ગેરેજ પર પહોંચ્યો હતો. જ્યાં ભાવેશ ઓડ, મોનુ ઓડ અને બાબુ ઓડ હાજર હતા. બાદમાં અક્ષાંશએ ગાડી ખેંચવાનું કારણ પુછી પૈસા ચૂકવી દીધા હોવાની વાત કરતા જ મામલો બિચક્યો હતો. જેના પગલે આરોપીઓએ ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી દીધી હતી. આ દરમિયાન બાબુ ઓડ નામના શખ્સે પોતાની પાસે રહેલી છરી કાઢી અક્ષાંશના માથાના ભાગે અને જમણા કાનની પાછળના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. આ હુમલાથી ગંભીર ઈજાગ્રસ્ત અક્ષાંશએ બૂમાબૂમ કરતા તેના મિત્રો હર્ષ બારોટ અને

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ફાયર બ્રિગેડની સજ્જતા ગૌમાતાનો જીવ બચ્યો, રણોલી જીઆઈડીસી ગટર દુર્ઘટનામાં તંત્ર દોડતું થયું

# ગાયનું દિલધડક રેસ્ક્યુ મધરાતે રણોલીમાં જીવના જોખમે બચાવ

(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરાના ઔદ્યોગિક વિસ્તાર રણોલી જીઆઈડીસીમાં ગુરુવારની મધરાતે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી, જેમાં ખુલ્લી ગટરમાં ખાબકેલી ગાયનો જીવ બચાવવા માટે વહીવટી તંત્રે યુદ્ધના ધોરણે કામગીરી કરવી પડી હતી. અંધારાના સમયે અઢી ફૂટ પહોળી અને આશરે પાંચ ફૂટ ઊંડી ગટરમાં ગાય ફસાઈ જતાં સ્થાનિકોમાં ચિંતાની લાગણી ફેલાઈ હતી. આ ગાય માત્ર શારીરિક રીતે જ નહીં, પણ ગટરમાં વહેતા જોખમી કેમિકલયુક્ત પાણીમાં ફસાયેલી હોવાથી તેની જીવનું જોખમ વધી ગયું હતું. આખરે ફાયર બ્રિગેડ, પોલીસ અને સ્થાનિકોના સંયુક્ત પ્રયાસોથી બે કલાકના ભારે જહેમત બાદ ગૌમાતાને સુરક્ષિત બહાર કાઢવામાં સફળતા મળી હતી.



રણોલી જીઆઈડીસીમાંથી પસાર થતી મુખ્ય ગટર લાઈન પાસે જ્યારે આ ઘટના બની ત્યારે ચારેબાજુ શાંતિ હતી. તે સમયે ત્યાંથી પસાર થતા એક જાગૃત ગ્રામજનની નજર ગટર પર પડી, જ્યાં માત્ર ગાયનું માથું બહાર દેખાઈ રહ્યું હતું. ગાય અંદર ફસાઈ હોવાની જાણ થતા જ ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. લોકોએ પોતાના સ્તરે ગાયને બહાર કાઢવાના અથાગ પ્રયત્નો કર્યા, પરંતુ ગટર સાંકડી અને ઊંડી હોવાથી સફળતા મળી ન હતી. ગાય કેમિકલવાળા પાણીમાં સતત તરફડિયાં મારી રહી હતી, જેના કારણે સ્થિતિ વધુ ગંભીર બની હતી. મોડું થતા ગાયનો જીવ જઈ શકે તેમ હોવાથી તાત્કાલિક ફાયર બ્રિગેડનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ દરજીપુરા સ્થિત ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટરની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. સબ ઓફિસર નરવતસિંહ પગીના નેતૃત્વમાં ટીમે પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું ત્યારે માલૂમ પડ્યું કે ગાય એવી જગ્યાએ ફસાઈ છે જ્યાં ગટર પર મજબૂત સ્લેબ આવેલો છે. સ્લેબ તોડ્યા વગર ગાયને બહાર કાઢવી અશક્ય હતી. આ માટે તાત્કાલિક પોલીસ વિભાગનો સહયોગ મેળવીને રાત્રિના સમયે જેસીબી મશીન મંગાવવામાં આવ્યું હતું. રાત્રે ૩ વાગ્યાની આસપાસ જેસીબી વડે ગટરનો ઉપરનો સ્લેબ તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન ગાયને કોઈ ઈજા ન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

સ્લેબ તૂટ્યા પછી ગાયને બહાર કાઢવાનો પડકાર હજુ પણ મોટો હતો. ગાય કેમિકલના પાણીમાં હોવાને કારણે લપસણી થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ગટરમાં ઉતરીને ગાયના શરીરની આસપાસ મજબૂત પટ્ટા બાંધ્યા હતા. ત્યારબાદ ક્રેન મશીનની મદદથી ગાયને ધીમે ધીમે ઉપર ખેંચવામાં આવી હતી. આ સમગ્ર ઓપરેશન દરમિયાન લોકો શ્વાસ અધ્ધર કરીને ઉભા હતા. અંતે બે કલાકની ભારે મથામણ બાદ વહેલી સવારે ગૌમાતાને સહીસલામત બહાર કાઢવામાં આવી હતી. બહાર નીકળ્યા બાદ ગાયની સ્થિતિ સ્થિર જણાતા હાજર સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો અને ફાયર બ્રિગેડની કામગીરીના વખાણ કર્યા હતા.

આ ઘટનાને પગલે રણોલી વિસ્તારમાં ખુલ્લી ગટરો અને જીઆઈડીસીના જોખમી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે અગાઉ પણ આવા અકસ્માતો સર્જાયા છે, તેમ છતાં તંત્ર દ્વારા ગટરો પર યોગ્ય ઢાંકણાં કે ફેન્સિંગની વ્યવસ્થા કરવામાં આવતી નથી. કેમિકલયુક્ત પાણીના નિકાલ માટેની ગટરો જો ખુલ્લી રહે તો તે પશુઓ જ નહીં પણ માનવીઓ માટે પણ જીવલેણ સાબિત થઈ શકે છે. ફાયર બ્રિગેડની સજ્જતાને કારણે આજે એક અબોલ જીવ બચી ગયો, પરંતુ ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કાયમી ઉકેલની માંગણી ઉઠી રહી છે.

## મહી નદી ગેરકાયદે ખનન વડોદરા: તંત્ર ઊંઘતું રહ્યું અને માફિયાઓ કોતરો કોતરી ગયા



વડોદરા | વડોદરા જિલ્લાની જીવાદોરી સમાન મહીસાગર નદીના કિનારે રેતી અને માટી ચોરીનું નેટવર્ક વકરી રહ્યું છે. મહી નદી ગેરકાયદે ખનન વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં પરાકાષ્ઠાએ પહોંચ્યું છે, તેમ છતાં સ્થાનિક ખાણ ખનિજ વિભાગ જાણે આખી ઘટનાથી અજાણ હોય તેવો ડોળ કરી રહ્યું છે. ખાસ કરીને સાવલીના રુપણકુઇ ગામ પાસેના કોતરોને ખનન માફિયાઓએ ચીરી નાખ્યા છે, જેના કારણે નદીના કાંઠાની ભૌગોલિક સ્થિતિ અને સુંદરતા જોખમાઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ગેરકાયદે ખનન અંગે સ્થાનિકોએ ભૂસ્તરશાસ્ત્રી ગામીતને વારંવાર રજૂઆતો કરી છે. જોકે, જવાબદાર અધિકારી તરફથી “જોઈ લઈશું, સ્ટાફ મોકલીને તપાસ કરાવીશું” જેવા બીબાઢાળ અને ઉડાઉ જવાબો મળી રહ્યા છે. ખાણ ખનિજ વિભાગ ઉદાસીનતા દાખવી રહ્યું છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે જ્યારે અધિકારીઓ તપાસ માટે જશે ત્યારે શું ત્યાં કંઈ બાકી બચ્યું હશે? છેલ્લા ૧૦ દિવસથી સતત ફરિયાદ કરવા છતાં તંત્ર હજુ સુધી સ્થળ પર પહોંચવાની તસ્દી સુદ્ધાં લીધી નથી.

## વડોદરા ક્રાઈમ ન્યૂઝ લાલબાગ બ્રિજ પાસે પાદરાના વેપારીની ફિલ્મી ઢબે લૂંટ

(એજન્સી) વડોદરા । તા. 24

સંસ્કારી નગરી વડોદરામાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના લાલબાગ બ્રિજ પાસે પાદરાના એક મોબાઈલ વેપારીને આંતરીને માર મારી, મોબાઈલ અને રોકડની લૂંટ ચલાવવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મળેલી વિગતો અનુસાર, લૂંટારુઓએ વેપારી પાસે વિચિત્ર માંગણી કરી હતી અને ત્યારબાદ હિંસક હુમલો કરીને લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા.

પાદરાની રામેશ્વર નગર સોસાયટીમાં રહેતા અને મોબાઈલ શોપ ચલાવતા કુણાલ સતીશભાઈ ગાંધી ગત ૨૨મી તારીખે અટલાદરા વિસ્તારમાં રિપેરિંગ માટે આપેલો મોબાઈલ લેવા ગયા હતા. રાત્રે ૯:૩૦ થી ૧૦:૦૦ વાગ્યાના સુમારે જ્યારે તેઓ પરત ફરી રહ્યા હતા, ત્યારે લાલબાગ બ્રિજના છેડે રોયલ મેળા નજીક એક મોપેડ પર સવાર ત્રણ અજાણ્યા યુવકોએ તેમને ઓવરટેક કરીને રોક્યા હતા.

લૂંટારુઓએ કુણાલના મોબાઈલમાંથી એક મહિલાનો નંબર મેળવ્યો હતો અને બળજબરીપૂર્વક ફોન કરાવીને એવું કહેવા જણાવ્યું હતું કે, “ભૂલથી તમારા ખાતામાં ૨ લાખ રૂપિયા આવી ગયા છે, તે પરત કરો.” જોકે, સામે પક્ષે મહિલાએ આવી કોઈ રકમ મળી ન હોવાનું જણાવતા લૂંટારુઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે કુણાલને ગડદાપાટુનો માર માર્યો હતો અને તેના ખિસ્સામાંથી ૨૦૦૦ રૂપિયા રોકડા તેમજ મોબાઈલ ફોન લૂંટી લીધો હતો. આ સમગ્ર મામલે કુણાલ ગાંધીએ અટલાદરા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી છે. પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી લાલબાગ બ્રિજ અને રોયલ મેળા વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસવાની તજવીજ હાથ ધરી છે. પાદરાના વેપારીની લૂંટની આ ઘટનાએ મોડી રાત્રે મુસાફરી કરતા વાહનચાલકોમાં ફાળ ફેલાવી દીધી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મોપેડ સવાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને તપાસ તેજ કરવામાં આવી છે. આ ઘટના વડોદરા ક્રાઈમ ન્યૂઝ લાલબાગ બ્રિજ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલ ઊભા કરી રહી છે.

## વડોદરા રેલવે વિભાગ આવક ૨૦૨૬ નાણાકીય વર્ષમાં ૬૯૭ કરોડની બમ્પર કમાણી

(એજન્સી) વડોદરા । તા. 24

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રભાવશાળી પ્રદર્શન કરતા કમાણીના નવા શિખરો સર કર્યા છે. રેલવે વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, વડોદરા વિભાગે આ વર્ષે કુલ ૬૯૭.૫૭ કરોડ રૂપિયાની યાત્રી આવક મેળવી છે. જે ગત વર્ષની ૬૩૮.૬૮ કરોડની આવકની સરખામણીએ ૮.૩૪ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ સફળતા વડોદરા વિભાગની કાર્યક્ષમતા અને મુસાફરોની વધતી સંખ્યાનું પરિણામ છે.




પશ્ચિમ રેલવે વાર્ષિક અહેવાલ મુજબ, માત્ર ટિકિટ ચેકિંગ અભિયાન દ્વારા જ રેલવેને ૧૮.૫૦ કરોડ રૂપિયાની આવક થઈ છે, જે ગત વર્ષ કરતા ૧૮.૪૨ ટકા વધુ છે. આ ઉપરાંત, નૉન-ફેર રેવેન્યૂ (જાહેરાતો વગેરે) માં ૭.૨૩ કરોડ અને વૈવિધ્ય (Sundry) આવકમાં ૧૩.૮૯ કરોડ રૂપિયાની કમાણી થઈ છે, જે અત્યાર સુધીની સૌથી વધુ નોંધાયેલી આવક છે. વડોદરા રેલવે વિભાગ આવક ૨૦૨૬ના આ આંકડા વિભાગની આર્થિક મજબૂતી દર્શાવે છે.

વડોદરા વિભાગે આ વર્ષે મુસાફરોની સંખ્યામાં પણ રેકોર્ડ બનાવ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૫.૦૩ કરોડ (૫૦.૨૮ મિલિયન) પ્રવાસીઓએ વડોદરા વિભાગની સેવાનો લાભ લીધો છે. ગત વર્ષના ૪.૩૯ કરોડ મુસાફરોની સરખામણીએ આ વખતે ૧૪.૩૨ ટકાનો વધારો નોંધાયો છે. મુસાફરોનો આ વિશ્વાસ રેલવેની સુધરતી સેવાઓ અને નેટવર્ક વિસ્તરણને આભારી છે.

## સુરત મતદાર યાદી છબરડો: હજારોના નામ ગાયબ અને એક જ વ્યક્તિના ૫ નામ!

(એજન્સી) સુરત । તા. 24

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓ પૂર્વે પ્રસિદ્ધ થયેલી મતદાર યાદીમાં એક મોટો છબરડો સામે આવ્યો છે. એક તરફ સઘન સુધારણા કાર્યક્રમ બાદ આશરે આઠ લાખ જેટલા મતદારોના નામ યાદીમાંથી કપાઈ ગયા હોવાની બૂમો ઉઠી રહી છે, ત્યારે બીજી તરફ વોર્ડ નંબર ૨૨ (ભટાર-વેસુ-ડુમસ) માં એક જ મતદારનું નામ પાંચ-પાંચ વખત યાદીમાં હોવાનું બહાર આવ્યું છે. સૌથી નવાઈની વાત એ છે કે આ પાંચેય એન્ટ્રીમાં ચૂંટણી ઓળખકાર્ડના નંબર અલગ-અલગ દર્શાવવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, સુમનધારા સોસાયટીમાં રહેતા અશોક મંગલરામ ચૌધરીએ પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવવા માટે ગત નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન ત્રણ વખત ઓનલાઈન ફોર્મ ભર્યા હતા. ત્યારબાદ જાન્યુઆરીમાં સઘન સુધારણા કાર્યક્રમ વખતે પણ તેમણે બે વાર પ્રયાસ કર્યો હતો. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ જ્યારે ફાઈનલ યાદી પ્રસિદ્ધ થઈ, ત્યારે વોર્ડ નં. ૨૨ની યાદીમાં અશોકભાઈનું નામ પાંચ અલગ-અલગ જગ્યાએ નોંધાયેલું જોવા મળ્યું હતું.

આ પાંચેય એન્ટ્રીમાં સરનામું અને ઉંમર એક સરખી છે, પરંતુ પિતાના નામના સ્થાને ચાર જગ્યાએ ‘મંગલરામ ચૌધરી’ અને એક જગ્યાએ માતાનું નામ ‘કન્યા ચૌધરી’ લખાયેલું છે. એક મતદારના ૫ અલગ ઓળખકાર્ડ ઈશ્યૂ થઈ જવાની આ ઘટનાએ ચૂંટણી વિભાગની ઓનલાઈન સિસ્ટમ અને ડુપ્લિકેશન ફિલ્ટર કરવાની પ્રક્રિયા સામે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સુરત મતદાર યાદી છબરડો ૨૦૨૬ હવે રાજકીય મુદ્દો પણ બન્યો છે, જેમાં કોંગ્રેસે આ મામલે તટસ્થ તપાસની માંગ કરી છે.

સુરત મહાનગરપાલિકા ચૂંટણી વિભાગ સમાચાર અનુસાર, આ છબરડા માટે કોણ જવાબદાર છે તેની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. શું આ ભૂલ બૂથ લેવલ ઓફિસર (BLO) ની છે, કે પછી સિસ્ટમમાં ડેટા એન્ટ્રી કરનાર ઓપરેટરની, તે તપાસનો વિષય છે. અધિકારીઓએ જણાવ્યું છે કે મતદારે પોતે પાંચ વાર ફોર્મ ભર્યા હોવા છતાં, સિસ્ટમે તે ડેટાને મર્જ કે રીજેક્ટ કેમ ન કર્યો તેની પણ ટેકનિકલ તપાસ કરવામાં આવશે.

## વડોદરા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અસર આજે અનેક ટ્રેનો રદ અને રૂટ ડાયવર્ટ



વડોદરા | પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગમાં આજે મુસાફરોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામકાજને વેગ આપવા માટે ગેરતપુર-અમદાવાદ વિભાગ પર પ્રીકાસ્ટ પોર્ટલ બીમના લોન્ચિંગ માટે ખાસ ટ્રાફિક બ્લોક લેવામાં આવ્યો છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ લેવાયેલા આ બ્લોકની વડોદરા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અસરના કારણે વડોદરાથી પસાર થતી વંદે ભારત, શતાબ્દી જેવી પ્રીમિયમ ટ્રેનો સહિત અનેક લોકલ ટ્રેનોના શિડ્યુલમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રેલવે વિભાગ દ્વારા જારી કરાયેલા અહેવાલ મુજબ, ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ (૨૦૯૦૨) આજે ગાંધીનગરને બદલે અમદાવાદથી ઉપડશે. તેવી જ રીતે, મુંબઈથી આવતી વંદે ભારત (૨૦૯૦૧) વટવા સ્ટેશને જ સમાપ્ત થઈ જશે, એટલે કે વટવા અને ગાંધીનગર વચ્ચેનો રૂટ આજે બંધ રહેશે. શતાબ્દી એક્સપ્રેસ (૧૨૦૦૯) પણ મુંબઈથી ૧ કલાક ૧૫ મિનિટ મોડી ઉપડશે, જેના કારણે મુસાફરોએ રાહ જોવી પડશે.

### 300થી વધુ કલાકૃતિઓનું પ્રદર્શન કલાપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

## એમએસ યુનિવર્સિટી ફાઈન આર્ટસ પ્રદર્શન કલાકૃતિઓ થકી વિદ્યાર્થીઓએ કરી મનની વાત





(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ફરી એકવાર કલાના રંગે રંગાઈ છે. યુનિવર્સિટીની ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં બે દિવસીય એન્યુઅલ ડિસ્પ્લેનો ભવ્ય પ્રારંભ થયો છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ શરૂ થયેલા આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પોતાની મહેનત અને કલ્પનાશક્તિથી તૈયાર કરેલી ૩૦૦થી વધુ કલાકૃતિઓ રજૂ કરી છે. આ પ્રદર્શન માત્ર ચિત્રો પૂરતું સીમિત નથી, પરંતુ તે વિદ્યાર્થીઓના મનના વિચારો અને સમાજ પ્રત્યેના તેમના દ્રષ્ટિકોણનું પ્રતિબિંબ છે.

આ પ્રદર્શનની વિશેષતા એ છે કે વિદ્યાર્થીઓએ કલાકૃતિઓ થકી પોતાના અંગત અનુભવો, બાળપણની યાદો અને વર્તમાન સામાજિક સમસ્યાઓને ખૂબ જ અસરકારક રીતે રજૂ કરી છે. એમએસ યુનિવર્સિટી ફાઈન આર્ટસ પ્રદર્શન ૨૦૨૬માં પેઈન્ટિંગ, સ્કલ્પચર અને ગ્રાફિક આર્ટ્સના વિવિધ નમૂનાઓ જોવા મળી રહ્યા છે. વડોદરા કલા પ્રદર્શન તસવીરોમાં જોઈ શકાય છે કે કઈ રીતે યુવા કલાકારોએ કલરો અને માટીના માધ્યમથી ગંભીર વિષયો પર પ્રકાશ પાડ્યો છે.

ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશના ખૂણેખૂણેથી આવે છે. આ પ્રદર્શનમાં વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, પરંપરાગત રીતિ-રિવાજો અને પ્રાદેશિક જીવનશૈલીની ઝલક પણ જોવા મળે છે. કલાપ્રેમીઓ માટે આ પ્રદર્શન સવારે ૯ થી સાંજના ૭ વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવ્યું છે. શિસ્તબદ્ધ રીતે ગોઠવાયેલી આ ૩૦૦થી વધુ કલાકૃતિઓનું પ્રદર્શન નિહાળવા માટે વડોદરાના કલાપ્રેમીઓની ભીડ ઉમટી રહી છે.

વડોદરા હંમેશાથી કલા અને સંસ્કૃતિનું કેન્દ્ર રહ્યું છે, ત્યારે એમએસ યુનિવર્સિટી દ્વારા આયોજિત આ વાર્ષિક પ્રદર્શન શહેરની ઓળખમાં વધુ એક પીંછું ઉમેરે છે. ફેકલ્ટીના સત્તાધીશોના જણાવ્યા મુજબ, આવા પ્રદર્શનોથી વિદ્યાર્થીઓને વ્યાવસાયિક પ્લેટફોર્મ મળે છે અને લોકોની પ્રતિક્રિયાથી તેમની કલા વધુ પરિપક્વ બને છે. આગામી બે દિવસ સુધી ચાલનારા આ મહોત્સવમાં કલાના વિવિધ પાસાઓ જાણવા અને સમજવા માટે આ એક ઉત્તમ તક છે.

### કપુરાઈ પોલીસ સ્ટેશન કામગીરી હેઠળ પ્રોહિબિશનનો ગુનો દાખલ

## પોલીસે એસ.ટી. બસમાં મુસાફર બની દારૂની હેરાફેરી કરતાં ૩ ઝડપાયા

(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરા શહેરમાં દારૂબંધીના કાયદાનો ભંગ કરનારા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના કપુરાઈ પોલીસ સ્ટેશનની ટીમે એક ચોક્કસ બાતમીના આધારે એસ.ટી. બસમાં મુસાફરના સ્વાંગમાં દારૂની હેરાફેરી કરતી આંતરરાજ્ય ટોળકીને ઝડપી પાડી છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મળેલી વિગતો મુજબ, પોલીસે બે પુરુષ અને એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરીને તેમની પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો જપ્ત કર્યો છે.




### બાતમીના આધારે કપુરાઈ ચોકડી પર વોચ

કપુરાઈ પોલીસ સ્ટેશન કામગીરી દરમિયાન ટીમને બાતમી મળી હતી કે, છોટાઉદેપુર-પાલનપુર એસ.ટી. બસમાં ત્રણ શખ્સો શંકાસ્પદ થેલાઓ સાથે મુસાફરી કરી રહ્યા છે અને તેઓ કપુરાઈ ચોકડી પાસે ઉતરવાના છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. એસ.ટી. બસમાંથી ઉતરીને ફૂટપાથ પર ઉભેલા ત્રણ શખ્સોને પોલીસે અટકાયતમાં લઈને તેમના થેલાઓની તલાશી લેતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

### થોકબંધ દારૂ અને બિયરનો જથ્થો મળ્યો

તલાશી દરમિયાન આરોપીઓ પાસેથી ઈંગ્લિશ દારૂની કુલ ૨૭૦ નંગ બોટલો અને બિયરના ટીન મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત ૪૪,૨૫૯ રૂપિયા આંકવામાં આવી છે. પકડાયેલા આરોપીઓની ઓળખ મધ્યપ્રદેશના રહેવાસી થાવલીબેન તોમર, વિપુલ તોમર અને અલકેશ ટોકરીયા તરીકે થઈ છે. એસ.ટી. બસમાં દારૂની હેરાફેરી કરવાનો આ નવો કીમિયો પોલીસની સતર્કતાને કારણે નિષ્ફળ ગયો છે.

### કાયદેસરની કાર્યવાહી અને તપાસ

વડોદરા પોલીસ દારૂની હેરાફેરી ધરપકડ બાદ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન ધારા હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ દારૂનો જથ્થો મધ્યપ્રદેશથી ક્યાં લઈ જવામાં આવતો હતો અને વડોદરામાં કોને સપ્લાય કરવાનો હતો, તે દિશામાં પોલીસે પૂછપરછ શરૂ કરી છે. પોલીસની આ સફળ કામગીરીથી જાહેર પરિવહનનો ઉપયોગ કરીને નશો ઘૂસાડતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### હત્યા કેસમાં એલસીબી પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલ્યો

## રીલ્સ બનાવવા બાબતે ઠપકો આપતા ભાગિયાએ કરી માલિકના પુત્રની હત્યા

(એજન્સી) અમરેલી । તા. 24

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના બરવાળા બાવીસી ગામે સોશિયલ મીડિયા પર રીલ્સ બનાવવાની ઘેલછામાં એક નિર્દોષ યુવકે જીવ ગુમાવવો પડ્યો છે. વાડીમાં ભાગિયા તરીકે કામ કરતા શ્રમિકે ઠપકો આપનાર વાડી માલિકના પુત્રની પથ્થર અને પાઈપના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી નાખી હતી. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ આ સમાચાર વાયુવેગે ફેલાતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ઘટનાની વિગતો મુજબ, બરવાળા બાવીસી ગામે છેલ્લા ત્રણ વર્ષથી મધ્યપ્રદેશનો રવિ જેમાભાઈ કરોલિયા ભાગિયા તરીકે ખેતીકામ કરતો હતો. ગત રાત્રે વાડી માલિકના પુત્ર કર્ણદેવભાઈ અશોકભાઈ વાળા વાડીએ ગયા ત્યારે તેમણે જોયું કે રવિ ઈન્સ્ટાગ્રામ કે અન્ય પ્લેટફોર્મ માટે રીલ્સ બનાવવાના ચક્કરમાં ટ્રેક્ટર બેફામ રીતે આડેધડ ચલાવી રહ્યો હતો. આથી કર્ણદેવભાઈએ તેને ટ્રેક્ટર સરખી રીતે ચલાવવા માટે ઠપકો આપ્યો હતો. આ ઠપકો રવિને મનમાં લાગી આવ્યો હતો અને તેણે કર્ણદેવભાઈને રસ્તામાં આંતરીને માથામાં પાઈપ મારી પછાડી દીધા હતા અને ત્યારબાદ માથા પર પથ્થરના ઘા ઝીંકીને હત્યા કરી નાખી હતી.

હત્યા કર્યા બાદ આરોપી રવિ મૃતકનું બાઈક લૂંટીને નાસી છૂટ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્ણદેવભાઈને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમણે ટૂંકી સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. અમરેલી હત્યા સમાચાર ૨૦૨૬ની ગંભીરતાને ધ્યાને લઈને એલસીબી (LCB) પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસે આરોપી રવિ કરોલિયાને કુંકાવાવ નજીકના કોલડા ગામના રસ્તેથી લૂંટેલા બાઈક સાથે દબોચી લીધો હતો.

બરવાળા બાવીસી ગામ હત્યા કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગેંગના છ સાગરીતો સામે કાયદાનો ગાળિયો કસાયો

## સુલતાન ખાલપા જામીન અરજી રદ: રીઢા ગુનેગારને જેલના સળિયા પાછળ જ રહેવું પડશે

(એજન્સી) વડોદરા/ગોધરા । તા. 24

વડોદરાની અદાલતે ગોધરાની કુખ્યાત ‘સિગ્નલ ફળીયા ગેંગ’ના સક્રિય સાગરીત સુલતાન ખાલપાની જામીન અરજી ફગાવી દીધી છે. ટ્રેનોમાં લૂંટ, રેલવે સંપત્તિની ચોરી અને પોલીસ પર હુમલા જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આ આરોપીને જેલમાંથી મુક્ત કરવો સામાજિક શાંતિ માટે જોખમી ગણીને ન્યાયાધીશે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મળેલી વિગતો અનુસાર, આરોપીનો ગુનાહિત ભૂતકાળ તેની જામીન અરજી નામંજૂર થવાનું મુખ્ય કારણ બન્યું છે.

કેસની વિગતો મુજબ, સિગ્નલ ફળીયા ગેંગ ટ્રેનોમાં ધાડ પાડવી, મુસાફરોના પર્સ ખેંચવા અને ગૌમાંસની હેરાફેરી કરવા માટે જાણીતી છે. સુલતાન નિશાર ખાલપા સામે અત્યાર સુધીમાં ૭ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જેમાંથી ૫ ગુનાઓ તેણે ટોળકીના અન્ય સભ્યો સાથે મળીને આચર્યા છે. સુનાવણી દરમિયાન તપાસ અધિકારીએ રજૂ કરેલા સોગંદનામામાં આરોપીના રેલવે પોલીસ ગુનાહિત ઈતિહાસનો સવિસ્તાર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

સ્પેશિયલ સરકારી વકીલ રઘુવીર પંડ્યાએ કોર્ટમાં જોરદાર દલીલ કરતા જણાવ્યું હતું કે, “આરોપી સુલતાન એક રીઢો ગુનેગાર છે. અગાઉ રેલવે ચોરીના કેસોમાં તેને સજા પણ થઈ ચૂકી હોવા છતાં તેની ગુનાહિત પ્રવૃત્તિઓ અટકી નથી.” વકીલે વધુમાં ઉમેર્યું કે જો આવા તત્વોને જામીન પર છોડવામાં આવે તો સમાજમાં ખોટો સંદેશ જશે અને તે ફરીથી સમાન ગુનાઓ આચરવાની પુરેપુરી શક્યતા છે.

ન્યાયાધીશે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ નોંધ્યું હતું કે, આરોપી વારંવાર ગુના કરવાની ટેવવાળો છે. ગુનાની ગંભીરતા અને સામાજિક સુરક્ષાને પ્રાથમિકતા આપતા અદાલતે સુલતાન ખાલપા જામીન અરજી રદ કરી છે. આ ચુકાદાથી સિગ્નલ ફળીયા ગેંગ ગોધરા સમાચારના સંદર્ભમાં પોલીસ તંત્રને મોટી સફળતા મળી છે અને ગુનેગારોમાં કાયદાનો ભય વ્યાપી ગયો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**વૃષભ : બ. વ. ઉ.**

દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**કર્ક : ડ. હ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો.

**સિંહ : મ. ટ.**

વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. જો તમે પ્રેમ જીવન ના તાર ને મજબૂત રાખવા માંગતા હો.

**તુલા : ર. ત.**

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**વૃશ્ચિક : ન. ય.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. પ્રેમ જીવન આશા લાવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**મકર : ખ. જ.**

છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો.

**મીન : દ. ચ. ઝ. થ.**

મિત્ર અથવા કોઈ ઓળખીતાનું સ્વાર્થી વર્તન તમારી માનસિક શાંતિને હણી નાખશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો.

**ફરિયાદ**

## જાહેરમાં જ્ઞાતિ વિષયક અપમાન કરી હડધૂત કરવા અંગે મુંબઇના મહાજન અગ્રણી સામે ફરિયાદ

(એજન્સી) જામનગર | તા.24

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવાગામના સરપંચને જાહેરમાં જ્ઞાતિ વિષયક અપમાન અને ધમકી આપવાનો બનાવ સામે આવ્યો છે. અને મુંબઈ રહેતા મૂળ નવાગામના એક મહાજન અગ્રણી સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તા.23/04/2026ના રોજ બપોરે આશરે 2:00 વાગ્યાના સમયે નવાગામ મેઈન બજારમાં એક વ્યક્તિ સાથે બોલાચાલી કરી તેને જાહેરમાં અપમાનિત કરવામાં આવ્યો હતો.ફરિયાદી લાલપુરના નવાગામના સરપંચ હરીશભાઈ ગોવિંદભાઈ સાગઠીયા (ઉ.વ.27, રહે. નવાગામ, તા. લાલપુર) પોતાની કાર લઈને બજારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આરોપી કિશોરભાઈ રાયસીભાઈ ગોસરાણી ત્યાં આવી બોલાચાલી શરૂ કરી હતી. અગાઉની દુશ્મનાવટને કારણે આરોપીએ ઉશ્કેરાઈ જઈ જાહેરમાં ફરિયાદીને ગાળો આપી અને જ્ઞાતિ વિષયક અપમાનજનક શબ્દો વાપરી હડધુત કર્યા હતા. તમે અગાઉ મારા વિરોધમાં અરજી કરી હતી, તેમાં 'તમે શું ઉખેડી લીધું, તેમ કહી ધમકી ઉચ્ચારી હતી, તેમજ આગળ પરિણામ ભોગવવાની ધમકી પણ આપી હતી.આ બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 352, 351(2) તેમજ એટ્રોસિટી એક્ટની કલમ 3(1)(આર), 3(1)(એસ), 3(2)(5એ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપી હાલ ફરાર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસમાં જાહેર થયા અનુસાર અગાઉ ફરિયાદીએ આરોપી વિરુદ્ધ સોશિયલ મીડિયામાં ખોટા ન્યુઝ અને આક્ષેપ સબંધમાં ઝઘડો થયો હતો, અને જે તે વખતે સરપંચ દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી, જેના મનદુઃખના કારણે ગઈકાલે ફરીથી ધમકી આપી હડધૂત કરાયાનું સામે આવ્યું છે.

**બે વખત આઠ-આઠ કમિટીઓની રચના કરી**

# વાર્ષિક નિરીક્ષણની રૂબરૂ સ્થળ તપાસની 100 ટકા કામગીરી પરીપૂર્ણ કરાઇ

(એજન્સી) ભાવનગર | તા.24

ભાવનગર જિલ્લામાં ખાનગી, સરકારી અને ગ્રાન્ટ ઈન એડ હાઈસ્કૂલો દ્વારા ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ અહેવાલ સબમીટ કરાયા બાદ વિવિધ ટીમો બનાવી રૂબરૂ સ્થળ તપાસની કામગીરી કરવાની હોય છે. જે વર્ષોથી કાયમ અધુરી જ રહેતી હતી. જે આ વર્ષે ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થવા પામી છે. જો કે, આ નિરીક્ષણ દરમિયાન ૪૦ જેટલી સ્કૂલોના રિમાર્કસ નબળા હોવાનું જણાયું છે. જેની સ્ક્રૂટીની બાદ તથ્ય સામે આવશે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને દર વર્ષે પોતાની શાળાની ભૌતિક, શૈક્ષણિક, વહિવટી સુવિધા અંગેનો વાર્ષિક અહેવાલ ઓનલાઈન પોર્ટલના માધઅયમથી મોકલવાનો હોય છે અને ત્યારબાદ આ વિગતોની ખરાઈ કરવા એજ્યુકેશન ઈન્સપેક્ટરોની ટીમ રૂબરૂ સ્થળ તપાસ કરી જરૂરી રિમાર્કસ આપતી હોય છે.



પરંતુ આ પ્રક્રિયા દર વર્ષે શરૂ તો થાય છે પરંતુ કોઈને કોઈ કારણોસર અધુરી રહેવા પામે છે. છેલ્લા પાંચ વર્ષથી આ રૂબરૂ સ્થળ તપાસની કામગીરી ૬૦ થી ૪૦ ટકા પુરી થઈ જ નથી અને બાકી રહેલી શાળાઓ બાકી જ રહી જાય છે. આ વર્ષે પ્રથમ ઓનલાઈન જે-તે શાળા મારફત વાર્ષઈક નિરીક્ષણ અહેવાલની વિગતો સબમીટ થયા બાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ઈ.આઈ., એઈઆઈ, આચાર્ય સહિતની ટીમો બનાવી રૂબરૂ સ્થળ તપાસના આદેશો કર્યા હતાં અને ગોકળ ગતિએ કામગીરી શરૂ પણ થઈ હતી. જ્યારે વડી કચેરીના કડક આદેશ છુટયા બાદ આ કામગીરીએ ગતિ પકડી હતી. જો કે, ગણતરીના દિવસોમાં ઈ. આઈ. સહિતનાની બદલીઓ થવા પામી હતી. જ્યારે કામગીરી પૂર્ણ કરવા તુર્ત જ નવી આઠ કમિટીનું ગઠન કરી ડીઈઓ દ્વારા કામગીરીની સોંપણી કરાતા અંતે ૨૩૩ ખાનગી, ૧૩૩ ગ્રાન્ટેડ અને ૧૭૬ સરકારી હાઈસ્કૂલોની મળી કુલ ૫૪૨ શાળાનું સ્થળ પર જઈ વાર્ષિક નિરીક્ષણ કાર્ય પ્રથમ વખત ૧૦૦ ટકા પૂર્ણ કરાયું હતું અને રિમાર્કસ સાથેના અહેવાલો સબમીટ કરાયા હોવાનું જણાયું છે.

વાર્ષિક નિરીક્ષણ અહેવાલના ડેટા અને રૂબરૂ સ્થળ પર નિરીક્ષણમાં ફેરફાર અથવા નિયમ વિરૂદ્ધની બાબતો પણ ઘણી શાળામાં મળી આવી હોવાનું જણાયું છે. જે અંગે હાલ સ્ક્રૂટીની કામગીરી શરૂ હોવાનું જણાયું છે. જે પૂર્ણ થયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે અને જરૂર જણાયે નોટિસ સહિતની કાર્યવાહી કરાશે. પરંતુ આ કાર્યવાહી નવા વર્ષ પહેલા થાય તે પણ જરૂરી છે જેથી સુધારાને અવકાશ રહે.

**ડોર-ટુ-ડોર પ્રચાર કરવા ઉમેદવારો**

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આજે સાંજે પ્રચાર પડઘમ શાંત

(એજન્સી) ભાવનગર | તા.24

ભાવનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની ઉલટ ગણતરી શરૂ થઈ ગઈ છે. આવતીકાલે શુક્રવારે સાંજથી પ્રચાર પડઘમ શાંત થઈ જવાના હોય, રાજકીય પક્ષો, ઉમેદવારોએ પ્રચાર પાછળ એડીચોટીનું જોર લગાવી દીધું છે. પરંતુ આ વખતે મતદારોમાં ચૂંટણીનો કોઈ રંગ જ દેખાતો ન હોય, ઉમેદવારોની ચિંતા વધી છે.ભાવનગર મહાપાલિકા, ૧૦ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ત્રણ નગરપાલિકાની આગામી ૨૬મીએ સામાન્ય ચૂંટણી યોજાશે. ૪૮ કલાક પહેલા જાહેર અને સાઉન્ડ સિસ્ટમ સાથેની ચૂંટણી પ્રચાર ઉપર પાબંધી લાગી જતી હોવાથી આવતીકાલે શુક્રવારે પ્રચારના અંતિમ દિવસને લઈ સવારથી સાંજ સુધી રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર કરશે. ત્યારબાદ ડોર-ટુ-ડોર પ્રચાર કરવા ઉમેદવારો, કાર્યકરો મેદાનમાં ઉતરશે અને રાજકીય પક્ષો બંધ બારણે બેઠકો કરી અંતિમ ઘડીની રણનીતિ ઘડશે. મનપા, પાલિકા અને પંચાયત જીતવા માટે રાજકીય પક્ષો મતદારોને રિઝવવાના પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ હાલની સ્થિતિ જોતા મતદારોની નિરસતા અને ગરમીના કારણે મતદાન ઓછું થાય તેવી ચિંતા વ્યક્ત કરાઈ રહી છે.

**ચેક બાઉન્સ**

## જામનગરના એક આસામીને રૂપિયા બાવીસ લાખના ચેક રિટર્ન કેસમાં બે વર્ષની જેલ સજા

જામનગર: જામનગરમાં ગાંધીનગરના મચ્છરનગરમાં રહેતા અને હાલ અમદાવાદ વસવાટ કરતાં ઉતમસિંહ વી.ગોહિલે પોતાના ઈવેન્ટ વિગેરેના ધંધા માટે ફરીયાદી વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજા રહે. જામનગર વાળા પાસેથી કટકે-કટકે કુલ રૂપિયા બાવીસ લાખ હાથ ઉછીના મેળવેલાં હતા. જે રકમની ચુકવણી કરવા આરોપી ઉતમસિંહ ગોહિલે ઈન્ડસન બેંક જામનગર શાખાનો ચેક મુદતે પાસ થઈ જવાના વિશ્વાસે આપેલો હતો. જે ચેક બાઉન્સ થતાં ફરીયાદી વિજયસિંહે તેના વકીલ મારફત નોટિશ આપી 15 દિવસમાં લેણી રકમ ચૂકવવા સૂચના આપેલ જેની મુદત પૂરી થયા બાદ પણ આરોપી રકમ નહીં ચૂકવતા વિજયસિંહ જાડેજાએ જે ફરીયાદ 4થા એડી. ચીફ જ્યુડિ. મેજી.ની કોર્ટમાં ચાલી જતાં ફરીયાદી તરફે રજૂ થયેલ મૌખિક દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ ફરીયાદી તરફેની દલીલ આ પ્રકારના કેસમાં ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના જજમેન્ટો રજૂ કરતાં કોર્ટે ફરીયાદીનો કેસ પુરવાર માની આરોપીને 2 (બે) વર્ષ ની પૂરી સજા તથા ફરીયાદીની લેણી રકમ રૂપિયા બાવીસ લાખ એક માસમાં ચૂકવી આપવા હુકમ કરેલ છે.

## રાજપરા ગામના મકાનમાંથી વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપ્યો

(એજન્સી) ભાવનગર | તા.24

લોકલ ક્રાઈમ બ્રાન્ચે રાજપરા ગામે રહેતો ગોપાલ ધરમશીભાઈ મકવાણાના રહેણાંકના મકાનમાં દરોડો પાડી તલાશી લેતા વિદેશી દારૂની ૨ બોટલ રૂ.૬૦૦ ની મળી આવતા પોલીસે ધરપકડ કરી પૂછપરછ કરતા અજય પ્રવીણભાઈ ડાભી નામનો શખ્સ આપી ગયો હોવાની કબૂલાત કરતા પોલીસે બન્ને શખ્સ વિરૃધ્ધ અલંગ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**આ વખતે માત્ર ૧૫૦ જ કેન્ડિડેટ**

## મહાપાલિકાની ચૂંટણી લડવામાં નિરુત્સાહ, 61 ઉમેદવાર ઘટયાં

ભાવનગર: ભાવનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી લડવામાં નિરુત્સાહ જોવા મળી રહ્યો છે. ગત ચૂંટણીમાં નગરસેવક બનવાના અભરખા સાથે ઉમેદવારોનો રાફડો ફાટયો હતો. તેની તુલનામાં આ વખતની ચૂંટણીમાં ઉમેદવારોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ભાવનગર મ્યુનિસિપાલિટીની વર્ષ ૨૦૨૧માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ૫૨, કોંગ્રેસના ૫૧ અને આપ, સીપીએમ, બસપા, વીપીપી અને અપક્ષ સહિત ૯૮ મળી કુલ ૨૧૧ ઉમેદવારે ચૂંટણી લડી હતી. તેની સામે વર્ષ ૨૦૨૬ની સામાન્ય ચૂંટણીમાં માત્ર ૧૫૦ કેન્ડિડેટ છે. તેમાં પણ ભાજપના ૫૨ અને કોંગ્રેસના ૫૦, બસપા, સીપીએમ, આમ આદમી પાર્ટી, ઓલ ઈન્ડિયા મજલીસ-એ-એતીહાદુલ મુસ્લિમીન, અન્ય પક્ષો-અપક્ષ મળી ૪૮ ચૂંટણી લડવૈયાઓ જ મેદાનમાં ઉતર્યા છે. જે ગત ચૂંટણીની તુલનામાં અર્ધો અડધ ઓછી સંખ્યા છે. ભાજપ-કોંગ્રેસ બાદ સૌથી વધુ આમ આદમી પાર્ટીએ મનપાની ચૂંટણીમાં ૩૧ ઉમેદવાર ઉતાર્યા છે. ઉમેદવારોનું સંખ્યાબળ ઓછું રહેતા મુખ્ય પક્ષોને મત કપાવાની ચિંતા ઘટશે અને જીતની સરસાઈમાં ફાયદો રહેશે તેવું જણાઈ રહ્યું છે.

**ફરીયાદીને માથામાં ત્રણથી ચાર ટાંકા આવ્યા**

## જોડીયામાં રિસામણે બેઠેલી પરણીત યુવતીના ઘેર જઈ પતિએ લોખંડની કોશથી હુમલો કર્યાની પોલીસ ફરિયાદ



(એજન્સી) જામનગર | તા.24

જામનગર જિલ્લાના જોડીયામાં રહેતી એક પરણીતા રીસાઈને પોતાના માવતરે આવી ગઈ હતી, દરમિયાન તેનો પતિ આવ્યો હતો, અને બળજબરી પૂર્વક ઘરે પરત લઈ જવા દબાણ કરી માથામાં કોશ વડે હુમલો કરી દેતાં ચાર ટાંકા લેવા પડ્યા હતા. જે હુમલાના બનાવ અંગે જોડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે.

જોડીયા પોલીસ મથકમાં નોંધાયેલા ભારતીય ન્યાય સંહિતા 2023 ની કલમ 115(2), 118(1), 117(2), 352, 351(3) તથા જી.પી. એક્ટ કલમ 135(1) હેઠળના ગુન્હામાં જાહેર થયા અનુસાર તા.23/04/2026 ના રોજ આશરે 11:00 વાગ્યાના સમયે જોડીયાના મફતીયાપરા વિસ્તારમાં ફરીયાદી યુવતી પોતાના ઘરે એકલી હતી. આ દરમિયાન આરોપી મોસીનભાઈ શબીરભાઈ છેર ત્યાં આવી ફરીયાદીને પોતાની સાથે આવવા માટે કહેતા તેણીએ ઈન્કાર કર્યો હતો. તે બાદ આરોપીએ ઉશ્કેરાઈ જઈ બોલાચાલી કરી ગાળો બોલી, ફળીયામાં પડેલ લોખંડની કોશ વડે ફરીયાદીના માથાના ડાબા ભાગે, આંખ પાસે ઘા મારી ઈજા પહોંચાડી હતી. ઈજાના કારણે ફરીયાદીને માથામાં ત્રણથી ચાર ટાંકા આવ્યા હોવાનું જાણવા મળે છે. ઉપરાંત આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે ફરીયાદી નાઝમીનબેન વા/ઓ મોસીનભાઈ છેર (ઉ.વ.19, રહે. જોડીયા) દ્વારા જોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવવામાં આવી છે. ઉપરાંત, આરોપીએ જિલ્લા કલેક્ટર જામનગર દ્વારા જાહેર કરાયેલા હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનું પણ નોંધાયું છે. આ અંગે વધુ તપાસ જોડીયા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

**ક્યુઆર કોડ મારફતે રૂપિયા મેળવી અંગત ઉપયોગમાં બન્ને ઈસમે લીધા હતા**

# વિદ્યાલયના ગૃહપતિની ઓળખ આપી 2 શખ્સે વિદ્યાર્થી સાથે છેતરપિંડી આચરી

(એજન્સી) ભાવનગર | તા.24

મહુવાના ભાવનગર-સોમનાથ, નેશનલ હાઈવે પર આવેલ બેલુર વિધાલયમાં અગાઉ ગૃહપતિ તરીકે ફરજ બજાવતા અને તેના સંબંધીએ સાથે મળી બેલુર વિધાલયનાના કુલ ૮ વાલીઓ પાસેથી બેલુર વિધાલયના ગૃહપતિ તરીકે ઓળખ આપી કયુઆર કોડ મારફતે રૂપિયા મેળવી વિધાર્થીઓ સાથે છેતરપિંડી આચરી હતી.મહુવાના ભાવનગર-સોમનાથ, નેશનલ હાઈવે માઢીયા ગામની સીમ બેલુર વિધાલયમાં રહેતા અને રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે વુન્દાવન કુમાર વિધાલયમાં શિક્ષક તરીકે ફરજ



બજાવતા તેમજ બેલુર વિધાલયમાં નાણાકીય વહીવટની જવાબદારી સાંભળતા પ્રવિણભાઈ માધાભાઈ નકુમેં મહુવા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે,રાકેશ નરશીભાઈ ચુડાસમા અગાઉ બેલુર વિધ્યાલય ખાતે ગ્હપતિ તરીકે નોકરી કરતા તેમજ તેઓના સંબંધી રાકેશ મધુભાઈ મકવાણાએ સાથે મળી બેલુર વિધાલયનાના કુલ ૮ વાલીઓ પાસેથી બેલુર વિધાલયના ગૃહપતિ તરીકે ઓળખ આપી રૂ.૧૪,૮૩૦ કયુઆર કોડ મારફતે મેળવી પૈસાનો પોતાના અંગત ફાયદા માટે ઉપયોગ કરી વિધાર્થીઓના વાલીઓ સાથે છેતપીંડી આચરી હતી.આ બનાવ સંદર્ભે બન્ને શખ્સ વિરૃધ્ધ પાલીતાણા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## મહુવા એસ.ટી. ડેપોના એક્સપ્રેસ રૃટમાં મીની લાયબ્રેરીની સુવિધા અપાઈ



(એજન્સી) જેસર તા.24

પ્રવાસીઓની મુસાફરી આનંદદાયક રહે તેવા આશયથી વિશ્વ પુસ્તક દિવસ નિમીત્તે મહુવાના એસ.ટી.બસ સ્ટેશન ખાતે ડેપો મેનેજર દ્વારા એક્સપ્રેસ રૃટમાં પુસ્તકો તેમજ રોજિંદા સમાચારપત્રકો સાથેની મીની લાયબ્રેરીની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સાથે ગરમીમાં રાહત મળી રહે તેવા હેતુથી એસ.ટી. બસના ડ્રાઈવર, કંડક્ટર અને મિકેનિકલ સ્ટાફને ઓ.આર. એસ.ના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**ફાયર બ્રિગેડી એક ગાડી પાણી છાંટી આગને કાબૂમાં લીધી**

## કલ્યાણનગરના આવાસ યોજનાના ત્રીજા માળે આગ ભભુકી

(એજન્સી) ભાવનગર | તા.24

શહેરના ફુલસર વિસ્તારમાં આવેલ કલ્યાણનગર ખાતેના આવાસ યોજનાના બ્લોક નં.ઈ, રૂમ નં. ૦૩૦૩માં ગત મોડી રાત્રે અચાનક આગ ભભૂકી ઉઠી હતી.આગ લાગ્યાનો સંદેશો ફાયર બ્રિગેડને મળતા ફાયર ફાઈટરો સ્થળ પહોંચ્યા હતા.અને લાવેલી આગ પર પાણીનો છંટકાવ કરી આગને કાબુમા લીધી હતી.આગ માં ઘરવખરી ખાક થઈ જવા પામી હતી. ભાવનગર શહેરના ફુલસર વિસ્તારમાં આવેલ કલ્યાણનગરના મુખ્યમંત્રી આવાસ યોજનાના બ્લોક નંબર ઈ ૩૦૩ માં રહેતા હિતેશભાઈ તિલકચંદ પરમારના મકાનમાં ત્રીજા માળે ગત મોડી રાત્રિના સમયે અચાનક આગ ભભૂકી ઉઠી હતી.ત્રીજા માળે લાગેલી આગના કારણે



મુખ્ય મંત્રી આવાસ યોજનામાં દોડધામ મચી જવા પામી હતી.આ બનાવની જાણ થતાની સાથેજ ફાયર બ્રિગેડ સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો અને લાગેલી આગ પર એક ગાડીનો પાણીનો છંટકાવ કરી આગને કાબુમા લીધી હતી. આગમાં ઘરવખરી ખાક થઈ જવા પામી હતી.આગ લાગવાનું કારણ અને નુકશાની જાણવા મળી નથી.

**કોલેજના ગેટ પાસે ખેલાયો હતો લોહિયાળ ખેલ**

# ભુજ સાક્ષી ખાનીયા હત્યા કેસ: એકતરફી પ્રેમી અને તેના મિત્રને કોર્ટે ફટકારી આજીવન કેદની સજા

(એજન્સી) ભુજ | તા.24

ભુજમાં આવેલી સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજમાં અભ્યાસ કરતી 19 વર્ષીય વિદ્યાર્થિની પર ગત 28 ઓગસ્ટ, 2025ના રોજ છરી વડે હુમલો થયો હતો. જેમાં એકતરફી પ્રેમમાં યુવકે વિદ્યાર્થિનીનું ગળુ કાપી હત્યા નીપજાવી હતી. સમગ્ર મામલે ભુજ સેશન્સ કોર્ટે મુખ્ય આરોપી અને મદદગાર યુવકોને આજીવન કારાવાસની સજા ફટકારી છે. મળતી માહિતી મુજબ, ગાંધીધામના ભારતનગરની રહેવાસી 19 વર્ષીય સાક્ષી ખાનીયા સંસ્કાર કોલેજમાં બી. સી.એ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી અને ભુજની ભાનુશાલી ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી હતી. ઘટનાના દિવસે એકતરફી પ્રેમમાં મોહિત મુળજીભાઈ સિદ્ધપુરા નામના યુવકે સાક્ષીના ગળાના ભાગે છરીના ઘા મારતા તેનું મોત નીપજ્યું હતું. ગાંધીધામમાં સાક્ષીના પડોશમાં આરોપી મોહિત રહેતો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, ભુજમાં અભ્યાસ અર્થે મૃતક સાક્ષી આવતા મોહિત તેને ગાંધીધામ આવવા દબાણ કરતો હતો. આ દરમિયાન મોહિત સાક્ષીના માતા-પિતાને જાણ કરવાની ધમકી આપતો, વારંવાર ફોન કોલ કરતો હતો જેથી સાક્ષીએ તેને બ્લોક કર્યો હતો. મોહિતની ધમકી અને દબાણ અંગે ઘટનાના દિવસે સાક્ષીએ તેની માતાને જાણ કરી હતી.

ઘટનાના દિવસે ઉશ્કેરાયલા મોહિતે તેના અંજારના મેઘપર બોરીચીના જયેશ ઠાકોર નામના મિત્રને લઈને સાક્ષીની કોલેજ પહોંચ્યા હતા. આ પહેલા તેઓ અંજારમાં છરી લીધી હતી. કોલેજ બહાર મોહિતે સાક્ષીના ગળાના ભાગે છરી ફેરવી દીધી હતી. આ પછી ગંભીર હાલતમાં સાક્ષીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન વિદ્યાર્થિનીનું મોત નીપજ્યું હતું. હત્યાના ગુનાની ગંભીરતાને પગલે ભુજ શહેર એ ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં મોહિત અને જયેશની ધરપકડ કરી હતી. સમગ્ર મામલે ભુજ પ્રિન્સીપલ સેશન્સ જજ દિલીપ પી. મહિડાએ ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવા અને 31 સાક્ષીની જૂબાનીના આધારે આરોપી મોહિત અને જયેશને આજીવન કેદની સજાની સાથે 25-25 હજારનો દંડ ફટકાર્યો છે.

ભુજની સંસ્કાર સ્કુલ એન્ડ કોલેજના ગેટ બહાર 28 ઓગસ્ટ, 2025ના રોજ મૃતક વિદ્યાર્થિની અને એક યુવક પર છરી વડે હુમલો થયો હતો. આ મામલે કોલેજના સંચાલકે જણાવ્યું હતું કે, 'કોલેજના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની શિક્ષણકાર્ય પૂરું થતાં કોલેજમાંથી નીકળીને હોસ્ટેલ તરફ જઈ રહી હતી. જ્યાં કોલેજના ગેટ પાસે વિદ્યાર્થિની પહોંચી ત્યારે અંજાર બાજુના રહેવાસી બે યુવકો ત્યાં આવ્યા હતા. આ દરમિયાન આરોપીએ વિદ્યાર્થિની અને એક યુવક પર છરીથી હુમલો કર્યો હતો.'

**શિવાજી સર્કલ નજીક આવેલા બાકડા પર**

## ક્રિકેટ મેચ પર ઓનલાઇન સટ્ટો રમતા ત્રણ શખ્સ ઝબ્બે

ભાવનગર: શિવાજી સર્કલ નજીક આવેલા બાકડા પર બેસી ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા ત્રણ શખ્સને ઘોઘારોડ પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘોઘારોડ પોલીસ પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, શિવાજી સર્કલ નજીક બાકડા પાસે ક્રિકેટ મેચ પર ત્રણ ઈસમો સટ્ટો રમે છે.જે બાતમીના આધારે ઘોઘારોડ પોલીસે શિવાજી સર્કલ નજીક આવેલ એપલ ફાર્મસી સામે આવેલ બાકડા પાસે દરોડો પાડયો હતો.જ્યાં ધનોમલ ઉર્ફે રાજુભાઈ નેભલદાસ ગુલવાણી,સુરજ ઉર્ફે સોનુ રઘુભાઈ માધવાણી,ભારત ગોરધનદાસ કુકરેજા નામના શખ્સ મોબાઈલમાં વેબસાઈટમાં




આઈ.ડી પાસવર્ડથી લોગીન થઈ લખનૈ સુપર જાયન્ટ વર્સીસ રાજેસ્થાન રોયલ ની આઈપીએલ. ક્રિકેટ મેચ ઉપર હાર જીતનાં સોદા કરી ક્રિકેટ સટ્ટો રમતા ત્રણેય ઈસમને મોબાઈલ ૦૩ કિ.રૂ.૫૦ ૦૦૦ રોકડ રૂ.૧૮૦૦ મળી કુલ રૂ.૫૧, ૮૦૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.જ્યારે ક્રિકેટ સટ્ટો રમવા માટેનું આઈડી ઈસ્માઈલ પાસેથી મેળવતા હતા.આ બનાવ સંદર્ભે ઘોઘાટોડ પોલીસે ચાર શખ્સ વિરૂધ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## એચએસબીસી સંયુક્ત પીએમઆઈ ઇન્ડેક્સ હવે ૫૮ને પાર પહોંચ્યો

# દેશની વેપાર પ્રવૃત્તિમાં એપ્રિલમાં જોવા મળ્યો મોટો જોરદાર ઉછાળો

(એજન્સી) મુંબઈ | તા.24

દેશના આર્થિક જગતમાંથી અત્યંત પ્રોત્સાહક સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. માર્ચ મહિનામાં ત્રણ માસની નીચી સપાટીએ પહોંચ્યા બાદ, વર્તમાન એપ્રિલ માસમાં ભારતની ખાનગી ક્ષેત્રની વેપાર પ્રવૃત્તિમાં મેન્યુફેક્ચરિંગ એટલે કે ઉત્પાદન ક્ષેત્રની આગેવાની હેઠળ શાનદાર સુધારો નોંધાયો છે. ઉત્પાદન અને વેચાણના આંકડામાં થયેલા જંગી વધારાને કારણે એકંદર વેપાર જગતમાં નવી રિકવરી જોવા મળી રહી છે. નોંધનીય છે કે અગાઉ પશ્ચિમ એશિયામાં પ્રવર્તતા યુદ્ધના માહોલ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ગત મહિને વેપારની ગતિ મધ્યમ પડી હતી, જે હવે ફરી પાટા પર ચડી ગઈ છે.તાજેતરના આંકડાઓ મુજબ, ઉત્પાદન તથા સેવા ક્ષેત્રનો એપ્રિલ મહિનાનો એચએસબીસી સંયુક્ત પ્રારંભિક પરચેઝિંગ મેનેજર્સ



ઈન્ડેક્સ (પીએમઆઈ) વધીને ૫૮.૩૦ ની સપાટીએ પહોંચી ગયો છે. માર્ચ મહિનામાં આ આંક ૫૭ ના સ્તરે જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ ૫૦ થી ઉપરનો ઈન્ડેક્સ જે તે ક્ષેત્રમાં વિસ્તરણ અને પ્રગતિ સૂચવે છે. આ અહેવાલ ૯૦ ટકા સહભાગીઓ પાસેથી મેળવેલી પ્રાથમિક વિગતોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે, જે ભારતીય બજારની મજબૂતીનો પુરાવો આપે છે.

વર્તમાન મહિના દરમિયાન ઉત્પાદન ક્ષેત્રમાં માત્ર પ્રોડક્શન જ નહીં, પરંતુ વેચાણના મોરચે પણ મજબૂત વૃદ્ધિ જોવા મળી રહી છે. જોકે, પીએમઆઈમાં થયેલા આ વધારાની સાથે ભાવના દબાણમાં પણ આંશિક વધારો થયો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ઉદ્યોગોમાં ક્ષમતાનું વિસ્તરણ, ગ્રાહકોની વધતી જતી માંગ અને ટેકનોલોજી ક્ષેત્રે કરવામાં આવેલા નવા રોકાણને કારણે વેપાર પ્રવૃત્તિને મોટો ટેકો સાંપડ્યો છે. બજારના નિષ્ણાતો માને છે કે આ રિકવરી આગામી સમયમાં અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જશે.

એપ્રિલમાં માલસામાનની માંગ અને નવા ઓર્ડરની સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. ખાસ કરીને સેવા ક્ષેત્રની સરખામણીએ ઉત્પાદન ક્ષેત્રમાં ઓર્ડર મેળવવાની ગતિ વધુ તીવ્ર રહી છે. નિકાસના મોરચે પણ સારા સમાચાર છે, જ્યાં માલસામાનના નિકાસ ઓર્ડર નવ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા છે. કંપનીઓ હાલમાં પૂરવઠા સાંકળમાં આવતા સંભવિત અવરોધોને પહોંચી વળવા માટે અગાઉથી જ બફર સ્ટોક તૈયાર કરી રહી છે, જેથી ભવિષ્યમાં કોઈપણ આંચકા સામે રક્ષણ મેળવી શકાય.

આંકડાકીય વિગત મુજબ, એપ્રિલમાં ઉત્પાદન ક્ષેત્રનો પ્રારંભિક પીએમઆઈ ૫૫.૯૦ અને સેવા ક્ષેત્રનો ૫૭.૯૦ નોંધાયો છે. જોકે, સેવા ક્ષેત્રમાં ઓર્ડરની ગતિમાં છેલ્લા એક વર્ષમાં થયેલો આ સૌથી ધીમો વધારો છે. આમ છતાં, સંયુક્ત રીતે જોતા ભારતીય અર્થતંત્રના બંને મુખ્ય પાયા અત્યારે મજબૂત સ્થિતિમાં કાર્યરત છે. મીડિયા અહેવાલો મુજબ, ઉત્પાદન અને સેવાના સંયુક્ત નિકાસ ઓર્ડરમાં માર્ચની સરખામણીએ એપ્રિલમાં થોડો નબળો છતાં સકારાત્મક સુધારો જોવા મળ્યો છે, જે લાંબા ગાળે દેશના જીડીપીમાં મહત્વનું યોગદાન આપશે તેવું જણાય છે.

## ઇન્ડિયન ઓઇલ દેશભરમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની અવિરત ઉપલબ્ધતાની ખાતરી આપે છે

(એજન્સી) અમદાવાદ | તા.24

ઇન્ડિયન ઓઈલ તમામ નાગરિકોને ખાતરી આપે છે કે દેશભરમાં અમારી બધી સપ્લાય ચેનલોમાં પેટ્રોલ (MS) અને ડીઝલ (HSD) ની ઉપલબ્ધતા સામાન્ય અને અવિરતપણે ચાલુ રહી છે. તા. 1 થી 21 એપ્રિલ 2026 દરમિયાન રિટેલ આઉટલેટ્સ દ્વારા પેટ્રોલ (MS) અને ડીઝલ (HSD) ના વેચાણમાં 13% થી વધુની વૃદ્ધિ નોંધાઈ છે. આ વધેલી માંગને મજબૂત લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈન ક્ષમતાઓ દ્વારા સમર્થિત 42,000 થી વધુ ઇંધણ સ્ટેશનોના ઇન્ડિયન ઓઇલના વ્યાપક વિતરણ નેટવર્ક દ્વારા કાર્યક્ષમ રીતે પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી ઇન્ડિયન ઓઇલ કોઈપણ વિક્ષેપ વિના દેશની ઊર્જા જરૂરિયાતને સતત પૂર્ણ કરીએ છીએ. ગ્રાહકોને વિનંતી છે કે તેઓ ફક્ત સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ આધાર રાખે.ઇન્ડિયન ઓઇલ પારદર્શક અને વિશ્વસનીય કામગીરી માટે પ્રતિબદ્ધ છે, જેનાથી રાષ્ટ્રને અવિરત ઊર્જાની પહોંચ મળે છે.

## ટેલિકોમ સેક્ટર હવે ડિઝાઇન-લેડ ઇનોવેશન પર વધુ ધ્યાન આપે

નવી દિલ્હી: ભારતને માત્ર ‘ટેકનોલોજી ગ્રાહક’ તરીકે મર્યાદિત રહેવાને બદલે હવે ‘ટેકનોલોજી નિર્માતા’ બનવાની જરૂર છે. તેમણે ટેલિકોમ સેક્ટરને ડિઝાઇન-લેડ ઈનોવેશન તરફ વળવા, સંશોધન અને વિકાસ (R&D) માં રોકાણ વધારવા અને વૈશ્વિક ટેકનોલોજીના ધોરણો નક્કી કરવામાં સક્રિયપણે ભાગ લેવા માટે ભારપૂર્વક અનુરોધ કર્યો છે. મંત્રીએ ચેતવણી આપી હતી કે જો વ્યૂહાત્મક રોકાણ કરવામાં નહીં આવે તો ભારત વૈશ્વિક સ્પર્ધામાં પાછળ રહી જવાની શક્યતા છે.કોઆઈ ડિજીકોમ સમિટ ૨૦૨૬ (COAI DigiCom Summit 2026) ને સંબોધિત કરતા શેખરે બૌદ્ધિક સંપદા (IP), પેટન્ટ્સ, પરીક્ષણ અને પ્રમાણપત્ર ઈકોસિસ્ટમ બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આગામી પેઢીની ટેલિકોમ ટેકનોલોજીમાં ભારતની સ્પર્ધાત્મકતા વધારવા માટે વૈશ્વિક ટેકનોલોજી લીડર્સ સાથે સંયુક્ત સાહસો સ્થાપવા અનિવાર્ય છે.

## News Brief

### બેંક ઓફ બરોડાએ ‘બીઓબી સિનિયર સિટીઝન વિશેષ સન્માન’ બચત ખાતું લોન્ચ કર્યું

મુંબઈ : ભારતની આંતરરાષ્ટ્રીય બેંક એવી બેંક ઓફ બરોડાએ ‘બીઓબી સિનિયર સિટીઝન વિશેષ સન્માન’ નામનું પ્રીમિયમ બચત ખાતું લોન્ચ કર્યું છે, જે વરિષ્ઠ નાગરિકો માટે હેલ્થકેર લાભો અને ઘરઆંગણે મફત બેંકિંગ સેવાઓ પ્રદાન કરે છે. આ ખાતું ખાસ કરીને 60 વર્ષ અને તેથી વધુ ઉંમરના વરિષ્ઠ ગ્રાહકો માટે તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં તેમના આરોગ્ય અને આર્થિક સુખાકારીમાં સુધારો લાવવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ ખાતા હેઠળ વધુમાં વધુ છ પરિવારજનો માટે મફત ઑનલાઈન ડૉક્ટર કન્સલ્ટેશનની સુવિધા ઉપલબ્ધ છે, તેમજ દવાઓ અને ડાયગ્નોસ્ટિક સેવાઓ પર વિશેષ છૂટછાટ પણ મળે છે. ઉપરાંત, ગ્રાહકોને દર મહિને બે મફત ડોરસ્ટેપ બેંકિંગ સેવાઓ મળે છે, જેથી જરૂરી બેંકિંગ સેવાઓ સીધી તેમના ઘરે ઉપલબ્ધ થાય છે. આ સિવાય, રિવર્સ મોર્ગેજ લોન માટે પ્રોસેસિંગ ચાર્જમાં 50 ટકા સુધીની છૂટ, લોકર ભાડામાં રાહત અને વિવિધ લાઈફસ્ટાઈલ લાભો ધરાવતું બીઓબી ભૂમિ રૂપે સિલેક્ટ ડેબિટ કાર્ડ પણ આ ઓફરમાં આપવામાં આવે છે. બેંક ઓફ બરોડાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ડૉ. દેવદત્ત ચંદે જણાવ્યું હતું કે, “બેંક ઓફ બરોડામાં, અમે અમારા વરિષ્ઠ નાગરિકોને વિચારપૂર્વક તૈયાર કરેલી સેવાઓ પ્રદાન કરવામાં ગર્વ અનુભવીએ છીએ. ‘બીઓબી સિનિયર સિટીઝન વિશેષ સન્માન’ દ્વારા અમે હેલ્થકેર સુવિધાઓ, ડોરસ્ટેપ બેંકિંગની સરળતા અને વિવિધ બેંકિંગ તેમજ લાઈફસ્ટાઈલ લાભોનો સંયોજન ધરાવતી પ્રીમિયમ પ્રોડક્ટ રજૂ કરી છે. આ પહેલ અમારા વરિષ્ઠ ગ્રાહકો માટે અર્થપૂર્ણ અને વધુ સારા પ્રકારની સેવાઓ પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે.”

## સાઈટસેવર્સ ઈન્ડિયા અને મેક્સીવિઝન સુપર સ્પેશિયાલિટી આઈ હોસ્પિટલ્સ

# વંચિતવર્ગના લોકો માટે મોબાઈલ વિઝન સેન્ટર દ્વારા રાજ્યોમાં આંખોની સંભાળને વધુ નજીક લઈ આવ્યા છે

અમદાવાદ : ગુણવત્તાસભર આંખની જાળવણી કરવાની પહેલને લોકો સુધી વિસ્તારવા માટે હોસ્પિટલ, સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન્સ અને કમ્યુનિટી તરફના સામૂહિક પ્રયાસો વધારવા જરૂરી છે. એપ્રિલ 2025થી માર્ચ-2026 સુધી સાઈટસેવર્સ ઈન્ડિયા અને મેક્સિવિઝન આઇ હોસ્પિટલ પ્રાઈવેટ લિમિટેડ એ સાઈટ સેવર્સ ઈન્ડિયાના અર્બન આઇ હેલ્થ પ્રોગ્રામની મદદથી અમદાવાદની આસપાસના ઓછી આવક ધરાવતા વિસ્તારોમાં આંખોની જાળવણી વિશે જાગૃતતા ફેલાવવા માટે સાથે મળીને કામ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન આ પહેલમાં 14,290 વ્યક્તિની આંખોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 2,032 લોકોને ચશ્મા આપવામાં આવ્યા હતા અને 2,314 લોકોને મોતિયાની તપાસ માટે સૂચન કરવામાં આવ્યું હતું, જ્યારે 686 વ્યક્તિઓની ડાયાબિટીક રેટિનોપેથીની તપાસ કરવામાં આવી હતી. આ પહેલમ એ પછાત સમુદાયો, અન્ય રાજ્યોમાંથી આવેલા કામદારો અને શહેરી ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારો સુધી પહોંચવા પર કેન્દ્રિત હતી, જેમને સમયસર આંખોની સંભાળ મેળવવામાં ઘણીવખત અડચણોનો સામનો કરવો પડે છે.તેની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પહેલના ભાગરૂપે મેક્સિવિઝન સુપર સ્પેશિયાલિટી આઇ હોસ્પિટલ એ નિવારક અને પ્રાથમિક આંખની સંભાળની મહત્વતાને ઓળખીને અર્બન આઇ હેલ્થ કાર્યક્રમને ટેકો આપ્યો હતો. 1966થી દેશમાં બચી શકાય તેવા અંધત્વને દૂર કરવા માટે



કાર્યરત સાઈટસેવર્સ ઈન્ડિયાએ સમુદાયીક આંખની આરોગ્ય સંભાળમાં પોતાના અનુભવ તથા સહયોગી ભાગીદારોના નેટવર્કનો ઉપયોગ કરીને સમુદાયોમાં સીધી સેવાઓ પહોંચાડી છે. તેમની સાથે મળીને આ સહયોગીઓએ જરૂરિયાતમંદોને જરૂરી એવી આંખની સંભાળથી વધુ નજીક લાવવામાં પણ મદદ કરી છે.આર એન મોહન્તી, સીઈઓ, સાઈટસેવર્સ ઈન્ડિયા કહે છે, “રોજિંદા જીવનમાં સ્પષ્ટ વિઝન ખૂબ જ જરૂરી છે, પણ ઘણી વખત આપણે તેને વધુ સરળતાથી લઈએ છીએ. ઘણા લોકો માટે ચશ્મા મળવા કે પછી મોતિયાની સારવાર માટે રેફર થવું એ પણ કામ પર પાછા ફરવું, આરામથી વાંચવું કે પછી આત્મવિશ્વાસથી હરવું-ફરવું થઈ શકે છે. છતા પણ ઘણા પરિવારો પાસે આંખોની તપાસ માટે દૂર સુધી પ્રવાસ કરવાનો સમય કે સંસાધનો નથી હોતા. મોબાઈલ વિઝન સેન્ટર સીધું આ સમુદાયો સુધી પહોંચીને લોકોના વિઝનની તપાસ કરી શકે છે, ચશ્મા મેળવી શકે છે અને જરૂર પડે ત્યારે સારવાર પણ મેળવી શકે છે. આવા સહયોગીઓને લીધે જરૂરિયાતમંદ લોકો સુધી આંખની સંભાળ પહોંચાડી શકાય છે, જેનો તેઓ સરળતાથી લાભ લઈ શકતા નથી.” મેક્સ વિઝન સુપર સ્પેશિયલિટી આઇ હોસ્પિટલ્સના મતે, “શરૂઆતની સંભાળ એ સ્વસ્થ સમુદાય ઉભું કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને આંખોની જાળવણી એ તેનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ સહયોગ દ્વારા અમે દ્રષ્ટિ સંબંધિત સમસ્યાઓની શરૂઆતમાં જ ઓળખીને લોકોને સમયસર સારવાર મળે તે ધ્યાન રાખ્યું છે.

## એચડીએફસી સિક્યોરિટીઝે InvestRight એપ્લિકેશન પર કોમોડિટી ડેરિવેટિવ્સ શરૂ કર્યા

મુંબઈ : ભારતની અગ્રણી સ્ટોકબ્રોકિંગ કંપનીઓમાંની એક એચડીએફસી સિક્યોરિટીઝે આજે જાહેરાત કરી છે કે તેણે પોતાની InvestRight એપમાં કોમોડિટી ડેરિવેટિવ્સ ટ્રેડિંગ ફીચરનો સમાવેશ કર્યો છે. આ સુવિધા રોકાણકારોને ઈક્વિટીઝ અને અન્ય એસેટ ક્લાસ સાથે સાથે કોમોડિટી બજારમાં ભાગ લેવા માટે એકીકૃત અને સરળ માર્ગ પ્રદાન કરે છે, જે એચડીએફસી સિક્યોરિટીઝની સંકલિત અને વધુ સ્માર્ટ રોકાણ અનુભવ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. InvestRight એપ પર કોમોડિટી ડેરિવેટિવ્સના ઈન્ટિગ્રેશનનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન સુશ્રી પ્રવીણા રાય, એમડી અને સીઈઓ, એમસીએક્સ અને શ્રી ધીરજ રેલી, એમડી અને સીઈઓ, એચડીએફસી સિક્યોરિટીઝ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સહયોગ ઉદ્યોગ દ્વારા ઍક્સેસ વધારવા, ટ્રેડિંગ સરળ બનાવવા અને જાણકારી આધારિત રોકાણના નિર્ણયો પ્રોત્સાહિત કરવા માટેના સતત પ્રયત્નોને દર્શાવે છે. આ લોન્ચ સાથે હવે એચડીએફસી સિક્યોરિટીઝના ગ્રાહકો એમસીએક્સ પર લિસ્ટેડ બુલિયન, મેટલ્સ, એનર્જી, કૃષિ ઉત્પાદનો અને Bulldex જેવા સૂચકાંકોમાં સીધા InvestRight એપ દ્વારા ટ્રેડિંગ કરી શકશે, જે તેમને સરળ અને વ્યાપક ટ્રેડિંગ અનુભવ આપે છે. આ પ્રસંગે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયાના એમડી અને સીઈઓ સુશ્રી પ્રવીણા રાયે જણાવ્યું હતું કે, “ભારતના કોમોડિટી ડેરિવેટિવ્સ બજારમાં ઝડપથી વધતો વિકાસ અને વિવિધતા તેના વ્યાપક આર્થિક તંત્રમાં વધતા મહત્વને દર્શાવે છે. વિવિધ ભાગીદારી દ્વારા આ ગતિને આગળ ધપાવવામાં આવી રહી છે અને અમે માનીએ છીએ કે આધુનિક ટેકનોલોજી આધારિત એપ્લિકેશન્સનો ઉપયોગ કરીને રોકાણકારો આ તકોનો લાભ લઈ શકે છે અને ભારતના વિકસતા રોકાણ માળખામાં યોગદાન આપી શકે છે.” આ અંગે પ્રતિક્રિયા આપતા એચડીએફસી સિક્યોરિટીઝના એમડી અને સીઈઓ શ્રી ધીરજ રેલીએ જણાવ્યું હતું કે, “અમારું લક્ષ્ય કોમોડિટી ટ્રેડિંગને વધુ સુલભ, સંકલિત અને કાર્યક્ષમ બનાવવાનું છે.

## ભારતના ડીપ-ટેક સેક્ટરમાં વધતા લિંગ અંતર વચ્ચે 43% કંપનીઓને એન્ટ્રી-લેવલ AI-ML ક્ષેત્રે મહિલાઓની ભરતીમાં પડી રહી છે મુશ્કેલી

બેંગલુરુ : ઈન્ડીડના લેટેસ્ટ હાયરિંગ ટ્રેકર (IHT) મુજબ, ભારતના ડીપ-ટેક સેક્ટરમાં મહિલાઓની સંખ્યા હજુ પણ ઘણી ઓછી છે. એન્ટ્રી-લેવલથી શરૂ કરીને સિનિયર પદો સુધી પ્રતિનિધિત્વનું આ અંતર સતત જોવા મળે છે. AI/ML, ડેટા સાયન્સ અને સાયબર સિક્યુરિટી જેવા ખાસ ક્ષેત્રો પર કરવામાં આવેલ આ સર્વે દર્શાવે છે કે ભરતીની પદ્ધતિઓ, પગાર વિશેની માન્યતાઓ અને કારકિર્દી પ્રગતિ માટેનો સમયગાળો જેવા પરિબળો વર્કફોર્સને પ્રભાવિત કરી રહ્યા છે.પ્રતિનિધિત્વ અને ભરતીની સ્થિતિ : આંકડા દર્શાવે છે કે કારકિર્દીના શરૂઆતના તબક્કાથી જ મહિલાઓનું પ્રતિનિધિત્વ મર્યાદિત રહે છે. સર્વેમાં સામેલ લગભગ અડધા નિયોક્તાઓ (43%) જણાવે છે કે તેમની એન્ટ્રી-લેવલ ડીપ-ટેક ભરતીમાં મહિલાઓનું પ્રમાણ માત્ર 0-10% જ છે. આ ઉપરાંત, કોઈપણ સંસ્થામાં કોઈ પણ સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ 50% થી વધુ હોવાનું નોંધાયું નથી. આ ક્ષેત્રમાં મહિલાઓમાં નોકરી શોધવાનું પ્રમાણ સ્થિર રહ્યું છે. ડેટા મુજબ, ત્રીજા ક્વાર્ટરમાં 42% ની સરખામણીએ ચોથા ક્વાર્ટરમાં 43% મહિલાઓએ સક્રિયપણે અરજી કરી હતી. આ બાબત સ્પષ્ટ કરે છે કે પ્રતિનિધિત્વમાં રહેલો આ તફાવત મહિલા પ્રોફેશનલ્સની નિષ્ક્રિયતાને કારણે નહીં, પરંતુ ભરતી પ્રક્રિયામાં રહેલા માળખાગત અવરોધોને કારણે છે. પગાર અને કારકિર્દી પ્રગતિ : રિપોર્ટ સંસ્થાઓમાં પગાર અને વૃદ્ધિના અનુભવોમાં રહેલી અસમાનતા પર પ્રકાશ પાડે છે: કારકિર્દી પ્રગતિની સમયમર્યાદા: 38% નિયોક્તાઓ સ્વીકારે છે કે પુરુષ સહકર્મીઓની સરખામણીએ મહિલાઓને મધ્ય-સ્તરની ભૂમિકાઓ સુધી પહોંચવામાં વધુ સમય લાગે છે. પગાર અંગેની ધારણાઓ: આશરે 32% કર્મચારીઓ માને છે કે સમાન કામ માટે વિજાતીય સહકર્મીઓ વધુ કમાય છે. જેમાં 34% મહિલાઓ માને છે કે પુરુષોને વધુ પગાર મળે છે, જ્યારે 31% પુરુષોનું માનવું છે કે મહિલાઓને વધુ પગાર મળે છે.વરિષ્ઠ સ્તરે વિરોધાભાસ: જ્યારે 67% નિયોક્તાઓ જણાવે છે કે વરિષ્ઠ સ્તરે કોઈ પણ જાતીય પગાર તફાવત નથી, ત્યારે 27% કર્મચારીઓ એવું અનુભવે છે કે વરિષ્ઠતા વધવાની સાથે આ તફાવત હકીકતમાં વધુ વ્યાપક બને છે.

## ધ રિસોર્સફુલ નેટવર્ક દ્વારા

### અમદાવાદના નારાયણા બિઝનેસ સ્કૂલમાં ગુજરાતનું પ્રથમ રાજ્ય સ્તરીય AI ક્વિઝનું આયોજન



અમદાવાદ : કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) વિષયક નવીનતા અને નૈતિક સમજણને પ્રોત્સાહન આપવા માટે, ધ રિસોર્સફુલ નેટવર્ક દ્વારા “Talk Beyond AI” પહેલ હેઠળ અમદાવાદના નારાયણા બિઝનેસ સ્કૂલમાં ગુજરાતની પ્રથમ રાજ્ય સ્તરીય AI ક્વિઝ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું. રાજ્યભરની 26 કોલેજોના ઉત્સાહી વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો, જે શૈક્ષણિક ક્ષેત્ર અને ઉદ્યોગ વચ્ચેનો અંતર ઘટાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયું. આ ક્વિઝ સ્પર્ધા માત્ર સિદ્ધાંત આધારિત જ્ઞાન સુધી મર્યાદિત ન રહી, પરંતુ તેમાં AI ના વાસ્તવિક જીવનમાં ઉપયોગ, નૈતિક મુદ્દાઓ અને સહકાર આધારિત સમસ્યા ઉકેલવાની ક્ષમતા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પહેલ યુવા મનોને કૃત્રિમ બુદ્ધિમત્તાના વિકાસશીલ ક્ષેત્ર સાથે પ્રાયોગિક અને અર્થપૂર્ણ રીતે જોડાવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડે છે. સ્પર્ધા દરમિયાન, આયોજકોએ સત્તાવાર રીતે રિસોર્સફુલ નામના એક નવીન ડિજિટલ ઈકોસિસ્ટમનું પણ પરિચય કરાવ્યો, જે શૈક્ષણિક પ્રતિભા અને ઉદ્યોગની જરૂરિયાતો વચ્ચેના “collaboration gap” ને દૂર કરવા માટે રચાયેલ છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે જ્ઞાન વિનિમય, સહયોગ અને નવી તકો સર્જવામાં મદદરૂપ બનશે. સ્પર્ધાનો અંત ઉત્સાહભર્યા માહોલમાં થયો, જેમાં ટોચની બે ટીમોએ ઝોનલ લેવલ માટે ક્વોલિફાય કરી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે.

વિજેતાઓની યાદી (The Winners’ Circle)
વિજેતા: અભિષેક રાજપૂત અને ખુશ્બુ રાઠોડ - નારાયણા બિઝનેસ સ્કૂલ, પ્રથમરનર્સ-અપ: લિથિકા સરવનાકુમાર અને કુશ સારાફ - કર્ણાવતી યુનિવર્સિટી, બીજારનર્સ-અપ:
હર્ષિકા રાવલ અને સુનિલ ઓઝા - ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (GTU SET), ધ રિસોર્સફુલ નેટવર્ક ના પ્રતિનિધિએ જણાવ્યું, “આ કાર્યક્રમ માત્ર સ્પર્ધા નથી; પરંતુ આવનારી પેઢીને એવી દુનિયા માટે તૈયાર કરવાનો એક પ્રયત્ન છે જ્યાં AI અને માનવીય કુશળતા સાથે મળીને આગળ વધે. રાજ્યભરની 26 કોલેજોને એકત્ર લાવીને અમે ગુજરાતમાં મજબૂત ટેક ઈકોસિસ્ટમ માટેનો પાયો બનાવી રહ્યા છીએ.”

## ભારત માલદીવનો સંકટ સમયનો સાથી

# ભારતે માલદીવ માટે 30 અબજ રૂપિયાની માતબર સહાય મંજૂર કરી

નવી દિલ્હી: ભારતે તેની ‘પાડોશી પ્રથમ’ નીતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા ફરી એકવાર સાબિત કરતા માલદીવ માટે ૩૦ અબજ ભારતીય રૂપિયાની માતબર નાણાકીય સહાય મંજૂર કરી છે. આ સહાય ‘સાર્ક કરન્સી સ્વેપ ફ્રેમવર્ક’ હેઠળ આપવામાં આવી છે. માલે ખાતેના ભારતીય હાઈ કમિશને ગુરુવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ભારત તેના ટાપુ પાડોશી દેશ માટે મુખ્ય આર્થિક ભાગીદાર તરીકેની ભૂમિકા નિભાવી રહ્યું છે. આ સહાય એવા સમયે આપવામાં આવી છે જ્યારે માલદીવે અગાઉ લીધેલી ૪૦૦ મિલિયન ડોલરની સ્વેપ સુવિધાની સફળતાપૂર્વક ચુકવણી કરી છે, જે માલદીવ સરકારની તેની નાણાકીય જવાબદારીઓ પ્રત્યેની ગંભીરતા દર્શાવે છે.

૩૦ અબજ રૂપિયાની આ નવી સુવિધા ‘સાર્ક દેશો માટે કરન્સી સ્વેપ એરેન્જમેન્ટ ફ્રેમવર્ક ૨૦૨૪-૨૦૨૭’ હેઠળ રિલીઝ કરવામાં આવી છે. નોંધનીય છે કે, ઓક્ટોબર ૨૦૨૪ માં માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુની ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન ભારતીય રિઝર્વ બેંક (RBI) અને માલદીવ મોનેટરી ઓથોરિટી (MMA) વચ્ચે આ અંગેના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. માલદીવના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ રકમનો ઉપયોગ પશ્ચિમ એશિયામાં સર્જાયેલી અસ્થિર પરિસ્થિતિ વચ્ચે દેશમાં આર્થિક સ્થિરતા જાળવી રાખવા માટેની વ્યાપક વ્યૂહરચનાના ભાગરૂપે કરવામાં આવશે.વર્ષ ૨૦૧૨ માં સાર્ક સ્વેપ ફ્રેમવર્કની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં આરબીઆઈએ માલદીવને કુલ ૧.૧ અબજ ડોલરની સ્વેપ સહાય પૂરી પાડી છે. ભારતીય હાઈ કમિશને રેખાંકિત કર્યું હતું કે, જ્યારે પણ માલદીવ પર બાહ્ય આર્થિક દબાણ આવ્યું છે, ત્યારે કરન્સી સ્વેપ વ્યવસ્થા આર્થિક સુરક્ષા કવચ તરીકે સાબિત થઈ છે. ભારતે હંમેશા માલદીવ માટે ‘ફર્સ્ટ રિસ્પોન્ડર’ એટલે કે મુશ્કેલીમાં સૌથી પહેલા મદદ કરનાર મિત્ર દેશની ભૂમિકા ભજવી છે, જે ‘વિઝન સાગર’ (MAHASAGAR) અંતર્ગત ક્ષેત્રીય સુરક્ષા અને વિકાસની પ્રાથમિકતા દર્શાવે છે.માલદીવના વિદેશ મંત્રાલયે ભારતની આ સતત સહાયને આવકારી છે અને તેને બંને દેશો વચ્ચેની અતૂટ ભાગીદારીનું પ્રમાણ ગણાવ્યું છે. આ કરન્સી સ્વેપ વ્યવસ્થાને કારણે માલદીવને વિદેશી હૂંડિયામણની અછત સમયે મોંઘી વ્યાપારી લોન પર નિર્ભર રહેવું પડશે નહીં.

## ૫૦ અબજ ડોલરનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવો હવે મોટો પડકાર

# ભારત-દક્ષિણ કોરિયા વેપાર ૨૫ થી ૨૮ અબજ ડોલર વચ્ચે અટવાયો

નવી દિલ્હી:ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચેના દ્વિપક્ષીય વેપારના આંકડા હાલમાં અપેક્ષા કરતા ધીમી ગતિએ આગળ વધી રહ્યા છે. રૂબિક્સ ડેટા સાયન્સના તાજેતરના અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ દરમિયાન બંને દેશો વચ્ચેનો વેપાર ૨૫ થી ૨૮ અબજ ડોલરની મર્યાદિત શ્રેણીમાં જ રહ્યો છે. જોકે, બંને રાષ્ટ્રોએ વર્ષ ૨૦૩૦ સુધીમાં પરસ્પર વેપારને ૫૦ અબજ ડોલર સુધી લઈ જવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે. આ સ્થિતિમાં, આઠ વર્ષના લાંબા અંતરાલ બાદ દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિની ભારત મુલાકાત સેમિકન્ડક્ટર્સ, ક્લીન એનર્જી, સંરક્ષણ અને અદ્યતન ઉત્પાદન ક્ષેત્રે નવી આશા જન્માવે છે.

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિની મુલાકાતનું સ્વાગત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આ મુલાકાત અત્યંત મહત્વની છે કારણ કે બંને રાષ્ટ્રોના ડીએનએમાં લોકશાહી મૂલ્યો, બજારલક્ષી અર્થતંત્ર અને કાયદાનું શાસન વણાયેલું છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે પણ બંને દેશો સમાન દૃષ્ટિકોણ ધરાવે છે.

જોકે, આ સમાનતા છતાં વેપારના સ્તરે કેટલીક માળખાગત સમસ્યાઓ છે જેનો ઉકેલ લાવવો જરૂરી છે. ખાસ કરીને ભારતની વેપાર ખાધમાં વધારો એ એક મોટો ચિંતાનો વિષય બની રહ્યો છે, જેના માટે નિકાસમાં વિવિધતા લાવવી અનિવાર્ય છે.અહેવાલ મુજબ, ભારતની દક્ષિણ કોરિયા ખાતેની ચીજવસ્તુઓની નિકાસમાં મોટો ઘટાડો નોંધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨ માં જે નિકાસ ૮.૧ અબજ ડોલર હતી, તે નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ઘટીને ૫.૮ અબજ ડોલર પર આવી ગઈ છે. આ ૧૧ ટકાનો વાર્ષિક ઘટાડો સૂચવે છે. બીજી તરફ, દક્ષિણ કોરિયાથી થતી આયાત ૨૧ અબજ ડોલરની આસપાસ સ્થિર રહી છે. આ અસંતુલનને કારણે ભારતની વેપાર ખાધ આ સમયગાળા દરમિયાન ૧.૬ ગણી વધી ગઈ છે, જે આર્થિક રીતે ભારત માટે પ્રતિકૂળ સ્થિતિ સર્જે છે.

## અક્ષય તૃતીયા | હજારો પરિવારો માટે ખરા અર્થમાં આ દિવસ યાદગાર માઈલસ્ટોન બનાવે છે

# કિયા ઈન્ડિયાએ અક્ષય તૃતીયાના શુભમુહૂર્તે વેસ્ટર્ન રિજનમાં ગ્રાહકોને 1800+ વાહનોની ડિલિવરી કરી

મુંબઈ : દેશની અગ્રગણ્ય માસ પ્રીમિયમ વાહન ઉત્પાદક કિયા ઈન્ડિયાએ તેના ડીલરશિપ નેટવર્કમાં ગ્રાહકોને તેમનાં નવાં વાહનોને ડિલિવરી આપીને અક્ષયતૃતીયાના પાવન અવસરને જોરદાર ઉજવણી કરી હતી. વેસ્ટર્ન રિજનમાં બ્રાન્ડે એક દિવસમાં 1800થી વધુ ગ્રાહકોને ડિલિવરી આપી હતી, જે મજબૂત ગ્રાહક અગ્રતા દર્શાવવા સાથે હજારો પરિવારો માટે ખરા અર્થમાં આ દિવસ યાદગાર માઈલસ્ટોન બનાવે છે. ગ્રાહકો નવી કાર ઘરે લાવે તે ફક્ત આર્થિક વ્યવહાર નથી, પરંતુ પરિપૂર્ણ આકાંક્ષા અને હાંસલ પ્રગતિનું પ્રતિબિંબ હોય છે. કિયા ઈન્ડિયાના ડિઝાઈન પ્રેરિત



ઈનોવેશન, આધુનિક સુરક્ષા, અત્યાધુનિક ટેકનોલોજી અને પ્રીમિયમ કમ્ફર્ટ પર એકધારી એકાગ્રતાએ તેને ઈચ્છનીય ભારતીય ગ્રાહકોમાં અગ્રતાની પસંદગી બનાવી દીધી છે. અક્ષયતૃતીયા પર અસંખ્ય ગ્રાહકો ઊમટી પડ્યા તે ઉત્ક્રાંતિ પામતી બ્રાન્ડની અગ્રતા અને ગ્રાહકો સાથે કિયાએ નિર્માણ કરવાનું ચાલુ રાખ્યું છે તે ભાવનાત્મક જોડાણનો દાખલો છે. અક્ષયતૃતીયા સમૃદ્ધિ અને નવા શુભારંભનું પ્રતીક છે, જે નોંધપાત્ર ખરીદીઓ કરતા ગ્રાહકો માટે સૌથી અગ્રતાના અવસરમાંથી એક છે. કિયા ઈન્ડિયા ગ્રાહકો અને તેમના માઈલસ્ટોનની ઉજવણી કરતા અર્થપૂર્ણ અનુભવો નિર્માણ કરીને મોબિલિટીની પાર જવા માટે કટિબદ્ધ છે. વધુ ને વધુ ગ્રાહકો તેમના વિશેષ અવસરોનો કિયાને હિસ્સો બનાવવાનું પસંદ કરી રહ્યા છે ત્યારે બ્રાન્ડે દેશમાં સૌથી અગ્રતાની વાહન ઉત્પાદકમાંથી એક તરીકે પોતાનું સ્થાન મજબૂત બનાવવાનું ચાલુ રાખ્યું છે.

## ચેટજીપીટી ૫.૫ લોન્ચ થતા એઆઈ જગતમાં કંપારી

# ઓપનએઆઈ દ્વારા ક્રાંતિકારી ચેટજીપીટી ૫.૫ મોડલ સત્તાવાર રીતે લોન્ચ

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં કામ કરતી વિશ્વની અગ્રણી સંસ્થા ઓપનએઆઈ દ્વારા ગુરુવારે તેમનું અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી અને બુદ્ધિશાળી મોડલ ‘જીપીટી-૫.૫’ (GPT-5.5) લોન્ચ કરવામાં આવ્યું છે. કંપનીનો દાવો છે કે આ મોડલ માત્ર વાતો કરવા માટે નહીં, પરંતુ વાસ્તવમાં કામ પૂર્ણ કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. અગાઉના વર્ઝન્સમાં વપરાશકર્તાએ દરેક ડગલે સૂચનાઓ આપવી પડતી હતી, પરંતુ આ નવું ‘સ્માર્ટર-ફાસ્ટર એઆઈ મોડલ’ કોઈપણ જટિલ અને અસ્પષ્ટ પ્રોજેક્ટને પોતાની રીતે આયોજન કરીને, યોગ્ય સાધનોનો ઉપયોગ કરીને અંત સુધી પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવે છે. જીપીટી-૫.૫ ની સૌથી મોટી વિશેષતા તેની ‘એજન્ટિક કોડિંગ’ ક્ષમતા છે. મીડિયા અહેવાલ મુજબ, આ મોડલે જટિલ કમાન્ડ-લાઈન વર્કફ્લોમાં ૮૨.૭ ટકાની સચોટતા સાથે નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. તે ગિટહબ (GitHub) જેવી પ્લેટફોર્મ પર વાસ્તવિક દુનિયાની કોડિંગ સમસ્યાઓ ઉકેલવામાં અગાઉના તમામ મોડલ્સ કરતા ચડિયાતું સાબિત થયું છે. આ મોડલ વેબ સંશોધન, ડેટા વિશ્લેષણ, દસ્તાવેજ નિર્માણ અને સ્પ્રેડશીટ બનાવવામાં નિપુણ છે. આશ્ચર્યજનક બાબત એ છે કે તે ઓછા ડેટા ટોકન્સનો ઉપયોગ કરીને વધુ ઝડપથી અને અડધા ખર્ચે પરિણામ આપે છે. ઓપનએઆઈ ની પોતાની ટીમોએ નાણાકીય અને માર્કેટિંગ કાર્યોમાં આ મોડલનો ઉપયોગ શરૂ કરી દીધો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કંપનીની ફાઈનાન્સ ટીમે ૨૪,૭૭૧ ટેક્સ ફોર્મ્સની સમીક્ષા કરવા માટે આ એઆઈનો ઉપયોગ કર્યો હતો, જેનાથી અંદાજે બે અઠવાડિયાનો સમય બચી ગયો હતો. કોમ્યુનિકેશન ટીમે સ્લેક (Slack) પર આવતા નીચા જોખમવાળા પ્રશ્નોના જવાબ આપવા માટે એક ઓટોમેટેડ એજન્ટ પણ તૈયાર કર્યો છે. આ મોડલ બિઝનેસ, કાયદાકીય બાબતો, શિક્ષણ અને ડેટા સાયન્સમાં અત્યંત ચોકસાઈ સાથે કામ કરી શકે છે.નવી ટેકનોલોજી સાથે આવતા જોખમોને ધ્યાનમાં રાખીને, ઓપનએઆઈ એ જીપીટી-૫.૫ માં સૌથી મજબૂત સુરક્ષા કવચ આપ્યું હોવાનો દાવો કર્યો છે. ખાસ કરીને સાયબર સુરક્ષા અને જીવવિજ્ઞાન (Biology) સંબંધિત ઉચ્ચ જોખમ ધરાવતી વિનંતીઓ પર કડક નિયંત્રણો મૂકવામાં આવ્યા છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, વૈશાખ સુદ-08

# પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં ખરાબ ઈવીએમને કારણે મતદાન અટક્યું

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૨ બેઠકો પર મતદાન થયું હતું. શરૂઆતના તબક્કે મતદાન શારૂ રહ્યું હતું, પરંતુ બપોરની ગરમી વધતા મતદારોની સંખ્યા ઓછી થઈ હતી. પશ્ચિમ બંગાળમાં તમામ પક્ષોએ ખૂબ આક્રમકતાથી પ્રચાર કર્યો હતો. ચૂંટણી કમિશનના સબ સલામતના દાવા વચ્ચે ઘણી જગ્યાએ ચૂંટણી કમિશન નિષ્ફળ હોવાના પુરાવા મળ્યા હતા. કેટલાક સ્થળે ઈવીએમ બગડી જતા મતદાન અટકી ગયું હતું અને મતદારો પાછા ફર્યા હતા. મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગા ક્ષેત્રમાં ઘણા બુથો પર ઈવીએમ ખરાબ થઈ ગયા હતા. પુર્વિ મેદીનીપુરના નંદીગ્રામ ક્ષેત્રમાં પણ ઈવીએમમાં ટેક્નીકલ મુશ્કેલી ઉભી થઈ હતી. ઝારગ્રામ જિલ્લામાં એક મતદાન કેન્દ્ર પાસે હાથી આવી જતા મતદારો ડરીને ભાગી ગયા હતા.ગયા વર્ષે નેપાળમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પછી બદલાયેલા રાજકીય સમીકરણો પછી સત્તા પર બાલેન શાહ સરકાર આવી હતી. સરકાર બન્યાના એક મહિનો પુરો થતા પહેલા જ બે મંત્રીઓએ રાજીનામા આપી દીધા છે. ગૃહમંત્રીએ પણ રાજીનામું આપ્યું છે. વિદ્યાર્થી સંગઠનના મુદ્દાને કારણે યુવાનો ગુસ્સામાં છે અને ભારત બોર્ડર સાથે લાગીને આવેલા વિસ્તારોમાં સરકાર વિરુદ્ધ દેખાવો થઈ રહ્યા છે. રૈપરમાંથી રાજનેતા બનેલા બાલેન શાહ ૩૫ વર્ષની ઉંમરે પ્રધાનમંત્રી બની ગયા હતા. નેપાળની પ્રજાને એમની પાસે ઘણી અપેક્ષા હતી. હવે ફરીથી સરકાર અસ્થિર બની ગઈ છે. મની લોન્ડરીંગના આરોપોને કારણે ગૃહમંત્રીએ રાજીનામું આપવું પડયું છે. નેપાળના વિરોધ પક્ષો અને સિવિલ સોસાયટી ભ્રષ્ટ પ્રધાનો પાસે રાજીનામા માંગી રહ્યા છે.કાશ્મીરી આંતકવાદી યાસીન મલીક તિહાર જેલમાં કેદ છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ એમને મળી રહ્યા છે એવી તસવીર તેમજ બીજા કેટલાક કહેવાતા પુરાવાઓ રજૂ કરીને યાસીન મલીકે એવો દાવો કર્યો હતો કે ભારતના સિનિયર નેતાઓ સાથે મળીને એમણે કામ કર્યું હતું. યાસીન મલીકની આ રજુઆતને નેશનલ ઈન્વેસ્ટીગેટીવ એજન્સી (એનઆઈએ)એ દિલ્હી હાઈકોર્ટમાં વિરોધ કર્યો છે. જસ્ટીસ નવીન ચાવલા અને જસ્ટીસ રવીન્દ્ર ડુડેજાની બેન્ચ સમક્ષ એનઆઈએએ કહ્યું હતું કે કાશ્મીરને ભારતથી અલગ કરવા માટે યાસીન મલીક પાકિસ્તાનના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિના સંપર્કમાં હતો. પોતાના સંપર્કોનો ઉપયોગ મલીક આતંકવાદીઓને મદદ કરવા માટે કરતો હતો. તત્કાલીન વડાપ્રધાન અને અધિકારીઓ સાથેના પોતાના સંબંધનો દાવો એણે લોકોની સહાનૂભૂતી મેળવવા માટે કર્યો છે.સુપ્રિમ કોર્ટમાં એક સુનાવણી દરમિયાન કોર્ટે એવી ટીપ્પણી કરી હતી કે, અમે તમામ મોટા લેખકો અને વિચારકોનું સન્માન કરીએ છીએ. જોકે વોટસએપ યુનિવર્સિટી દ્વારા મળેલી જાણકારીનો સ્વિકાર કરતા નથી. આ ટીપ્પણી સુપ્રિમ કોર્ટની ૯ જજોની બંધારણ બેન્ચે કરી હતી. આ બેન્ચ ધાર્મિક સ્થળો પર મહિલાઓ સાથે ભેદભાવ તેમજ ધાર્મિક સ્વતંત્રતા બાબતે સુનાવણી કરી રહી હતી. એમાં કેરળનું શબરીમાલા મંદિર પણ સામેલ હતું. સુનાવણી વખતે દાઉદી વહોરા સમુદાય તરફથી હાજર વકીલ નીરજ કિશન કૌલએ કોંગ્રેસના નેતા શશી થરૂરના એક લેખનો ઉલ્લેખ કર્યો હતો. એ વખતે સીજેઆઈ સૂર્યકાંતે કહ્યું હતું કે, વ્યક્તિગત અભિપ્રાય વ્યક્તિગત હોઈ શકે છે. એ વખતે જસ્ટીસ બીવી નાગરત્નાએ હળવાશથી કહ્યું હતું કે, જાણકારી વોટસએપ યુનિવર્સિટી દ્વારા મેળવાયેલી નહીં હોવી જોઈએ.પશ્ચિમ બંગાળમાં પહેલા તબક્કાના મતદાન વખતે ઠેરઠેર ઘર્ષણના સમાચાર મળ્યા હતા. કુમારગંજ ખાતે વાતાવરણ ખૂબ તણાવપૂર્ણ હતું. અને થયેલી હિંસાને કારણે વાતાવરણ ગરમાયું હતું. ભાજપના ઉમેદવાર સુવેંદુ સરકાર પર ટોળાએ કરેલા હુમલાનો વિડિયો વાયરલ થયો હતો. સુવેંદુ સરકારને ટોળાએ માર માર્યો હોવાની વાત વાયરલ થતા બંને પક્ષો વચ્ચે તંગદીલી સર્જાઈ હતી. હુમલા પછી સુવેંદુ સરકારે એના બોડીગાર્ડ સાથે સ્થળ પરથી નિકળી જવું પડયું હતું. ભાજપે આક્ષેપ કર્યો હતો કે, એમના પોલીંગ એજન્ટોને ૮-૧૦ બુથોમાંથી જબરદસ્તીથી બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે બુથ નંબર ૨૪ પર પરિસ્થિતિ જોવા ગયા હતા ત્યારે સુવેંદુ અને એમની ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો. એ વખતે કેન્દ્રીય સુરક્ષા દળો પણ હાજર હતાં, પરંતુ હિંસા વકરી ગઈ હતી. બીજી તરફ કેટલીક જગ્યાએ તૃણમુલ કોંગ્રેસ અને આમ જનતા ઉન્નયન પાર્ટીના કાર્યકરો વચ્ચે હિંસા થઈ હતી. બોમ્બે હાઈકોર્ટે ૨૦૦૬ માલેગાંવ બોમ બ્લાસ્ટ કેસમાં અગત્યનો ચુકાદો આપીને ચાર આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

### જિલ્લા પંચાયત કંબોઈ સીટના ઉમેદવાર આશાબેન ઠાકોરની ભવ્ય કાર રેલીમાં ૨૪ ગામોમાં કેસરિયો માહોલ

# પાટણ જિલ્લા પંચાયત કંબોઈ સીટના ઉમેદવાર આશાબેન ઠાકોરની ભવ્ય કાર રેલી

### કંબોઈ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપનો શક્તિ પ્રદર્શન : વિશ્વાસ અને વિકાસના સંદેશ સાથે ગ્રામજનોએ કર્યો ઉષ્માભેર સ્વાગત

નિતિન ઠાકર ચાણસ્મા



કંબોઈ જિલ્લા પંચાયત બેઠક માટે ભાજપના ઉમેદવાર આશાબેન વિક્રમજી ઠાકોર દ્વારા આજરોજ ભવ્ય કાર રેલી યોજાઈ હતી આ રેલીમાં ભાજપના કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં જોડાયા હતા જેના કારણે સમગ્ર વિસ્તારમાં કેસરિયો રંગાઈ ગયો હતોરેલીનો પ્રારંભ ચાણસ્મા કાર્યલય થી થયો હતો જે ત્યાર બાદ ખોરસમ. ગોખરવા. ઈટોડા. દેલમાલ. કંબોઈ. રામગઢ. રૂપપુર. સરદારપુરા. . સોજીત્રા. ઈસ્લામપુરા .વસઈ . ધાણોધરડા અને જીતોડા સહિત ૨૪ ગામોથી વધુ રેલી ફરી હતીદરેક ગામે ગ્રામજનો દ્વારા આશાબેન વિક્રમજી ઠાકોર અને ભાજપના આગેવાનોનું ફટાકડા ફોડી પુષ્પાહાર પહેરાવી અને કુમકુમ તિલક કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું

ગાડીઓના લાંબા કાફલા સાથે નીકળેલી આ રેલી ભાજપની મજબૂત પકડ અને લોકસમર્થનું પ્રતિબિંબ બની હતી

આશાબેન ઠાકોરે ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે ભાજપ સરકારની લોક કલ્યાણકારી યોજનાઓ અને વિકાસ કાર્યોને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવા માટે હું રેલી દરમિયાન વિક્રમજી ઠાકોરની આગેવાની માંયુવા કાર્યકરો માં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# જિલ્લાના તમામ મતદારો ઉત્સાહભેર અને નિર્ભયતાથી વધુમાં વધુ મતદાન કરે તે માટે નાગરિકોને અપીલ કરતા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલ

પાલનપુર

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી ૨૦૨૬ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી આગામી તા.૨૬ એપ્રિલ, ૨૦૨૬ રવિવારના રોજ યોજાનાર છે, જ્યારે મતગણતરી તા. ૨૮ એપ્રિલ, ૨૦૨૬ મંગળવારના રોજ હાથ ધરવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે વિગતવાર માહિતી આપતા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટર શ્રી મિહિર પટેલે જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લા પંચાયત, ૧૦ તાલુકા પંચાયતો તેમજ પાલનપુર, ડીસા અને ધાનેરા નગરપાલિકાઓની ચૂંટણી માટે ૨૬મી એપ્રિલના રોજ મતદાન યોજાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને સુચારુ રીતે પૂર્ણ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અંદાજે ૧૯૬૧ મતદાન મથકો ખાતે ૧૫,૦૦૦ થી વધુ પોલિંગ સ્ટાફ ફરજ બજાવશે.

જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લાના આંગણે ઉજવાતા લોકશાહીના આ પવિત્ર તહેવારમાં દરેક નાગરિક પોતાનો મતાધિકાર જાગૃતતાપૂર્વક અને જવાબદારીથી ઉપયોગ કરે તે જરૂરી છે. મતદાન એ દરેકની પવિત્ર ફરજ પણ છે, જે દેશના લોકતંત્રને મજબૂત બનાવે છે. આ મહા પર્વમાં જિલ્લાના તમામ મતદારો - યુવાનો, ભાઈઓ, બહેનો તેમજ વડીલો ઉત્સાહભેર અને નિર્ભયતાથી ભાગ લે અને વધુમાં વધુ મતદાન કરે તે માટે તેમણે નાગરિકોને અપીલ કરી હતી.

મતદાન પ્રક્રિયા પારદર્શક, નિષ્પક્ષ અને સુરક્ષિત રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ જરૂરી તૈયારીઓ કરવામાં આવી છે.

# રાજુલા પોસ્ટેના ખાખબાઈ ગામેથી ગુમ થયેલ યુવાનને હ્યુમન સોર્સ અને ટેકનિકલ મદદથી શોધી કાઢતી રાજુલા પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

મ્હે.ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી. આર.વી.અસારી નાઓએ ભાવનગર રેન્જના જીલ્લાઓમાં તથા અન્ય જીલ્લામાં ગુમ થયેલ વ્યક્તિને શોધી કાઢવા સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી જીલ્લા પોલીસ અધીક્ષક શ્રી સંજય ખરાત સાહેબ નાઓએ અમરેલી જીલ્લામાં ગુમથનાર વ્યકિતઓને તાત્કાલીક શોધી કાઢવા સુચના અને જરૂરી માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે રાજુલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી નયના ગોરડીયા સાહેબે જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોયજે અન્વયે, રાજુલા પો.સ્ટે.ના ખાખબાઈ ગામેથી તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ ગુમથનાર-સુખદેવભાઈ ઉર્ફે બાલો ભાવેશભાઈ મકવાણા ઉ.વ.૩૧ ધંધો મજુરી રહે.ખાખબાઈ તા. રાજુલા જી.અમરેલી વાળો પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની મેળે જતો રહેલ હોય જે અન્વયે ગુમથનારના ભાઈ રાહુલભાઈ ભાવેશભાઈ મકવાણા ઉ.વ.૩૨ ધંધો.મજુરી રહે.ખાખબાઈ તા. રાજુલા જી.અમરેલી વાળાએ રાજુલા પો.સ્ટે. ગુમ જાહેરાત નં-૧૨/૨૦૨૬ થી દાખલ કરાવી જાણ કરતા રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.એમ.કોલાદરા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ગુમથનારની તપાસ કરી/કરાવતા હ્યુમન સોર્સ અને ટેકનિકલ મદદથી આ કામના ગુમ થનારને રાજુલા બર્બટાણા રેલ્વે સ્ટેશન મુકામેથી શોધી કાઢી ગુમ થનારનુ નિવેદન નોંધી તેમના પરીવાર સાથે સુખદ મીલન કરાવી આપી.

# જિલ્લામાં મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા ૧૦૦ મીટરના વિસ્તારમાં મત પ્રચાર માટે પ્રતિબંધ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અન્વયે અમરેલી જિલ્લામાં કુલ ૦૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે ઉપરાંત મતગણતરી તા. ૨૮.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે.ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમરેલી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ અન્વયે સમગ્ર જિલ્લામાં મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મત પ્રચાર કરી શકશે નહીં. મત પ્રચાર માટે સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ઉપરાંત મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા, કોઈપણ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી, અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા, સાથે ચૂંટણીમાં મત ન આપવા બાબતે સમજાવવા, ચૂંટણી લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી, સેલ્યુલર કે મોબાઈલ ફોન,કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ કે અન્ય વિજાણુ સંદેશાવ્યવહારના સાધનો લઈ જવા પર પ્રતિબંધ રહેશે. વાહનો સાથે આવવા પર પણ પ્રતિબંધ રહેશે.

# સાગબારા માં મામા ફોઈ ના છોકરાઓ વચ્ચે પ્રેમ સંબંધ માં લગ્ન નહીં કરવા દે તેવી બીકે બંને એ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું

### નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં બનેલી ઘટના મા બન્ને પ્રેમીઓ એ ફાંસો ખાઈ આપઘાત કરવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે

રાજપીપલા | પ્રાપ્ત માહિતી મુજબ ગાયત્રીબેન સંદિપભાઈ વસાવા ઉ.વ.૧૫ રહે.મહુપાડા, તા.સાગબારા, જી.નર્મદા તથા (૨) નિખીલભાઈ મહેંદ્રભાઈ વસાવા ઉ.વ.૧૯ રહે.ઉભારીયા તા.સાગબારા, જી.નર્મદા નાઓ બન્ને છેલ્લા ચાર પાંચ મહીનાથી એક બીજાના પ્રેમ સબંધ માં હોય અને તેઓ બન્ને સગા મામા ફોઈના છોકરાઓ થતા હોય જેથી તેમના માતા પિતા તેમના લગ્ન નહી થવા દેશે તેમજ સાથે પણ રહેવા દેશે નહી તેવુ તેમના બન્નેના મનમાં લાગી આવતા બન્ને એ મોત વ્હાલું કરવા નું નકકી કરી ઉભારીયા ગામની સીમમા આવેલ પીપળાના ઝાડ ઉપર અલગ અલગ ડાળી સાથે પોત પોતાની જાતે ગાયત્રીબેને દુપટ્ટા વડે તેમજ નીખીલ ભાઈએ દોરડા વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા સાગબારા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજપીપળા માં બાઇક પર રૂ.1.40 લાખ ભરેલી બેગ મૂકી હોટલ માં જમવા ગયા અને બેગ ચોરી થઈ

### રાજપીપળામાં બાઈક પર મુકેલી રૂપિયા. ભરેલી બેગ ચોરી થતા ઘટના સંદર્ભે પોલીસ ફરિયાદ નોંધવા પામી છે

રાજપીપલા | રાજપીપળા માં બાઈક પર મુકેલી રૂપિયા. ભરેલી બેગ ચોરી થતા ઘટના સંદર્ભે પોલીસ ફરિયાદ નોંધવા પામી છે . પ્રાપ્ત માહિતી મુજબ નજીક ના ભુછાડ ગામના શૈલેષભાઈ બુધીયાભાઈ મોહનભાઈ વસાવા, એ આપેલ ફરિયાદ મુજબ તેઓ રાજપીપલા છોટુભાઈ પુરાણી શાળાની સામે આવેલ નોનવેજની હોટલ માં જમવા સારૂ ગયેલ અને હોટલ બહાર પોતાની મોટરસાયકલ મુકી મોટર સાયકલ ઉપર પોતાની પાસેના રોકડા રૂપિયા ૧,૪૦,૦૦૦/- મુકેલ બેગ મુકી જમવા હોટલમા ગયેલ અને જમીને પરત આવેલ તે સમયગાળા દરમિયાન રોકડા રૂપિયા ૧,૪૦,૦૦૦/- મુકેલ બેગ મોટરસાયકલ ઉપરથી કોઈ અજાણયો ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુનો કરતા રાજપીપળા પોલીસે અજાણ્યા ચોર ને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ગરમાવો:- ભાજપ દ્વારા જંગી પ્રચાર અભિયાન અને રેલીઓનો ધમધમાટ..

ડાંગ | ડાંગ જિલ્લા ભાજપ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને 'વિકાસના માર્ગે ડાંગ - ભાજપ સાથે અડગ સંકલ્પ'ના સૂત્ર સાથે પ્રચાર અભિયાન તેજ બનાવવામાં આવ્યુ છે.ડાંગ જિલ્લા પ્રમુખ કિશોરભાઈ ગાવિત અને સંગઠન પ્રભારી રાજેશ દેસાઈનાં નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં સુવ્યવસ્થિત આયોજન સાથે પ્રચાર કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આ અભિયાનમાં ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય વિજયભાઈ પટેલ તેમજ પીઢ નેતા મધુભાઈ કથિરીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતની તમામ બેઠકો પર સઘન જનસંપર્ક અને બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપની ટીમ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ તથા જિલ્લામાં થયેલા વિકાસકામોની વિગતો જનતા સુધી પહોંચાડવામાં આવી રહી છે. સાકરપાતળ જિલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસના ગઢમાં ભવ્ય પગપાળા અને વાહન રેલી યોજી ભાજપે શક્તિપ્રદર્શન કર્યું હતું. આ ઉપરાત,જિલ્લાની તમામ બેઠકો પર યુવા મોરચા દ્વારા બાઈક રેલીઓનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં 'જનસમર્થન ભાજપને- જનસમર્થન વિકાસને'નો સંદેશ ગુંજ્યો હતો.આહવા ખાતે યોજાયેલા કાર્યક્રમોમાં પૂર્વ જિલ્લા પ્રમુખો દશરથભાઈ પવાર, દિલીપભાઈ ચૌધરી સહિત જિલ્લાના અનેક હોદ્દેદારો, ગ્રામ પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

# દેશલપર (ગુંતલી) ખાતે કોંગ્રેસની જાહેર સભામાં જનસમર્થન ઉમટ્યું, વિજયનો વિશ્વાસ વ્યક્ત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે તા 24/04/2026ના રોજ સવારના 10:00 વાગે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા યોજાયેલી જાહેર સભા રાજકીય રીતે મહત્વપૂર્ણ સાબિત થઈ હતી. ગામના લક્ષ્મી નારાયણ મંદિર સામે નાના ચોક ખાતે યોજાયેલી આ સભામાં મોટી સંખ્યામાં ગ્રામજનો, આગેવાનો અને કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. સભા દરમિયાન જિલ્લા પંચાયત નિરોણા સીટના ઉમેદવાર રાજેશભાઈ મમુમાઈ આહીર તથા તાલુકા પંચાયત સીટના



ઉમેદવાર સલીમભાઈ મુસાભાઈ જીએજાના સમર્થનમાં જોરદાર પ્રચાર કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત નેતાઓએ પોતાના સંબોધનમાં કોંગ્રેસ પાર્ટીની નીતિઓ, વિકાસલક્ષી વિચારો અને સ્થાનિક પ્રશ્નો પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો.વક્તાઓએ વિસ્તારના વિકાસ, રોજગાર, શિક્ષણ અને આધારભૂત સુવિધાઓ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવી મતદારોને કોંગ્રેસને સમર્થન આપવા અપીલ કરી હતી. સભા દરમિયાન "બદલાવ લાવો, કોંગ્રેસ લાવો" જેવા નારા ગુંજતા સમગ્ર વાતાવરણ રાજકીય ઉત્સાહથી છલકાયું હતું.આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ મહામંત્રી જુસબ સોઢાએ જણાવ્યું હતું કે દેશલપર (ગુંતલી) તાલુકા પંચાયત સીટમાં કોંગ્રેસનું પલડું ભારે છે અને આવનારા સમયમાં કોંગ્રેસ નિશ્ચિત જીત હાંસલ કરશે. તેમણે કાર્યકરોને એકજૂટ રહી મજબૂતીથી પ્રચાર કરવા આહ્વાન કર્યું હતું.સભામાં હાજર લોકોએ ઉમેદવારોને વિજયી બનાવવા માટે પૂર્ણ સમર્થન આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ખાસ કરીને યુવાનો અને વડીલોની નોંધપાત્ર હાજરી કોંગ્રેસ માટે સકારાત્મક સંકેત માનવામાં આવી રહી છે.આ સમગ્ર કાર્યક્રમ કોંગ્રેસ માટે શક્તિ પ્રદર્શન સમાન સાબિત થયો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે અને આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ સભા મહત્વપૂર્ણ ગણાઈ રહી છે.કાર્યક્રમનું સંચાલન જુસબ સોઢા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ હાજી આધમ લુહાર દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ગામના સામાજિક આગેવાન શંભુસિંહ રાઠોડે વિશેષ જહેમત ઉઠાવી હતી. અંતે માજી સરપંચ મુસાભાઈ જીએજાએ તમામ આગેવાનો અને કાર્યકરોનું સન્માન કર્યું હતું.

# જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવા તંત્ર દ્રારા તમામ તૈયારીઓ પૂર્ણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૪ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે જાણકારી આપતા જણાવ્યું હતું, જિલ્લા પંચાયતની ૩૦, જિલ્લાની તમામ નવ તાલુકા પંચાયતની ૧૫૮, કેશોદ નગરપાલિકાની ૯ વોર્ડની ૩૫ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજવા માટે જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને તા.૨૬મી એપ્રિલના રોજ મતદાન પ્રક્રિયા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્રાર તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે આયોજિત પ્રેસ કોન્ફરન્સ માં વધુમાં જાણકારી આપતા જણાવ્યું હતું કે, તા. ૨૬ એપ્રીલના રોજ મતદાનનો સમય સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી રહેશે. ચૂંટણી માટે જરૂરી સ્ટાફનું ડેપ્લોયમેન્ટ, ઈવીએમ (EVM) સંબંધિત અધિકારીઓને પહોંચાડવા સહિતની કામગીરીની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મતદારોએ મતદાન કરવા માટે ઓરિજિનલ ચૂંટણી કાર્ડ (Voter ID) સાથે રાખવું જરૂરી છે. જો ચૂંટણી કાર્ડ ન હોય, તો ચૂંટણી પંચ દ્વારા નક્કી કરાયેલા અન્ય ૧૪ દસ્તાવેજો જેમ કે આધાર કાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ વગેરે ઓરિજિનલ રજૂ કરીને મતદાન કરી શકાશે.તેમણે ઉમેર્યુ હતુ કે, મતદાન મથકની અંદર મોબાઈલ કે કેમેરા લઈ જવા પર મનાઈ છે. મતદારોને મતદાર યાદીમાં નામ છે કે નહી તે જાણવા માટે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ સંપર્ક કરવો અથવા રાજ્ય ચૂંટણી પંચની વેબસાઈટ પરથી પણ જાણી શકાશે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મતદાન કરવાની પ્રક્રિયા અને મતદારોને મતદાન દરમિયાન રાખવાની થતી કાળજી અંગે જણાવ્યુ હતુ કે, નગર પાલિકાની સામાન્ય ચૂંટણીમાં મતદારે મત કુટીરમાં રાખેલ મતદાન એકમમાં પોતાની પસંદગીના વધુમાં વધુ ચાર ઉમેદવારો સામેનું વાદળી બટન દબાવી, ત્યારબાદ મતદાન એકમમાં સૌથી છેલ્લે આપેલ રજીસ્ટર બટન ફરજિયાત પણે દબાવવાનું રહેશે. રજીસ્ટર બટન દબાવ્યા બાદ જ બીપ અવાજ સંભળાશે. જેનાથી ખાતરી થશે કે મત રજીસ્ટર થયેલ છે. રજીસ્ટર બટન ન દબાવવાના કિસ્સામાં આપના મતની નોંધણી થશે નહીં. મતદારે પોતાની પસંદગી સિવાયના અન્ય ઉમેદવાર સામેનું બટન ભૂલથી દબાવેલ હોય તેવા કિસ્સામાં રજીસ્ટર બટન દબાવ્યા પહેલા પોતાની પસંદગી સિવાયના આવા ઉમેદવાર સામેનું બટન પુનઃ દબાવતા તે ઉમેદવાર ડીસીલેકટ થાય છે.

### જૂનાગઢમાં સ્વીપ એક્ટિવિટી અન્વયે વાર્તાલાપ અને મતદાન જાગૃતિ ગરબા યોજાયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨૪, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને સ્વીપ (SVEEP) નોડલ અધિકારીશ્રીની સૂચના અન્વયે જૂનાગઢ જિલ્લામાં તમામ તાલુકાની શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો દ્વારા પ્રથમ વખત મતદાન કરનાર યુવાનો સાથે શાળા કક્ષાએ વાર્તાલાપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આંગણવાડી કાર્યકર, એ.એન.એમ.,આશા બહેનો અને સ્વ સહાય જૂથના બહેનો દ્વારા મતદાન જાગૃતિ અન્વયે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના લોકોને મતદાનના મહત્વ વિશે માહિતગાર કરવા, તેઓને ચૂંટણીમાં સક્રિય ભાગ લેવા અને વધુમાં વધુ મતદાન કરવા માટે પ્રેરિત કરવાનો હતો. તેમ જિલ્લા સ્વીપ નોડલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢમાં રાણપુર, મેંદપરા અને ચુડા ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨૪, સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા 'પોષણ પખવાડિયા-૨૦૨૬' ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીનું અસરકારક અમલીકરણ તેમજ જન આંદોલન ડેશબોર્ડ પર એન્ટ્રી થાય તે માટે ભેસાણ ઘટકના સેજા કક્ષાએ 'પોષણ પખવાડિયા-૨૦૨૬' ની ઉજવણીના ભાગરૂપે વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાણપુર, મેંદપરા અને ચુડા સેજામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ટી.એચ.આર અને શ્રીઅન્ન/મિલેટસમાંથી બનતી પૌષ્ટિક વાનગીઓ બનાવવામાં આવી હતી. જેમાં પોષણ વાનગી સ્પર્ધાની હરિફાઈ અંતગર્ત પ્રથમ, દ્વિતીય અને તુતીય નંબર આપવામાં આવ્યા હતા. જેમને પ્રમાણપત્ર આપીને આ આંગણવાડી કાર્યકરોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### સંકલ્પની સિદ્ધિ નહીં પણ શુદ્ધિ જરૂરી : મોરારિબાપુ

# માનસ "શિવસંકલ્પ" રામ કથાના સાતમા દિવસનું સફળ આયોજન

તખુભાઈ સાંડસુર | વેળાવદર

ભાવનગર જિલ્લાની તીર્થ ભૂમિ પાલીતાણા ખાતે ગવાતી 'માનસ -શિવસંકલ્પ' રામ કથા આજે 24 એપ્રિલ શુક્રવારના રોજ સાતમા દિવસમાં પ્રવેશ કરી સુખરૂપ રીતે સંપન્ન થઈ. બ્રહ્મલીન પૂ. વિજયગીરબાપુની તપસ્થલી એવી સગાપરા ધાર કૈલાસ ટેકરી ખાતે પૂ લાલગીરીબાપુની પાવન નિશ્રામાં આ કથા ગવાઈ રહી છે. આજે સાતમા દિવસની કથાનો સંવાદ કરતા પૂ.મોરારિબાપુએ કહ્યું કે પાલીતાણાની તીર્થભૂમિ એ પરચાની ભૂમિ નથી પરંતુ તે વાસ્તવમાં પરિચયની ભૂમિ છે.અહીંની સમર્થ ચેતનાઓ જેમાં પૂ.રણછોડગીરીબાપુ પૂ. બજરંગદાસ બાપા અને પૂ હરિરામ બાપુ ગોદડીયા જેવા મહાપુરુષોએ પોતાની સાથે આ ભૂમિનો પણ પરિચય આપ્યો છે. તેથી આ ભૂમિ પરિચય કરવા જેવી ભૂમિ છે.સંકલ્પ સિદ્ધ થાય તેના બદલે તે શુદ્ધ થાય તે જરૂરી છે.જાગૃત અને સુષુપ્ત દશામાં આપણા સંકલ્પો શુદ્ધ રહેવા જોઈએ. પરચા માણસને આંધળો કરે અને પરિચય એ દેખતા કરે છે. શબ્દ એ ઔષધી છે. શુદ્ધની ખૂબ આવશ્યકતા છે સંકલ્પ સિદ્ધિ માટે એકાંત સેવવું જોઈએ. તે નિર્વિકાર,નિર્વિષય હોવું જોઈએ. તેટલું જ જરૂરી મૌન પણ છે, તે આપણી સંપદા છે,તેને સાચવવી જોઈએ.શુદ્ધિ માટે સાત વસ્તુની જરૂર પડે. એકાંત, મૌન, પ્રાણબળ વધારવું, સદગુરુ ચરણ મન સ્વચ્છ રાખવું, દેહ શુદ્ધિ,ચિત એકાગ્રતા અને અહંકાર ન આવે તે.કથા ક્રમમાં આજે રામ જન્મની પૂર્વ ભૂમિકા, રામ જન્મના પાંચ કારણો, માતા કૌશલ્યા સહિતના દશરથજીના રાણીઓને ખિરનો પ્રસાદ અને પછી ભગવાન રામજીનું પ્રાગટ્ય એ કથાઓ ભાવવાહી રીતે રજૂ થઈ હતી. આજની કથામાં આંતરરાષ્ટ્રીય કથાકાર શ્રી હર્ષદભાઈ જોશી( નોઘંણવદર) શ્રી રામકૃષ્ણ શાસ્ત્રી કુંઢેલી ઉદ્યોગપતિ શ્રી વલ્લભભાઈ સવાણી, શિક્ષણકાર શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાની વગેરેની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આવતીકાલે એટલે કે રવિવાર તા 26ના રોજ કથાની પૂર્ણાહુતી થશે.મંચ વ્યવસ્થાપનમાં શ્રી નિલેશભાઈ વાવડીયા અને સંચાલન શ્રી. દિપકભાઈ રાજ્યગુરુ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

# જૂનાગઢ જિલ્લામાં આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા "પૌષ્ટિક વાનગી સ્પર્ધા- ૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨૪, ગત તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ જૂનાગઢ જિલ્લાના આઈ.સી.ડી. એસ. શાખા જિલ્લા પંચાયત દ્વારા માણાવદર ઘટકમાં સરદારગઢ સેજામાં, કેશોદ ઘટક-૨ ના કેવદ્રા અને મેસવાણ સેજામાં તથા વંથલી ઘટકના કણજા- ૧ સેજામાં આંગણવાડી કેન્દ્રમાં "પૌષ્ટિક વાનગી સ્પર્ધા ૨૦૨૬" યોજાઈ હતી. જે અંતર્ગત ટી.એચ.આર. અને મિલેટસમાંથી વિવિધ વાનગી બનાવી નિદર્શન રાખવામાં આવ્યું હતું. આંગણવાડીના લાભાર્થીઓને આપવામાં આવતું THR એ માત્ર રાશન નથી, પણ પોષણનો ખજાનો છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીને માત્ર ગણતરીની કલાકો બાકી ત્યારે આપ પાર્ટીના કાર્યકર્તાએ ભાજપનો કેસ ધારણ કરતા રાજકારણ ગરમાયું

અશોક મણવર | અમરેલી

અમરેલીના બગસરા તાલુકા પંચાયતની 16 બેઠક જિલ્લા પંચાયતની 2 બેઠક અને નગરપાલિકાની 28 બેઠકો વચ્ચે 26 એપ્રિલે ત્રિપાંખિયો જંગ ખેલાશે ભાજપના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો આમ આદમી પાર્ટીના કાર્યકર્તાએ વિકાસ કામોને વેગવંતુ રાખવા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી જોડાયા બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખરના પ્રયાસોથી આપ પાર્ટીના કાર્યકર્તાએ ભાજપનો કેસ ધારણ કરતા રાજકારણ ગરમાયું જુના વાઘણીયા જિલ્લા પંચાયત સીટના આપ પાર્ટીના પ્રભારી લાલજીભાઈ પાલાભાઈ દાફડા તેમજ અનિલભાઈ ધનજીભાઈ દાફડા, વિજયભાઈ ઉકાભાઈ દાફડા, રોહિતભાઈ મંગાભાઈ દાફડા, સાગરભાઈ મૂળજીભાઈ દાફડા, પ્રફુલભાઈ કનુભાઈ દાફડા તેમજ દેવીપુજક સમાજના સતિષભાઈ ડાભી સહિત આગેવાનોએ આમ આદમી પાર્ટી છોડીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

# જૂનાગઢમાં તા.30-04-૨૦૨૬ ના જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨૪, આગામી તારીખ ૩૦-૦૪-૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે વિડીયો કોન્ફરન્સ રૂમ, કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન, જૂનાગઢ ખાતે જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જેમાં જિલ્લા કલેક્ટરશ્રી અને સંબંધિત અધિકારીગણ અરજદારોને સાંભળશે. ઉપરોક્ત કાર્યક્રમમાં સુનિશ્ચિત સમયગાળામાં અરજી કરેલા અરજદારોએ સમયસર હાજર રહેવું.

# પાટણ નગરપાલિકાના 7 વિકાસ કામોને મંજૂરી : પ્રાદેશિક કમિશનરે સભ્યોના નામંજૂર ઠરાવોને રદ કર્યા

પાટણ : પાટણ નગરપાલિકાના સભ્યો દ્વારા નામોંજૂર કરાયેલા સાત વિકાસ કાર્યોને ગાંધીનગરના પ્રાદેશિક કમિશનરે મંજૂરી આપી દીધી છે. ચીફ ઓફિસર હિરલબેન ઠાકરની રજૂઆત બાદ કમિશનરે આ નિર્ણય લીધો છે, જેમાં સભ્યોને અંગત અદાવતથી દૂર રહેવા પણ તાકીદ કરવામાં આવી છે. પાટણ નગરપાલિકાની મુદત 14 એપ્રિલે પૂર્ણ થઈ તે પહેલાં, ગત વર્ષે 30 ઓક્ટોબર, 2025ના રોજ મળેલી સામાન્ય સભામાં કુલ 75 કામો રજૂ કરાયા હતા. તેમાંથી સાત મહત્વના વિકાસ કાર્યોને સત્તાધારી પક્ષના સભ્યોએ કોઈ નક્કર ટેકનિકલ કારણ વિના બહુમતીના જોરે નામોંજૂર કર્યા હતા.

આ બાબતને ગંભીરતાથી લઈને ચીફ ઓફિસર હિરલબેન ઠાકરે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-1963ની કલમ-258(1) હેઠળ ગાંધીનગર ખાતેની પ્રાદેશિક કમિશનરની કચેરીમાં સમીક્ષા માટે દરખાસ્ત કરી હતી. ચીફ ઓફિસરે રજૂઆત કરી હતી કે સભ્યોએ માત્ર પોતાનું મહત્વ સાબિત કરવા માટે જનહિતના કામો અટકાવ્યા છે.

આ મામલે પ્રાદેશિક કમિશનર, ગાંધીનગર ઝોન સમક્ષ કેસ નોંધાયો હતો. જેમાં ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખની મૌખિક રજૂઆતો તથા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. કમિશનરે 19 પાનાનો વિસ્તૃત ચુકાદો આપતા નોંધ્યું કે ચૂંટાયેલા સભ્યોએ અંગત અદાવત કે સત્તાના પ્રદર્શન માટે વિકાસના કામોમાં અવરોધ ઊભો ન કરવો જોઈએ.

# મહેનત અને માર્ગદર્શનથી આમારા શાળાના વિદ્યાર્થીઓએ ઉભી કરી સફળતાની નવી ઉંચાઈ, આમારા શાળાના તારલાઓ ચમક્યા



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાની શ્રી આમારા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં લેવાયેલી NMMS (નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ) પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળા, ગામ તથા સમગ્ર તાલુકાનું ગૌરવ વધાર્યું છે. ગ્રામિણ વિસ્તાર હોવા છતાં વિદ્યાર્થીઓએ પોતાની મહેનત, લગન અને શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનના કારણે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

આ પરીક્ષામાં આયર કુણાલ શાંતિલાલએ ૧૫૫ ગુણ મેળવી કચ્છ જિલ્લામાં ૭મો ક્રમ તથા નખત્રાણા તાલુકામાં ૧લો ક્રમ મેળવી મેરિટ યાદીમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે સીજુ હાર્દિશ રામજીભાઈએ ૧૩૯ ગુણ સાથે તાલુકામાં ૨જો ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેમજ નાકરાણી કીર્તન અરવિંદભાઈએ ૧૩૫ ગુણ સાથે તાલુકામાં ૩જો ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

તે ઉપરાંત ધોરણ ૫ની CET (કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) પરીક્ષામાં પણ શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ મેરિટમાં સ્થાન મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં આહિર આર્યન હિતેન્દ્રભાઈ, પટેલ ધર્મ છગનભાઈ અને આયર કિંજલ ખીમજીભાઈનો સમાવેશ થાય છે.

શાળાના આ ઉત્તમ પરિણામને લઈ સમગ્ર ગામમાં આનંદનો માહોલ છે. શાળાના આચાર્યશ્રી, શિક્ષકમંડળ તથા SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ)ના સભ્યોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

સામાજિક આગેવાન વેરશીભાઈ આહીરે અભિનંદન આપતાં જણાવ્યું કે, "આમારા શાળાના વિદ્યાર્થીઓએ જે સિદ્ધિ હાંસલ કરી છે તે સમગ્ર ગામ માટે ગૌરવની બાબત છે. શિક્ષકોની મહેનત અને વિદ્યાર્થીઓની સતત અભ્યાસપ્રવૃત્તિના કારણે આજે આ સફળતા મળી છે. આવા બાળકો ભવિષ્યમાં ગામ અને દેશનું નામ વધુ ઊંચું કરશે."

શિક્ષકો અને ગામના આગેવાનોનું કહેવું છે કે આ પરિણામ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બનશે અને ગામમાં શિક્ષણ પ્રત્યે વધુ જાગૃતિ વધારશે. સમગ્ર આમારા ગામમાં આ સિદ્ધિને લઈને હર્ષ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

# સગી દીકરી પર દુષ્કર્મ કેસમાં પિતાને 20 વર્ષની સખ્ત કેદ

પાટણ : પાટણની સ્પેશિયલ પોક્સો કોર્ટે સગી દીકરી પર દુષ્કર્મ આચરવાના કેસમાં પિતાને 20 વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને 50,000 રૂપિયાનો દંડ પણ કર્યો છે અને ભોગ બનનાર સગીરાને 4 લાખ રૂપિયાનું વળતર ચૂકવવા ભલામણ કરી છે. આ ચુકાદાને સમાજ માટે દાખલારૂપ ગણાવવામાં આવ્યો છે. આ કેસ પાટણ નજીકના એક ગામનો છે, જ્યાં 53 વર્ષીય ચંદનજી વિહાજી ઠાકોર સામે તેની સગીર દીકરીએ 11 મે, 2024ના રોજ પાટણ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપી પિતા 1 જુલાઈ, 2017થી 15 જાન્યુઆરી, 2024 સુધી, એટલે કે છેલ્લા પાંચ વર્ષથી સગીરાને ધમકી આપીને તેની સાથે દુષ્કર્મ આચરતો હતો. પિતાની આબરૂ જવાની બીકે સગીરા અત્યાર સુધી મૌન રહી હતી. જોકે, 16 એપ્રિલ, 2024ના રોજ પિતાએ ફરીથી અડપલાં કરીને દુષ્કર્મ આચરતા, સગીરાએ આ બાબતની જાણ તેના ભાઈ અને માતાને કરી હતી, જેના પગલે પોલીસ ફરિયાદ નોંધાઈ. આ કેસ પાટણની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં જજ બીપીનભાઈ કે. બારોટ સમક્ષ ચાલ્યો હતો. કોર્ટે આરોપીને દોષિત ઠેરવી 20 વર્ષની સખ્ત કેદ અને 50,000 રૂપિયાના દંડની સજા ફટકારી. જો આરોપી દંડ ન ભરે તો તેને વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવી પડશે. કોર્ટે ભોગ બનનાર સગીરાને 4 લાખ રૂપિયાનું વળતર આપવા માટે પાટણ જિલ્લા કાનૂની સેવા સમિતિને ભલામણ કરી છે.

# કચ્છમાં ચોમાસા પૂર્વે પરંપરાગત 'નળિયા સંચાર'નો ધમધમાટ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લામાં આધુનિક મકાનોની સંખ્યા સતત વધી રહી છે, તેમ છતાં ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ પરંપરાગત નળિયાવાળા મકાનોનું મહત્વ અને તેની ગરિમા અડીખમ જોવા મળે છે. ચોમાસાની ઋતુ નજીક આવતાં જ જિલ્લાના અનેક ગામડાઓમાં નળિયાવાળા મકાનોમાં 'નળિયા સંચાર' (રિપેરિંગ)ની કામગીરી પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે.



કચ્છની કાળઝાળ ગરમીમાં માટીના નળિયાવાળા મકાનો કુદરતી એર-કન્ડીશનીંગ જેવું કાર્ય કરે છે. ઉનાળામાં ઘર ઠંડું અને શિયાળામાં હૂંફાળું રાખતી આ પરંપરાગત રહેઠાણ પદ્ધતિ આજે પણ પર્યાવરણને અનુકૂળ વિકલ્પ તરીકે ગ્રામ્ય વિસ્તારોમાં ઉપયોગમાં લેવાઈ રહી છે.

ચોમાસા દરમિયાન વરસાદી પાણી ઘરમાં ન ટપકે તે માટે દર વર્ષે નળિયાં ઉતારીને સફાઈ કરી ફરી ગોઠવવામાં આવે છે. આ પ્રક્રિયાને સ્થાનિક ભાષામાં 'નળિયા સંચાર' કહેવાય છે. જેમાં જૂના અને તૂટેલા નળિયાં બદલવામાં આવે છે, નીચેની વાંસ અથવા ઘાસની પટ્ટીઓને મજબૂત કરવામાં આવે છે તથા નળિયાંને યોગ્ય ઢાળ સાથે ગોઠવી વરસાદી પાણીનો નિકાલ બહાર કરવામાં આવે છે.

એક સમયે દરેક ગામમાં નળિયા સંચારના કુશળ કારીગરો સરળતાથી ઉપલબ્ધ હતા, પરંતુ હાલ નવી પેઢી આ પરંપરાગત વ્યવસાયથી દૂર જઈ રહી છે. તેમ છતાં નખત્રાણા, વિથોણ, ઉગેડી દેશલપર (ગું),જીજાંય, મુરૂ, ઐયર સહિતના ગામડાઓમાં જૂની પેઢીના કારીગરો હજુ પણ આ કળાને જીવંત રાખી રહ્યા છે.

અગાઉ એક રૂમના નળિયા સંચાર માટે માત્ર 2 થી 5 રૂપિયા લેવામાં આવતા હતા, જ્યારે આજે એ જ કામના દર 500 થી 600 રૂપિયા સુધી પહોંચી ગયા છે. ખર્ચ વધ્યા છતાં પણ કારીગરોની અછતને કારણે આ પરંપરાગત કામગીરી સતત ચાલુ રહે છે.

આ રીતે ટેકનોલોજીના યુગમાં પણ કચ્છની નળિયા સંચાર પરંપરા તેની મજબૂતી, ઉપયોગિતા અને પર્યાવરણીય અનુકૂળતાને કારણે આજે પણ અડીખમ રીતે જીવંત છે.

# જમણપુર ગામે મહેતા પરિવાર દ્વારા શ્રી સોમામ્બા માતાજીનો હવન યોજાયો



નિતીન ઠાકર ચાણસ્મા

હારીજ તાલુકાના જમણપુર ગામે મહેતા પરિવાર દ્વારા સોમામ્બા માતાજીનો હવન યોજાયો હતો.જ્યારે મહેશભાઈ મહેતા પરિવાર બિરાજમાન થયા હતા આ પ્રસંગે મોટી સંખ્યામાં માઈભકતો ઉપસ્થિત રહી યજ્ઞનારાયણના દર્શન કરી ધન્યતા અનુભવી હતી જ્યારે રોહિતભાઈ ઉર્ફે બકા મહારાજ શાસ્ત્રી હરેશ ભાઈ શાસ્ત્રી (માલસુંદ) નિતીન ભાઈ શાસ્ત્રી દ્વારા વેદોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંમ્પન્ન કરવાઇ હતી.

# શ્રી ઉગેડી પ્રાથમિક શાળામાં બાળવાટિકા અને ધોરણ 1 થી 2 ના વિદ્યાર્થીઓ દ્વારા માટી કાર્યની સર્જનાત્મક પ્રવૃત્તિ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના શ્રી ઉગેડી પ્રાથમિક શાળામાં બાળવાટિકા તેમજ ધોરણ 1 થી 2 ના વિદ્યાર્થીઓ માટે માટી કાર્યની એક અનોખી અને સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ અંતર્ગત બાળકોને વિવિધ પ્રકારની માટીનો ઉપયોગ કરીને અલગ-અલગ વસ્તુઓ બનાવવાનું પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.





વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા દ્વારા ઘડો, પ્રાણીઓના આકારો, નાની ઘરવખરીની વસ્તુઓ તેમજ વિવિધ આકર્ષક રચનાઓ તૈયાર કરી હતી. નાના બાળકોની ઉત્સાહભરી ભાગીદારીથી સમગ્ર શાળાનું વાતાવરણ આનંદમય અને સર્જનાત્મકતાથી ભરાઈ ગયું હતું. શિક્ષકગણ દ્વારા બાળકોને માટી કાર્યની મૂળભૂત તકનીકો સમજાવવામાં આવી અને સતત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી કલાત્મક પ્રતિભાનો વિકાસ થયો તેમજ હાથની કુશળતા અને નવીન વિચારોને પ્રોત્સાહન મળ્યું હતું. આ પ્રકારની પ્રવૃત્તિઓથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે અને તેઓ અભ્યાસ સાથે સાથે સર્જનાત્મક ક્ષેત્રમાં પણ આગળ વધે છે.

# શંખેશ્વરમાં માણિભદ્ર વીરનો પૂજન-હવન યોજાયો

પાટણ : જૈન તીર્થ શંખેશ્વર ખાતે ભક્તિમય માહોલમાં શાસન રક્ષક શ્રી માણિભદ્ર વીર પૂજન અને હવનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાધે વિલેજ રેસીડેન્સીમાં ધાર્મિક પ્રસંગે મુનિરાજ શ્રી પુણ્યરત્નચંદ્રજી અને ધર્મરત્નચંદ્રજી સહિતના સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રા પ્રાપ્ત થઈ હતી. વિસાવડીના વાઘેલા અજીતસંગ જાલુભા પરિવારે હવનનો લાભ લીધો હતો, જેમનું પ્રેમરત્ન માનવસેવા ટ્રસ્ટ દ્વારા બહુમાન કરાયું હતું. વિધિકાર રાજુભાઈએ પૂજન કરાવ્યું હતું અને જીતુભાઈના સંગીતે ભક્તિની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે શંખેશ્વર પોલીસના પી.આઈ. વસાવા સહિત અમદાવાદ, કચ્છ, પાટણ અને સુરેન્દ્રનગરથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે લાભાર્થી પરિવારે ગુરુ ભગવંતોને કામળી વહોરાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# મોરજર ગામ અને ગઢવી સમાજનું ગૌરવ: નમ્રતા ગઢવી PSI બનતા ગર્વની લાગણી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

મક્કમ નિર્ધાર, સંઘર્ષ અને પરિવારના સહકારથી જીવનમાં કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે - આ વાતને સાચી સાબિત કરી છે મોરજર ગામની દીકરી નમ્રતા ગઢવીએ. હાલ તેઓ મોરબી ખાતે પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) તરીકે ફરજ બજાવી રહ્યા છે, જે સમગ્ર મોરજર ગામ અને ગઢવી સમાજ માટે ગૌરવની વાત બની છે. નમ્રતાબેનના પિતા સ્વ. અરવિંદદાન ગઢવી વન વિભાગમાં



ફોરેસ્ટ ગાર્ડ તરીકે સેવા બજાવતા હતા. તેમનું સ્વપ્ન હતું કે તેમનું સંતાન પોલીસ વિભાગમાં જોડાઈ દેશસેવા કરે. આજે નમ્રતાબેને PSI બનીને તેમના સ્વર્ગસ્થ પિતાની આ ઈચ્છાને સાકાર કરી શ્રદ્ધાંજલિ અર્પી છે. નખત્રાણા કોલેજમાંથી સ્નાતક થયેલ નમ્રતાબેન માટે આ સફર સરળ નહોતી. લગ્ન બાદ વધતી જવાબદારીઓ વચ્ચે પણ તેમણે પોતાના સપનાને જીવંત રાખ્યું. તેમના પતિના માર્ગદર્શન અને સહકારથી તેમણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરી અને સફળતા મેળવી. નમ્રતાબેને પોતાની કારકિર્દીની શરૂઆત અંજાર ખાતે આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) તરીકે કરી હતી. તેમની મહેનત, કર્તવ્યનિષ્ઠા અને પ્રામાણિકતાના આધારે તેમને PSI તરીકે બઢતી મળી. હાલમાં તેઓ મોરબીમાં ફરજ બજાવી સમાજની સેવા કરી રહ્યા છે. નમ્રતાબેન ગઢવી સમાજની પ્રથમ મહિલા PSI બનવાનું ગૌરવ પ્રાપ્ત કરનાર છે. તેમની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે. મોરજર ગામ અને ગઢવી સમાજમાં આનંદની લાગણી છવાઈ છે અને ઠેર-ઠેરથી તેમને અભિનંદન મળી રહ્યા છે.

# પોશીનાથી NDPS ગુનાનો 9 મહિનાથી ફરાર આરોપી ઝડપાયો

સાબરકાંઠા : સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના કાલંદ ત્રણ રસ્તા નજીકથી પોલીસે NDPS ગુનામાં નવ મહિનાથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. આ આરોપીને દાંતા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે કાલંદ ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરવામાં આવી હતી. આ દરમિયાન એક્ટિવા પર પસાર થઈ રહેલા પોશીના તાલુકાના પાલિયાબિયા ગામના મશરૂભાઈ ચુનાભાઈ ગમારને રોકીને પકડવામાં આવ્યો હતો. તે બનાસકાંઠા જિલ્લાના દાંતા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS ગુનામાં છેલ્લા નવ મહિનાથી વોન્ટેડ હતો. પોશીના પોલીસ સ્ટેશનના PI ડી.એન. સાધુએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને જિલ્લામાં કોમ્બિંગ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું.

## રતડીયા ખાતે 3 એકર જમીન પર વિકસશે વિશાળ પક્ષી પોઈન્ટ – દાનવીર શિવદાસભાઈ રવાણીનો સંકલ્પ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના રતડીયા ગામના મૂળ નિવાસી અને હાલ બેંગ્લોર સ્થાયી દાનવીર શિવદાસભાઈ રવાણી દ્વારા પ્રકૃતિપ્રેમ અને જીવદયાનું અનોખું ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું છે. તેમણે 3 એકર જમીન પ્રકૃતિને અર્પણ કરી પક્ષીઓ માટે વિશાળ "પક્ષી પોઈન્ટ" બનાવવાનો સંકલ્પ કર્યો છે.કચ્છમાં કચ્છી સેવાધામ ફાઉન્ડેશન દ્વારા દાતા પરિવારોના સહયોગથી વિવિધ સ્થળોએ પક્ષી પોઈન્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેમાંથી પ્રેરાઈ રતડીયા-આમારા માર્ગ પર આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.હાલ 3 એકર વિસ્તારમાં પક્ષીઓ માટે અનુકૂળ માળખું તૈયાર કરવાની કામગીરી ચાલુ છે અને 300થી વધુ વૃક્ષોનું વાવેતર શરૂ કરવામાં આવ્યું છે. અહીં "એક ઝાડ - એક નળ" જેવી અનોખી વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે, જેથી દરેક વૃક્ષ અને પક્ષીઓને પૂરતું પાણી મળી રહે.આ અંગે માહિતી આપતા મનોજ વાઘાણી (મુછાળા) એ જણાવ્યું હતું કે કચ્છી સેવાધામ ફાઉન્ડેશન ના દાતા પરિવારોના સહયોગથી નખત્રાણા તાલુકાના વન વિસ્તારમાં અત્યાર સુધી 21 નાના-મોટા પક્ષી પોઈન્ટનું નિર્માણ થઈ ચૂક્યું છે.

## ઉમટેલી જનમેદનીએ સ્પષ્ટ કરી દીધું: વિકાસ માટેનો વિશ્વાસ ભાજપ સાથે મજબૂત, વિજય નિશ્ચિત — ધારાસભ્યશ્રી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર(ગુંતલી) ગામે ભાજપ દ્વારા આયોજિત જાહેરસભા જનઉત્સાહ અને વિશ્વાસનું પ્રતિક બની રહી હતી. સભામાં અબડાસા ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા મુખ્ય ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે નીરોણા જિલ્લા પંચાયતના ઉમેદવાર શ્રી ઘનશ્યામસિંહ જાડેજા તથા દેશલપર તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રી ઉત્પલસિંહ જાડેજા સહિત ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.સભા સ્થળે ગામ તથા આસપાસના વિસ્તારોમાંથી ઉમટેલી વિશાળ જનમેદનીએ સમગ્ર વાતાવરણ ઉત્સાહભર્યું બનાવી દીધું હતું. કાર્યક્રમ દરમિયાન ઉમેદવારો અને આગેવાનો દ્વારા જનતાને સંબોધતા વિકાસલક્ષી કાર્યો, સરકારી યોજનાઓ અને આવનારા સમયમાં હાથ ધરાનારા આયોજન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.અબડાસા ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ગામડાં સુધી વિકાસ પહોંચાડવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

# ૨૫મી એપ્રિલ એટલે યુવા પેઢીના અતિ ફેવરિટ અર્જિત સિંહનો જન્મ દિવસ

અચ્છા ચાલતા હું દુવા ઓ મેં યાદ રખના,
મેરે જિકર કા ઝુબાન પે સ્વાદ રખના..
છન્ના મેરે યા મેરે યા

આજ ૨૫મી એપ્રિલ એટલે યુવા પેઢીથી લઈને બધાના અતિ ફેવરિટ જાદુઈ અવાજ ના ધની ગાયક અર્જિત સિંહનો જન્મ દિવસ છે.પિતા શીખ પંજાબી અને માતા બંગાળી ના પુત્ર અર્જિત સિંહ ની ગાયકી માં ખાસ જાદુ છે જે સાંભળનાર ની રૂહ ને ધ્વનિ ની દિશા તરફ રીતસર નું આકર્ષે છે. થોડા દિવસ પહેલાં અર્જિત સિંહ એ કરેલ ક્ષેત્ર સંન્યાસ વાળી વાત થી લોકો ને ઉતમ ગાયક ની ગાયકી સાંભળવા નહી મળે એ વાત નો ખેદ થયો હતો.કોઈ એ સાચું કહ્યું છે કે "સિતારે આસમાની હોતે હૈ ઈસ્લિયે પૂરી કાયનાત ઈનકે ઈરાદે કો હીલા નહી શકતી" મધ્યમ વર્ગીય પરિવાર માંથી આવતા અર્જિત સિંહ એ બોલિવૂડ સંગીત ક્ષેત્રે દેશ વિદેશ માં પોતાના નામનો ડંકો વગાડી દીધો છે.વર્તમાન સમયમાં માં અર્જિત સિંહ જે સ્થાન પર છે એની પાછળ અથાક પ્રયત્નો અને પરિશ્રમ છે. જિંદગી આસન નથી હોતી એટલે તો માણસ ને ડગલે ને પગલે સ્ટ્રગલ નો સામનો કરવો પડતો હોય છે પણ જેનો ઈરાદો મજબૂત હોય એને સફળતા મળતી હોય છે. બોલિવૂડ ના સુપર સ્ટાર અમિતાભ બચ્ચન ના અવાજને એની કેરિયર ની શરૂઆત માં જ લોટ્સ ઓફ રિજેક્શન મળ્યા હતા પણ દ્રઢ નિશ્ચય કરીને અવાજ ની નિષ્ફળતા ને સફળતા અપાવી હતી. આજ અમિતાભ બચ્ચન એના અવાજ ના લીધેજ "સુપર સ્ટાર અમિતાભ બચ્ચન" છે. ૨૫ એપ્રિલ ૧૯૮૭ માં પશ્ચિમ બંગાળના મૂર્શીદાબાદ માં જન્મેલ સંગીત નિર્માતા,સંગીત કાર અને ગાયક અર્જિત સિંહ ની દુનિયા એ સ્ટારડમ મેળવ્યા બાદ થતા ફેરફાર કરતા તદન અલગ સામન્ય માણસ જેવી છે. પિશ્ચમ બંગાળની ચૂંટણી માં પત્ની કોયલ રોય નો હાથ પકડી ને સેલિબ્રિટી શબ્દ નો મૂળે થી સફાયો કરીને આમ જનતા ની માફક વોટિંગ બુથ પર આવ્યા ત્યારે એની સાદગી ની અંદર દૈદિપ્ય માન થતું ખાસ વ્યકિતત્વ લોકો ને નજરે ચઢ્યું હતું.

ક્યું કી તુમ્હી હો અબ તુમ્હી હો, ઝિંદગી અબ તુમ્હી હો,

મેરા ચેન ભી મેરા દર્દ ભી મેરી આશિકી અબ તુમ્હી હો,

સંગીત ને સાધના માની ને એમણે એમના મૂળ અવાજ ને બદલવા ખૂબ મહેનત કરી હતી. માતા બંગાળી અને પિતા શીખ પંજાબી છે પણ માતા અને નાની બન્ને સંગીત ના સાધક હતા ને એના મામા સારા તબલાવાદક હતા અને મામી એ પણ ભારતીય શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હતી. એના મામા તબલા વગાડતા ત્યારે એની મમ્મી અને મામી ને ગાતા હતા. કોલેજ માં અભ્યાસ માટે ગયા ત્યારે એ સારા શશિસ્ત વિદ્યાર્થી હતા પણ પરિવાર માં સંગીત નું વાતાવરણ વધારે હતું એટલે બાળપણ થી જ સંગીત ક્ષેત્રે આગળ વધવાની મનની ઈચ્છા હતી. માતાપિતા એ પુત્ર ની રુચિ સંગીત માં વધારે જોતા એને પ્રારંભિક સંગીત ની તાલીમ રાજેન્દ્ર પ્રસાદ હજારી પાસેથી અપાવી હતી. રાજેન્દ્ર પ્રસાદ હજારી પાસે થી અર્જિત સિંહ એ શાસ્ત્રીય સંગીત અને રવિન્દ્ર સંગીત સાથે પોપ સંગીતની પણ તાલીમ લીધી હતી.

મુસ્કુરાને કી વજહ તુમ હો,ગુન ગુનાને કી વજહ તુમ હો,

જીયા જાયે ના જાયે ના જાયે ના ઓ રે પિયા રે..



અર્જિતના અવાજનો જાદુ

- રુપાલી દવે

૯ભાષા માં ૬૫૫ ગીતો ગાય ને જે ફિલ્મ જગત માં સ્ટેટ્સ અર્જિત સિંહ એ મેળવ્યું છે ને એ હજારો ગીતો ગાયા બાદ પણ ગાયક ને મળવું અશક્ય છે. જિંદગી ના શરૂઆતી ઉતાર ચડાવ માં "ખુદ ને સફળતા ના નશા માં" ભૂલવી ન જોઈએ આ વાત અર્જિત સિંહ યુવા પેઢી ને શીખવે છે. ઈન્ડિયા નો ટોપ સિંગર એક કોન્સર્ટ ના ૧.૫ કરોડ ફી લેતા અર્જિત સિંહ ખૂબ ધનવાન હોવા છતાંય એ સાદગીપૂર્ણ વિચારધારા ધરાવતા હોવાના લીધે એ સાધારણ ઘરમાં અને મામૂલી ગાડીમાં ખુશ ખુશાલ જીવન જીવે છે એના સાદગીપૂર્ણ જીવન ને નજીક થી નિહાળવા પ્રશંસકો અને ટુરસ્ટો મુર્શીદાબાદ આવતા હોય છે. અર્જિત સિંગ ના કંઠ જાદુઈ કસક છે એનો અવાજ સાંભળતા જ દર્દ મેહસૂસ થાય છે. માણસ નું જીવન સફળતા ની પ્રાપ્તિ કરતા પહેલા કેટ કેટલી પરિક્ષાઓ માંથી પસાર થતું હોય છે.

બોલિવુડ માં ખૂબ સફળતા પ્રાપ્ત કરી એ પહેલા અર્જિત સિંહ ટીવી રિયાલિટી શો ફેમ ગુરુ કુલ ના માધ્યમ થી એનો અવાજ પ્રશંસકો સુધી પહોંચ્યો હતો.રિયાલિટી શો ફેમ ગુરુ કુલ માં એની પ્રથમ મુલાકાત રૂપ રેખા બેનર્જી સાથે થતા એની સાથે લગ્ન કર્યા હતા. પરંતુ અર્જિત સિંહ નું રૂપ રેખા બેનર્જી સાથે લગ્ન જીવન લાંબુ ટક્યું ન ટકતા બન્ને ના છૂટાછેડા થઇ ગયા હતા. પ્રથમ લગ્ન જીવન તૂટ્યા બાદ ઘણી મુશ્કેલીઓ માંથી પસાર થયા હતા પણ બાળપણની મિત્ર કોયલ રોય એના જીવન માં આવતા એણે એની સાથે બીજા લગ્ન કર્યા હતા. કોયલ રોય પણ અર્જિત સિંહ ની જેમ ડિવોર્સી ને એક દીકરી ની માતા પણ છે. વર્તમાન સમયમાં ૩૯ વર્ષીય અર્જિત સિંહ ચાર બાળકો ના પિતા છે ને ખુશ ખુશાલ પારિવારિક જીવન જીવી રહ્યા છે. આમ થોડું કીધું છે "પુરુષ ની સફળતા પાછળ સ્ત્રી નો પ્રેમ હોય છે" અર્જિત સિંહ ના જીવન માં કોયલ રોય ના પ્રવેશ બાદ એણે સફળતા ના બધા જ માપદંડ તોડી નાખ્યા છે.

ફિર લે આયા દિલ મજબુર ક્યા કીજે,
રાસ ના આયા રહેના દૂર ક્યાં કીજે..
દિલ કહ રહા હૈ ઉસે મુકમલ કર ભી આઓ..

રિયાલિટી શો ઈન્ડિયન આઈડોલની ટ્રોફી અર્જિત સિંહ જીતી શક્યા નહતા,ફેમ ગુરુકુલ માં એના ગીતો પબ્લિક અને જજ ને પસંદ તો ખૂબ આવી રહ્યા હતા પણ અંતિમ તબક્કા પહેલા જ સ્પર્ધા માંથી બહાર થઈ ગયા હતા આમ છતાંય વર્તમાન માં એની એક "ફિલ્મ જગત ને અલવિદા" વાળી જાહેરાત એ પ્રસંશકો ને દુઃખી કરી દીધા હતા. રિયાલિટી શો માંથી બહાર નીકળી ગયા બાદ અર્જિત ને એની પ્રતિભા બહાર લાવવા માટે ઘણા ગીતો અને આલ્બમ ઓફર થયા હતા પણ એ રિલીઝ ન થતા નિરાશ થઈ ને મુંબઈ થી વતન પાછા ફર્યા હતા. દસ કે લિયે દસ રિયાલિટી શો માં વિજય બન્યા બાદ ઈનામ ની રકમ મુંબઈ માં સ્ટુડિયો બનાવવામાં ખર્ચ કરી હતી.આ વાત યુવાધન ને સમજાવે છે કે લાઈફ માં હાર જીત ધ્યાન માં લેવાના બદલે ખુદ પર મહેનત કરશો તો સફળતા ને સામે ચાલીને આવવું પડશે.

વર્તમાન માં અર્જિત સિંહ એ કરોડો પ્રશંસકો ના દિલ જીતી લીધા છે એટલે તો યુ ટ્યૂબ માં સૌથી વધારે અર્જિત સિંહ ને લોકો સાંભળી રહ્યા છે. ૨૦૧૦ માં સંગીતકાર પ્રીતમ ના એક ફોન ના લીધે અર્જિત સિંહ ની કારકિર્દી સફળતા ના માર્ગ માં દોડવા લાગી હતી. સંગીતકાર પ્રીતમ સાથે કામ કરવાથી અર્જિત સિંહ ને પ્રોગ્રામિંગ કુશળતા માં વધારો થયો હતો.સલમાન ખાન સાથે એક રિયાલિટી શો માં તકરાર બાદ અર્જિત ને એની ફિલ્મ માં ગાવા નો ચાન્સ ન આપવા નો નિર્ણય લીધો હતો પણ બન્ને વચ્ચે સુલેહ થઈ જતા સલમાન ખાન ની મૂવી ને અર્જિત સિંહ એ હિટ સોંગ આપ્યા હતા. અર્જિત સિંહ એક કલાક ની કોન્સર્ટ ની ફી ૧.૫ કરોડ લે છે ને એક ગીત ગાવા ની ફી ૧૦ લાખ લે છે.

કેસરિયા તેરા ઈશ્ક હૈ પિયા રંગ જાવું જો મેં હાથ લગા કે,

દિન બીતે સારે તેરી ફિકર મેં રેન સારી તેરી ખેર મનાઉં..

# 'શાહબાનો' બનવા યામી ગૌતમે ચાર મહિના કુરાન વાંચી




## 'હક'ના ડિરેક્ટરે કહ્યું, 'ઈસ્લામિક કાયદો સમજવામાં ટીમને દોઢ વર્ષ લાગ્યું હતું'

### યામીએ આલિયાના પ્રોફેશનલિઝ્મના વખાણ કર્યાં

આલિયાની આ પોસ્ટ પર યામી ગૌતમે પણ પ્રતિક્રિયા આપી હતી. તેણે આલિયાની સ્ટોરી રી-શેર કરતા લખ્યું હતું કે, 'આટલી શાનદાર એક્ટ્રેસ અને સારી વ્યક્તિ પાસેથી આવા વખાણ મળવા ખૂબ જ ખાસ છે.'
યામીએ કહ્યું હતું કે, 'હું આલિયાના કામ અને તેના પ્રોફેશનલ વલણની હંમેશાથી ઈજ્જત કરે છે.' બંને વચ્ચે થયેલી વાતચીતને તેણે દિલથી જોડાયેલી અને સાચી ગણાવી.

(એજન્સી) મુંબઈ | તા.24

યામી ગૌતમ અને ઈમરાન હાશ્મી સ્ટારર 'હક' ફિલ્મને દર્શકો તરફથી ખૂબ પ્રેમ અને પ્રશંસા મળી. ફિલ્મમાં યામી ગૌતમે શાહ બાનોની ભૂમિકામાં પોતાનો જીવ રેડી દીધો હતો. ત્યારે યામીએ પાત્રની તૈયારી અને ફિલ્મની પ્રામાણિકતા જાળવી રાખવા માટે લગભગ ચાર મહિના સુધી કુરાન વાંચી હતી. આ વાત ફિલ્મના ડિરેક્ટર સુપર્ણ વર્માએ 'બીબીસી એશિયન નેટવર્ક'ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવી હતી.

સુપર્ણ વર્માએ જણાવ્યું કે, 'ફિલ્મના રિસર્ચ દરમિયાન ઈસ્લામિક કાયદાને સમજવામાં ટીમને લગભગ દોઢ વર્ષ લાગ્યું હતું. ફિલ્મમાં કુરાનના સંદર્ભો અને સંવાદો વાસ્તવિકતા સાથે રજૂ કરવામાં આવ્યા છે. તેથી અંતમાં 'ઈકરા' જેવા શબ્દનું વિશેષ મહત્વ રાખવામાં આવ્યું હતું. ફિલ્મમાં ટ્રિપલ તલાક અને મહેર જેવા મુદ્દાઓને સાચા સંદર્ભમાં દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.'



ફિલ્મ 'હક'માં યામી ગૌતમ ઉપરાંત ઈમરાન હાશ્મી, શીબા ચઢ્ઢા, દાનિશ હુસૈન અને અસીમ હટ્ટંગડી જેવા કલાકારો પણ હતા. ફિલ્મની વાર્તા લિંગ સમાનતા (જેન્ડક ઈક્વાલિટી), ન્યાય અને વ્યક્તિગત ગૌરવ જેવા મુદ્દાઓ પર આધારિત હતી. વાર્તામાં, શાઝિયા (યામી ગૌતમ) તેના પતિ (ઈમરાન હાશ્મી) દ્વારા બીજી વાર લગ્ન કરવા અને તેને ભરણપોષણ આપવાનો ઈનકાર કરવા પર અદાલતનો આશ્રય લે છે.

જંગલી પિક્ચર્સ, ઈન્સોમ્નિયા ફિલ્મ્સ અને બાવેજા સ્ટુડિયોના સહયોગથી બનેલી આ ફિલ્મ નવેમ્બર 2025માં થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ત્યારબાદ તેને 2 જાન્યુઆરી 2026ના રોજ OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ કરવામાં આવી હતી. આલિયા ભટ્ટ, કિયારા અડવાણી અને સંજય કપૂર જેવા સેલેબ્સે ફિલ્મની પ્રશંસા કરી હતી. આલિયાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક નોટ શેર કરી અને પોતાને યામીની ફેન ગણાવી હતી. એક્ટ્રેસે લખ્યું હતું,

"ક્વીન યામી ગૌતમ, તમે 'હક'માં અદ્ભુત છો. તમારા અભિનયમાં સત્યતા, હૃદય અને ક્લાસ સ્પષ્ટપણે દેખાય છે. આ અત્યાર સુધીની મારી સૌથી પ્રિય મહિલા પરફોર્મન્સમાંથી એક છે. મેં ફોન પર પણ કહ્યું તેમ, હું તમારી ફેન છું અને તમારા આવનારા કામની આતુરતાથી રાહ રહી છું."

# વિશ્વની સૌથી ધનાઢ્ય સિંગર રિહાના બીજી વાર ભારત આવી

## એરપોર્ટ પર પાપારાઝીને ફ્લાઈંગ કિસ આપી; 2024માં અનંત અંબાણીના લગ્નમાં પરફોર્મ કર્યું હતું

### કોણ છે રિહાના?

**રિહાનાનું પહેલું ગીત 'પોન ડે રિપ્લે' હતું. આ ગીત 24 મે 2005ના રોજ તેના પહેલા સ્ટુડિયો આલ્બમ, 'મ્યુઝિક ઓફ ધ સન'ના લીડ સિંગલ તરીકે રિલીઝ થયું હતું. બીજી તરફ, રિહાનાનું 2007નું ગીત 'અમ્બ્રેલા' તેમના કરિયરનો એક ટર્નિંગ પોઈન્ટ હતો, જેણે તેને ગ્લોબલ સુપરસ્ટાર બનાવી. આનાથી તેને પ્રથમ ગ્રેમી એવોર્ડ પણ મળ્યો. તેણે અત્યાર સુધીમાં નવ ગ્રેમી જીત્યા છે. રિહાના પ્રથમ મહિલા કલાકાર છે, જેના 10 ગીતોએ સ્પોટિફાઈ પર 1 અબજથી વધુ સ્ટ્રીમ્સ પાર કર્યા છે.**

(એજન્સી) મુંબઈ | તા.24

આંતરરાષ્ટ્રીય સિંગર રિહાના શુક્રવારે બીજી વખત ભારત પહોંચી. મુંબઈના કલિના એરપોર્ટ પર ચાહકો અને પાપારાઝીએ તેનું સ્વાગત કર્યું. તેણે હાથ હલાવીને અભિવાદન કર્યું, સ્મિત કર્યું અને કારમાં બેસતા પહેલાં ફ્લાઈંગ કિસનો ઈશારો કર્યો. આ પહેલા સિંગર વર્ષ 2024માં ભારત આવી હતી.

એવું કહેવાય છે કે તે મુંબઈમાં એક બ્યુટી બ્રાન્ડ સાથે સંકળાયેલા એક કાર્યક્રમમાં ભાગ લેવા ભારત પહોંચી છે. જોકે, આ સંબંધમાં સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.


રિહાના પ્રાઈવેટ જેટ દ્વારા મુંબઈ પહોંચી. તેણે ઓલ-બ્લેક આઉટફિટ પહેર્યો હતો અને પોનીટેલ, ડાર્ક સનગ્લાસ અને ગોલ્ડ જ્વેલરી સાથે પોતાનો લુક પૂરો કર્યો હતો. એરપોર્ટથી બહાર નીકળતી વખતે પાપારાઝી તેમને 'રીરી' કહીને બોલાવતા સંભળાયા. રિહાનાએ જવાબમાં હાથ હલાવ્યો અને સ્મિત કર્યું.

રિહાનાનું પહેલું ગીત 'પોન ડે રિપ્લે' હતું. આ ગીત 24 મે 2005ના રોજ તેના પહેલા સ્ટુડિયો આલ્બમ, 'મ્યુઝિક ઓફ ધ સન'ના લીડ સિંગલ તરીકે રિલીઝ થયું હતું.

બીજી તરફ, રિહાનાનું 2007નું ગીત 'અમ્બ્રેલા' તેમના કરિયરનો એક ટર્નિંગ પોઈન્ટ હતો, જેણે તેને ગ્લોબલ સુપરસ્ટાર બનાવી. આનાથી તેને પ્રથમ ગ્રેમી એવોર્ડ પણ મળ્યો. તેણે અત્યાર સુધીમાં નવ ગ્રેમી જીત્યા છે. રિહાના પ્રથમ મહિલા કલાકાર છે, જેના 10 ગીતોએ સ્પોટિફાઈ પર 1 અબજથી વધુ સ્ટ્રીમ્સ પાર કર્યા છે.

નોંધનીય છે કે, આ રિહાનાનો ભારતનો બીજો પ્રવાસ છે. આ પહેલા તે 2024માં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં પરફોર્મ કરવા આવી હતી.

તે 29 ફેબ્રુઆરી, 2024ના રોજ જામનગર પહોંચી હતી અને ઈવેન્ટના બીજા દિવસે પાછી ફરી હતી. માર્ચ 2024માં જામનગરમાં યોજાયેલી પ્રી-વેડિંગ સેરેમનીમાં વિશ્વભરની ઘણી જાણીતી હસ્તીઓ હાજર રહી હતી, જેમાં માર્ક ઝકરબર્ગ, પ્રિસિલા ચાન, બિલ ગેટ્સ અને ઈવાન્કા ટ્રમ્પનો સમાવેશ થાય છે.



# OTT ડેબ્યૂ માટે 30 વર્ષ જૂની 'નો કિસિંગ' પોલિસી તોડી

## કાજોલે બોલ્ડ સીન વિશે કહ્યું, 'હું ખૂબ અસહજ હતી, પણ સીન હટાવવો પાત્રને અન્યાય હોત'

(એજન્સી) મુંબઈ | તા.24

બોલિવૂડ સ્ટાર કાજોલે તેને ઓટીટી ડેબ્યૂ માટે 30 વર્ષ જૂની નો-કિસિંગ પોલીસી તોડી હતી. તાજતેરમાં કાજોલે જણાવ્યું કે, 'ધ ટ્રાયલ: પ્યાર, કાનૂન, ધોખા' વેબ સિરીઝમાં પહેલી ઓનસ્ક્રીન કિસ કરવાને લઈને શરૂઆતમાં તે અસહજ હતી. તેણે જણાવ્યું કે, ત્રણ દાયકા જૂની નો-કિસિંગ પોલિસી તેણે ફક્ત પાત્રની માંગને કારણે તોડી હતી.

કાજોલે પોતાની ત્રણ દાયકા લાંબી કારકિર્દીમાં 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'કુછ કુછ હોતા હૈ' અને 'કભી ખુશી કભી ગમ' જેવી ઘણી હિટ ફિલ્મો આપી છે. આ દરમિયાન તેણે હંમેશા ઓનસ્ક્રીન 'નો કિસિંગ પોલિસી'નું પાલન કર્યું હતું.

જોકે, વર્ષ 2023માં વેબ સિરીઝ 'ધ ટ્રાયલ: પ્યાર, કાનૂન, ધોખા'થી OTT ડેબ્યૂ કરતા તેણે પહેલીવાર ઓનસ્ક્રીન કો-સ્ટાર જીસ્સુ સેનગુપ્તા સાથે કિસ સીન આપ્યો હતો.

લિલી સિંહના પોડકાસ્ટમાં કાજોલને જ્યારે આ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, ત્યારે તેણે કહ્યું હતું કે, 'સાચું કહું તો, આ તે પાત્રની જરૂરિયાત હતી, જે હું ભજવી રહી હતી. તેનો તે રોલ અને તેની વિચારસરણી સાથે ઘણો સંબંધ હતો. આ માત્ર એક કિસ નહોતી. આ એ વિશે હતું કે તે શું વિચારતી હતી, શું ઈચ્છતી હતી અને તેની સાથે શું ન થયું. તે કઈ વાત પર ભરોસો કરતી હતી, કઈ વાત પર વિશ્વાસ રાખતી હતી અને કઈ વાત પર ન રાખી શકતી હતી. આ આખી વાર્તાનો ખૂબ જ જરૂરી ભાગ હતો, તેથી તેને હટાવવું એટલે પાત્રના એક મહત્વપૂર્ણ ભાગને હટાવવા જેવું થાત.'

'હું વચ્ચેથી બોલી દઈશ, કટ' જ્યારે પોડકાસ્ટમાં પૂછવામાં આવ્યું કે, શું એક વ્યક્તિ તરીકે પણ કાજોલ બદલાઈ, જેનાથી તેમને આ કરવામાં સહજતા અનુભવાઈ? તો એક્ટ્રેસે કહ્યું.




# કાર્તિક-શ્રીલીલાની ફિલ્મનું હજુ 45 દિવસનું જ શૂટિંગ પત્યું...

મુંબઈ : કાર્તિક આર્યન અને શ્રીલીલાની ફિલ્મ 'તુ મેરી ઝિંદગી હૈ'નું શૂટિંગ હજુ અડધે જ પહોંચ્યું છે. આથી, આ ફિલ્મની રીલિઝમાં વિલંબ થાય તેવી સંભાવના છે.

અનુરાગ બાસુએ કબુલ્યું હતું કે, આ ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ પુરુ થઈ ગયું હોવાની વાત માત્ર અફવા છે. હજુ તો આ ફિલ્મનું શૂટિંગ પ્રારંભિક ચરણમાં જ છે. હજુ ફક્ત ૪૫ દિવસનું જ શૂટિંગ થયું છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં આ ફિલ્મનાં શૂટિંગની કેટલીક તસવીરો વાયરલ થઈ હતી. બાદમાં એવા અહેવાલો આવ્યા હતા કે ફિલ્મનું મોટાભાગનુ શૂટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે.





# દિવ્યાંકા સિરોહીનું 30 વર્ષની ઉંમરે મોત

(એજન્સી) મુંબઈ | તા.24

હરિયાણવી એક્ટ્રેસ દિવ્યાંકા સિરોહીનું 30 વર્ષની ઉંમરે અચાનક મોત થયું છે. કલાકારો અને તેમની સાથે જોડાયેલા લોકો સાથેની વાતચીતમાં સામે આવ્યું છે કે, દિવ્યાંકા ફિલ્મો અને ગીતોમાં કામ ન મળવાને કારણે તણાવમાં રહેતી હતી અને આર્થિક સમસ્યાઓનો પણ સામનો કરી રહી હતી.

આને કારણે દિવ્યાંકાએ ગુરુગ્રામમાં રહેવાનું છોડી દીધું હતું. ઘણા દિવસોથી તે પોતાના ઘરે ગાઝિયાબાદમાં જ રહેવા લાગી હતી. તે ઘરે જ પોતાના પરિચિતો સાથે કામ વિશે વાત કરતી રહેતી હતી અને લગભગ 15-20 દિવસ પહેલા પોતાના કોઈ અંગત મિત્ર પાસેથી આર્થિક મદદ પણ માંગી હતી. તેનો સિરસામાં છેલ્લો લાઈવ શો હતો.

પરિવાર અનુસાર, દિવ્યાંકા ઘરે પોતાના રૂમમાં એકલી હતી અને હાર્ટ એટેકથી જમીન પર પડી. પડવાથી માથામાં અંદરની ઈજા થવાથી તેનું મૃત્યુ થયું. પરંતુ દિવ્યાંકાનું ન તો પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું અને ન તો કોઈ પોલીસને જાણ કરવામાં આવી. મંગળવારે રાત્રે દિવ્યાંકાના મૃત્યુ પછી બુધવારે સવારે મૃતદેહના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા. પરિવારે કોઈ આરોપ કે શંકા પણ વ્યક્ત કરી નથી.

ગાઝિયાબાદથી મધુબન બાપોધામ પોલીસ સ્ટેશનના પ્રભારી ધરમપાલ સિંહે જણાવ્યું કે, 'દિવ્યાંકા રાજનગર એક્સટેન્શનમાં પરિવાર સાથે રહેતી હતી. પરિવાર તરફથી તેના મૃત્યુની જાણ કરવામાં આવી નથી અને ન તો કોઈ ફરિયાદ મળી છે. જો કોઈ ફરિયાદ આવશે, તો કાર્યવાહી કરવામાં આવશે.'

# રોકેટ બોયઝનો ડાયરેક્ટર અભય પન્નુ હવે હોરર ફિલ્મ બનાવશે : આવતાં વર્ષ સુધીમાં રીલિઝ કરવાનો પ્લાન



## આદિત્ય ચોપરા પણ હોરર ફિલ્મો બનાવવાની બોલિવુડની રેસમાં ઝંપલાવશે

મુંબઈ : 'રોકેટ બોયઝ' સીરિઝથી પ્રશંસા મેળવનારા ડાયરેક્ટર અભય પન્નુને હવે એક હોરર ફિલ્મ મળી છે. તે યશરાજ ફિલ્મ્સના બેનર માટે આ હોરર ફિલ્મ બનાવશે. યશરાજ બેનર મોટાભાગે રોમાન્ટિક ફિલ્મો બનાવવા માટે જાણીતું છે.
પરંતુ, હાલ બોલિવુડમાં કેટલીક હોરર ફિલ્મો સફળ થયા પછી અનેક નિર્માતાઓ હોરર ફિલ્મો તરફ વળ્યા છે અને હવે તેમાં આદિત્ય ચોપરાનો પણ ઉમેરો થઈ ગયો છે. તેણે અભય પન્નુને તેનું દિગ્દર્શન સોંપ્યું છે. અભયે ફિલ્મની સ્ટોરી ફાઈનલ કરી દીધું છે. આગામી મહિનાઓમાં શૂટિંગ શરુ કરી આવતાં વર્ષે રીલિઝ કરવાનું તેનું પ્લાનિંગ છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## લખનૌ સુપર જાયન્ટ્સ IPL માર્શને ભાવ્યું લખનૌનું બટર ચિકન



(એજન્સી) લખનૌ | તા. 24

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ની સીઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સનું પ્રદર્શન અત્યાર સુધી ભલે નિરાશાજનક રહ્યું હોય, પરંતુ ટીમના ખેલાડીઓ માટે આ શહેર હવે ભાવનાત્મક રીતે નજીક આવી ગયું છે. ટીમના ઓપનર અને ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર મિશેલ માર્શે લખનૌને પોતાનું 'બીજું ઘર' ગણાવ્યું છે. એક વિશેષ કાર્યક્રમ દરમિયાન માર્શે શહેરની મહેમાનગતિ અને ખાસ કરીને અહીના પ્રખ્યાત 'બટર ચિકન' પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરીને સ્થાનિક ચાહકોના દિલ જીતી લીધા હતા.


લખનૌમાં ટીમના મુખ્ય સ્પોન્સર જેકે સિમેન્ટ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કેપ્ટન રિષભ પંત, મિશેલ માર્શ, અર્જુન તેંડુલકર અને મુકુલ ચૌધરી જેવા સ્ટાર ખેલાડીઓએ હાજરી આપી હતી. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાયેલા આ પ્રસંગે માર્શે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "લખનૌ મને મારા ઘરની યાદ અપાવે છે. હું દર વર્ષે અહીં બે મહિના વિતાવું છું અને અહીંનું ભોજન અદભૂત છે." માર્શે આ સીઝનમાં ૭ ઈનિંગ્સમાં ૨૧૦ રન બનાવ્યા છે અને તે ટીમના મહત્વના સ્તંભ સમાન છે. લખનૌ સુપર જાયન્ટ્સ હાલમાં પોઈન્ટ ટેબલમાં ૯મા સ્થાને છે, પરંતુ માર્શ ચાહકોના સમર્થનથી ખૂબ જ પ્રભાવિત છે. તેણે ઉમેર્યું કે, "અમારી શરૂઆત નબળી રહી છે, પરંતુ ચાહકોનો સાથ ક્યારેય ઓછો થયો નથી. અમે આશાવાદી છીએ કે ટૂંક સમયમાં મેદાન પર જીત સાથે વાપસી કરીશું." જેકે સિમેન્ટના વરિષ્ઠ અધિકારીઓએ ખેલાડીઓનું સન્માન કર્યું હતું અને ટીમ કલ્ચર વિશે ચર્ચાઓ પણ કરવામાં આવી હતી.

મીડિયા અહેવાલ અનુસાર, લખનૌ સુપર જાયન્ટ્સનો આગામી મુકાબલો ૨૬ એપ્રિલના રોજ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થવાનો છે. ટીમ માટે પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે હવે દરેક મેચ જીતવી અનિવાર્ય છે. રિષભ પંતની આગેવાની હેઠળની આ ટીમ હવે પોતાની ભૂલો સુધારીને નવા જોશ સાથે મેદાનમાં ઉતરવા માટે સજ્જ છે.

ઐતિહાસિક ક્રિકેટ રેકોર્ડ્સ અને સિદ્ધિ સાથે અનોખો પ્રવાસ, જન્મદિવસની વિશેષ શુભેચ્છાઓ ૨૦૨૬ માં ઓસ્ટ્રેલિયન દિગ્ગજો જોડાયા

# ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકર

## ૫૩ વર્ષના થયા હેડન અને લીએ પાઠવી શુભેચ્છાઓ



(એજન્સી) નવી દિલ્હી | તા. 24

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં જેમનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું છે તેવા 'માસ્ટર બ્લાસ્ટર' સચિન તેંડુલકર આજે ૫૩ વર્ષના થયા છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ તેમના જન્મદિવસ નિમિત્તે વિશ્વભરમાંથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે, પરંતુ સૌથી ખાસ અભિનંદન ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ખેલાડીઓ મેથ્યુ હેડન અને બ્રેટ લી તરફથી મળ્યા છે. મેથ્યુ હેડને વર્ષો જૂનું પોતાનું વિખ્યાત કથન દોહરાવતા કહ્યું કે, "મેં ભગવાનને જોયા છે, તેઓ ભારત માટે ચોથા ક્રમે બેટિંગ કરતા હતા."

ગુજરાત ટાઈટન્સના બેટિંગ કોચ તરીકે કાર્યરત મેથ્યુ હેડને ઈન્સ્ટાગ્રામ પર એક ખાસ વીડિયો શેર કરીને સચિનને યાદ કર્યા હતા. બીજી તરફ, વિશ્વના સૌથી ઝડપી બોલરોમાંના એક બ્રેટ લીએ પણ સચિનની બેટિંગને 'શુદ્ધ કલા' ગણાવી હતી. લીએ ૨૦૦૮ની કોમનવેલ્થ બેંક સિરીઝનો એક વીડિયો શેર કર્યો હતો જેમાં સચિન ૧૫૨ કિમીની ઝડપે આવતા બોલ પર આસાનીથી શોટ ફટકારતા દેખાય છે. લીએ લખ્યું કે, "સચિન માત્ર ક્રિકેટ રમ્યા નથી, તેઓ પોતે જ ક્રિકેટ બની ગયા છે."

### ઓસ્ટ્રેલિયા સામે સચિનનું શાનદાર પ્રદર્શન

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, સચિને પોતાની કારકિર્દીનું શ્રેષ્ઠ ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સામે જ રમ્યું હતું. તેમણે કાંગારૂઓ સામે ૧૧૦ મેચોમાં ૪૯.૬૮ની સરેરાશથી ૬,૭૦૭ રન નોંધાવ્યા છે, જેમાં ૨૦ સદી અને ૩૧ અર્ધસદીનો સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયાની ધરતી પર તેમનો ૨૪૧ રનનો સર્વોચ્ચ સ્કોર આજે પણ ક્રિકેટ પ્રેમીઓના મનમાં તાજો છે. મીડિયા અહેવાલ અનુસાર, સચિન તેંડુલકરના નામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૪,૩૫૭ રનનો એવો રેકોર્ડ છે જે તોડવો લગભગ અશક્ય જણાય છે.

### ઈતિહાસમાં અણનમ સિદ્ધિઓ

૨૨ વર્ષ અને ૯૧ દિવસની સૌથી લાંબી વનડે કારકિર્દી ધરાવતા સચિને ટેસ્ટ ક્રિકેટમાં પણ ૨૦૦ મેચ રમીને વિશ્વવિક્રમ સ્થાપ્યો છે. તેઓ ટેસ્ટમાં ૧૫,૦૦૦ રનનો આંકડો વટાવનાર સૌથી ઝડપી બેટ્સમેન છે. ૫૧ ટેસ્ટ સદી અને ૪૯ વનડે સદી સાથે 'સદીઓની સદી' ફટકારનાર તેઓ એકમાત્ર ખેલાડી છે. રમત પ્રત્યેની તેમની નિષ્ઠા, ધીરજ અને અદભૂત ટેકનીકને કારણે જ આજે ૫૩ વર્ષની વયે પણ તેઓ વિશ્વભરના યુવા ખેલાડીઓ માટે પ્રેરણા સ્ત્રોત અને સાચા અર્થમાં 'ક્રિકેટના ભગવાન' ગણાય છે.

શૂટિંગ વર્લ્ડ કપ ૨૦૨૬ ભારત માટે સુવર્ણ સાબિત થયો

# પ્રાચી ગાયકવાડે ગોલ્ડ જીત્યો શૂટિંગ વર્લ્ડ કપમાં મેડલ ટેલીમાં ભારત પ્રથમ સ્થાને પહોંચ્યું



(એજન્સી) નવી દિલ્હી | તા. 24

ઈજીપ્તની રાજધાની કૈરોમાં આયોજિત આઈએસએસએફ (ISSF) જુનિયર વર્લ્ડ કપમાં ભારતની સ્ટાર શૂટર પ્રાચી ગાયકવાડે સુવર્ણ ચંદ્રક જીતીને ઈતિહાસ રચી દીધો છે. શુક્રવારે રમાયેલી રોમાંચક ફાઈનલમાં પ્રાચીએ શાનદાર પ્રદર્શન કરતા ભારતની ઝોળીમાં બીજો ગોલ્ડ મેડલ નાખ્યો છે. આ જીત સાથે જ ભારત ફરી એકવાર આ પ્રતિષ્ઠિત સ્પર્ધાની મેડલ ટેલીમાં વિશ્વમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે. પ્રાચીએ જુનિયર મહિલાઓની ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન (3P) ઈવેન્ટમાં અદભૂત નિશાનબાજી કરીને હરીફોને પછાડ્યા હતા. ભારતની આ સિદ્ધિએ રમતગમત જગતમાં દેશનું ગૌરવ વધાર્યું છે.

કૈરોમાં ઓલિમ્પિક ઈન્ટરનેશનલ સિટી શૂટિંગ રેન્જ ખાતે રમાયેલી ફાઈનલમાં પ્રાચી ગાયકવાડે કુલ ૩૫૪.૬ પોઈન્ટ્સ મેળવ્યા હતા. તેણે તીવ્ર સ્પર્ધામાં ન્યુટ્રલ એથલીટ ડારિયા ચુપ્રિસને માત્ર ૦.૨ ના નજીવા તફાવતથી હરાવી હતી. મેચ દરમિયાન અનેક ઉતાર-ચઢાવ જોવા મળ્યા હતા. શરૂઆતના નીલિંગ (Kneeling) રાઉન્ડમાં પ્રાચી પાંચમા સ્થાને હતી, પરંતુ પ્રોન (Prone) રાઉન્ડમાં તેણે જબરદસ્ત વાપસી કરીને બીજું સ્થાન મેળવ્યું હતું. અંતિમ સ્ટેન્ડિંગ પોઝિશનમાં પ્રાચીએ પોતાના સ્નાયુઓ પર ગજબનું નિયંત્રણ રાખ્યું અને છેલ્લા શૉટ્સમાં સચોટ નિશાન લગાવીને સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો.

### મેડલ ટેલીમાં ભારતનો દબદબો

પ્રાચીનો આ ગોલ્ડ મેડલ ભારત માટે આ ટુર્નામેન્ટનો બીજો સુવર્ણ ચંદ્રક છે. અગાઉ મંગળવારે શિવા નરવાલે પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં ગોલ્ડ જીતીને ભારતનું ખાતું ખોલાવ્યું હતું. અત્યાર સુધીના શાનદાર પ્રદર્શનના જોરે ભારતના ફાળે ૨ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ આવ્યા છે. આ શાનદાર આંકડાઓ સાથે ભારત હવે મેડલ ટેલીમાં સૌથી ઉપર બિરાજમાન છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતીય શૂટરોનું આ ફોર્મ જોતા આગામી દિવસોમાં હજુ વધુ મેડલ આવવાની પ્રબળ શક્યતા છે.

### નરેન પ્રણવને બ્રોન્ઝ અને અન્ય ભારતીયોનું પ્રદર્શન

માત્ર મહિલાઓ જ નહીં, પણ પુરુષોની કેટેગરીમાં પણ ભારતે પોતાની છાપ છોડી છે. જુનિયર પુરુષોની ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં નરેન પ્રણવે ૨૨૯.૫ ના સ્કોર સાથે કાંસ્ય ચંદ્રક (બ્રોન્ઝ) જીત્યો છે. આ ઈવેન્ટમાં ત્રણ ભારતીયો ફાઈનલમાં પહોંચ્યા હતા, જેમાં અભિનવ શો ચોથા ક્રમે અને દિવ્યાંશુ દેવાંગન સાતમા ક્રમે રહ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, ઉઝબેકિસ્તાનના શૂટર જાવોહિર સોખીબોવે આ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતીય યુવા શૂટરોની આ રમત દર્શાવે છે કે દેશમાં શૂટિંગ ક્ષેત્રે પ્રતિભાઓની કોઈ કમી નથી.

### આગામી સ્પર્ધાઓમાં મેડલની આશા

ભારત માટે ખુશીના સમાચાર અહીં પૂરા થતા નથી. ૧૦ મીટર એર પિસ્તોલની જુનિયર મહિલા કેટેગરીમાં વંશિકા ચૌધરી, સેજલ કામ્બલે અને કનકે શાનદાર પ્રદર્શન કરીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. ખાસ વાત એ છે કે આ ત્રણેય ભારતીય શૂટરો ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ટોચના ત્રણ સ્થાનો પર રહી છે. આનાથી એ સ્પષ્ટ થાય છે કે આગામી ફાઈનલમાં પણ ભારતનો મેડલ પાક્કો છે. રમતગમત મંત્રાલય અને રાષ્ટ્રીય શૂટિંગ સંઘે આ સફળતા બદલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

## યુએસ ઓપન પિકલબોલ ચેમ્પિયનશિપ ભારતીય ભાઈઓએ જીત્યા ૩ ગોલ્ડ

### અને આદિત્ય સિંઘની સુવર્ણ સિદ્ધિથી દેશ ગદગદ



(એજન્સી) મુંબઈ | તા. 24

અમેરિકાના ફ્લોરિડામાં યોજાયેલી પ્રતિષ્ઠિત 'યુએસ ઓપન પિકલબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬' માં ભારતીય ખેલાડીઓએ ઈતિહાસ રચી દીધો છે. મુંબઈના બે તેજસ્વી ભાઈઓ, અર્જુન સિંઘ અને આદિત્ય સિંઘે શાનદાર રમતનું પ્રદર્શન કરીને કુલ ૩ સુવર્ણ ચંદ્રકો ભારતને અપાવ્યા છે. આ ઐતિહાસિક જીત સાથે ભારતે વૈશ્વિક પિકલબોલ નકશા પર પોતાની મજબૂત હાજરી નોંધાવી છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મળેલી વિગતો અનુસાર, આ સફળતા પાછળ યોગ્ય તાલીમ અને સંસ્થાઓનો મજબૂત ટેકો જવાબદાર રહ્યો છે.

આ ભવ્ય સફળતા બાદ આદિત્ય સિંઘે જણાવ્યું હતું કે, "અમે સખત મહેનત કરી હતી અને તેનું પરિણામ સંતોષકારક મળ્યું છે. મહારાષ્ટ્ર પિકલબોલ એસોસિએશન (MPA) અને ઈન્ડિયન પિકલબોલ એસોસિએશન (IPA) ના સહકાર વગર આ સિદ્ધિ શક્ય નહોતી." ખાસ કરીને રાહુલ કનાલ દ્વારા મળેલી પ્રોત્સાહક મદદનો ઉલ્લેખ કરતા ખેલાડીઓએ કહ્યું કે, એક એથ્લેટને ઉચ્ચ સ્તરે સફળ થવા માટે જે સુવિધાઓની જરૂર હોય છે, તે તેમને પૂરી પાડવામાં આવી હતી. અર્જુને મેન્સ સિંગલ્સ ૫.૦ કેટેગરીમાં સુવર્ણ જીતીને ભારતની યશકલગીમાં વધારો કર્યો હતો.

### ભારતની મેડલ ટેલીમાં કુલ 8 ચંદ્રકો

આ ચેમ્પિયનશિપમાં ભારતનો કુલ દેખાવ અત્યંત પ્રભાવશાળી રહ્યો છે. ભારતે કુલ ૮ મેડલ જીત્યા છે, જેમાં ૪ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

પ્રથમ મહિલા સંચાલિત સ્પોર્ટ્સ લીગ તરીકે ઉભરશે

## દિલ્હી પ્રો વૉલીબોલ લીગ ખેલાડીઓને મળશે આર્થિક સ્થિરતા અને ઓળખ



નવી દિલ્હી | ભારતની રાજધાનીમાં વૉલીબોલ રમતને એક વ્યવસાયિક અને ગરિમાપૂર્ણ સ્થાન અપાવવા માટે 'દિલ્હી પ્રો વૉલીબોલ લીગ ૨૦૨૬' (DPVL) ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ લીગનો મુખ્ય ધ્યેય માત્ર રમત રમાડવાનો જ નથી, પરંતુ ખેલાડીઓ માટે આર્થિક સ્થિરતા સમાચાર અને લાંબા ગાળાની વ્યાવસાયિક ઓળખ ઊભી કરવાનો છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મળેલી વિગતો અનુસાર, આ લીગ દિલ્હી વૉલીબોલ એસોસિએશન અને દિલ્હી ઓલિમ્પિક એસોસિએશનના સંપૂર્ણ સહયોગથી કાર્યરત થશે.

આ લીગની સૌથી ખાસ વાત એ છે કે તે ભારતની પ્રથમ એવી પ્રોફેશનલ સ્પોર્ટ્સ લીગ છે જેનું સંચાલન પૂર્વ ખેલાડીઓ નીતિ રાવત અને જસોદા ગુલિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે. નીતિ રાવત સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટિંગ અને મીડિયાનો બહોળો અનુભવ ધરાવે છે, જે વૉલીબોલને ટીવી અને ડિજિટલ માધ્યમો પર આકર્ષક રીતે રજૂ કરવામાં મદદરૂપ થશે. બીજી તરફ, જસોદા ગુલિયા ફાઈનાન્સ અને વ્યૂહાત્મક આયોજનમાં નિષ્ણાત છે, જે લીગને આર્થિક રીતે સક્ષમ અને રોકાણકારો માટે આકર્ષક બનાવશે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, દિલ્હી પ્રો વૉલીબોલ લીગ ૨૦૨૬ હેઠળ ખેલાડીઓને માત્ર મેદાન પર જ નહીં, પરંતુ મેદાનની બહાર પણ તાલીમ અને પ્રોફેશનલ ગ્રોથની તકો પૂરી પાડવામાં આવશે.

ઈતિહાસ // આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયા અપડેટ મુજબ નવો ઈતિહાસ રચાશે

# ભારતીય આઈસ હોકી એશિયા કપ માટે ટીમ ઈન્ડિયા બિશ્કેક પહોંચી

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

ભારતમાં આઈસ હોકી રમત જે રીતે વેગ પકડી રહી છે, તે જોતા ભવિષ્યમાં ભારત આ રમતમાં પણ વિશ્વ સ્તરે મજબૂત બને તેવી સંભાવનાઓ પ્રબળ બની છે. કિર્ગિસ્તાનના બિશ્કેકમાં ૨૭ એપ્રિલથી ૩ મે દરમિયાન યોજાનારા ૨૦૨૬ IIHF આઈસ હોકી અંડર-૧૮ એશિયા કપ માટે ભારતની જુનિયર ટીમ સંપૂર્ણ સજ્જ થઈને રણમેદાનમાં પહોંચી ગઈ છે. ભારતીય આઈસ હોકી એશિયા કપ ૨૦૨૬ માં ભારતનો મુકાબલો યજમાન કિર્ગિસ્તાન ઉપરાંત મોંગોલિયા, ઉઝબેકિસ્તાન, ઈન્ડોનેશિયા અને ચીનના મકાઉ જેવા દેશો સાથે થવાનો છે.

ભારતીય ટીમની કમાન ગરજે તેજ સિંહ ભટ્ટીના હાથમાં છે, જ્યારે દેવાંશ શર્મા અને ઈફ્તિકાર હુસૈન સહ-કેપ્ટન તરીકે જવાબદારી સંભાળશે. આ ટીમમાં ચંદીગઢ અને લદ્દાખના ખેલાડીઓનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે, પરંતુ દેશના અન્ય રાજ્યોના ખેલાડીઓનો સમાવેશ એ વાતની સાબિતી છે કે હવે આ રમત પહાડોથી નીકળીને મેદાની વિસ્તારોમાં પણ લોકપ્રિય થઈ રહી છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મળેલી વિગતો અનુસાર, એસએસ ગ્રુપ આ પ્રવાસમાં ટીમના પાર્ટનર તરીકે જોડાયું છે, જે રમત પ્રત્યે વધતા વ્યાપારી જોડાણને દર્શાવે છે.

આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયા અપડેટ મુજબ,



ભારતીય આઈસ હોકીમાં છેલ્લા કેટલાક વર્ષોથી સકારાત્મક ગતિ જોવા મળી રહી છે. વર્ષ ૨૦૨૫માં ભારતીય મહિલા ટીમે એશિયા કપમાં બ્રોન્ઝ મેડલ જીતીને દેશનું પ્રથમ આંતરરાષ્ટ્રીય પદક મેળવ્યું હતું. આ સફળતાએ જ રમત પ્રત્યે દેશનું ધ્યાન ખેંચ્યું છે. હિમાદ્રી આઈસ રિંકનું ફરીથી ખુલવું અને ભારત આઈસ હોકી લીગની શરૂઆત થવાથી ખેલાડીઓને પ્રોફેશનલ માળખું પ્રાપ્ત થયું છે, જે હવે જુનિયર ખેલાડીઓના પ્રદર્શનમાં પણ જોવા મળી શકે છે.

એસોસિએશનના જનરલ સેક્રેટરી હરજિંદર સિંઘે જણાવ્યું હતું કે, "આ અંડર-૧૮ ટીમના ખેલાડીઓ માટે આ માત્ર એક ટુર્નામેન્ટ નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાને સાબિત કરવાની મોટી તક છે." મીડિયા અહેવાલ અનુસાર, વિવિધ રાજ્યોના ખેલાડીઓનું એક ટીમમાં હોવું એ ભારતીય આઈસ હોકીના વિકાસનો નવો અધ્યાય છે.

વાનખેડે સ્ટેડિયમ ઐતિહાસિક પરાજય થી ચાહકો નિરાશ

# મુંબઈ ઈન્ડિયન્સ આઈપીએલ હાર સેન્ટનરની ઈજા અને શાર્દુલનો પ્રવેશ



(એજન્સી) મુંબઈ | તા. 24

વાનખેડે સ્ટેડિયમમાં ગુરુવારે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ (MI) ને ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સામે ૧૦૩ રને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ મુંબઈ ઈન્ડિયન્સ આઈપીએલ ૨૦૨૬ હાર માત્ર એક પરાજય નથી, પરંતુ આઈપીએલ ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ મુંબઈની સૌથી મોટી હાર છે. મેચ દરમિયાન મિશેલ સેન્ટનરની ઈજા અને તેના સ્થાને શાર્દુલ ઠાકુરના કોનકશન સબસ્ટિટ્યૂટ તરીકે મેદાનમાં ઉતરવાના નિર્ણયે અનેક તર્ક-વિતર્ક સર્જ્યા છે.

મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય કોચ મહેલા જયવર્દનેએ જણાવ્યું હતું કે, ફિલ્ડિંગ દરમિયાન કેચ પકડતી વખતે સેન્ટનરનું માથું જમીન સાથે અથડાયું હતું. તેમણે કહ્યું કે, "ડગઆઉટમાં પરત ફર્યા બાદ સેન્ટનરને ચક્કર આવવા લાગ્યા હતા અને તે અસ્થિર અનુભવતો હતો. ખભાની ઈજા ઉપરાંત માથા અને ગરદનમાં પણ આંચકો લાગ્યો હોવાથી તબીબી તપાસ બાદ અમે મેચ રેફરી પાસે કોનકશન સબસ્ટિટ્યૂટની વિનંતી કરી હતી." મિશેલ સેન્ટનર ઈજા અપડેટ મુજબ તેને સ્કેન માટે મોકલવામાં આવ્યો છે.

આ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે પ્રથમ બેટિંગ કરતા ૨૦૭/૬નો વિશાળ સ્કોર બનાવ્યો હતો. સંજુ સેમસને માત્ર ૫૪ બોલમાં ૧૦૧ રનની ધમાકેદાર સદી ફટકારીને મુંબઈના બોલરોને લાચાર કરી દીધા હતા. જવાબમાં મુંબઈની ટીમ માત્ર ૧૦૪ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. ચેન્નાઈના સ્પિનર અકીલ હુસેને ૪ વિકેટ ઝડપીને મુંબઈના બેટિંગ લાઈનઅપના ટુકડા કરી દીધા હતા. વાનખેડે સ્ટેડિયમ ઐતિહાસિક પરાજય બાદ મુંબઈની ટીમ પોઈન્ટ ટેબલમાં આઠમાં સ્થાને ધકેલાઈ ગઈ છે. ભારે પરાજય છતાં, જયવર્દનેએ યુવા અફઘાન સ્પિનર અલ્લાહ ગઝનફરના વખાણ કર્યા હતા, જેણે ૪ ઓવરમાં માત્ર ૨૫ રન આપી ૨ વિકેટ લીધી હતી.

વૈશ્વિક પ્રતિબંધોનું જોખમ ટાળવા સરકાર સજ્જ, ઈરાન ભારત પોર્ટ કરાર હેઠળ હિસ્સો બદલાશે

# ચાબહાર પોર્ટ વ્યૂહાત્મક નિર્ણય ભારત ઈરાન વચ્ચે મોટો ઉલટફેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

પશ્ચિમ એશિયામાં વધી રહેલા યુદ્ધના તણાવ અને બદલાતા ભૌગોલિક રાજકીય સમીકરણો વચ્ચે ભારત સરકાર ઈરાન સ્થિત ચાબહાર બંદરને લઈને એક અત્યંત સંવેદનશીલ અને મોટો નિર્ણય લેવાની તૈયારી કરી રહી છે. સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, ભારત ચાબહાર બંદરમાં પોતાનો હિસ્સો ઈરાનની જ એક સ્થાનિક કંપનીને ટ્રાન્સફર કરવા માટેનો પ્રસ્તાવ તૈયાર કરી રહ્યું છે. આ આક્રમક વ્યૂહરચના પાછળનું મુખ્ય કારણ અમેરિકા દ્વારા ઈરાન પર લાદવામાં આવેલા કડક આર્થિક પ્રતિબંધો છે, જે ભારતની વૈશ્વિક બંદર સંચાલન ક્ષમતાઓને અસર કરી શકે છે. ભારત માટે આ પ્રોજેક્ટમાં અંદાજે ૧૨ કરોડ ડૉલરનું રોકાણ દાવ પર લાગેલું છે, જેની સુરક્ષા માટે નવી દિલ્હી અત્યારે હરકતમાં આવ્યું છે.

વર્ષ ૨૦૧૮માં જ્યારે અમેરિકાએ ઈરાન પર આકરા પ્રતિબંધો લાદ્યા હતા, ત્યારે ભારતની વિશેષ વિનંતી અને અફઘાનિસ્તાનની સ્થિરતાને ધ્યાનમાં રાખીને ચાબહાર પ્રોજેક્ટ માટે ખાસ છૂટછાટ આપવામાં આવી હતી. જોકે, ફેબ્રુઆરી ૨૦૨૫માં વોશિંગ્ટન તરફથી એવા સંકેતો મળ્યા હતા કે આ છૂટછાટોમાં કાપ મૂકવામાં આવી શકે છે અથવા તેને સંપૂર્ણપણે રદ કરવામાં આવી શકે છે. સૌથી મહત્વની વાત એ છે કે, ભારતને અત્યાર સુધી મળેલી આ છૂટની મુદત ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ રહી છે. જો આ સમયમર્યાદા લંબાવવામાં ન આવે, તો 'ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ ચાબહાર ફ્રી ઝોન' (IPGCFZ) પર આંતરરાષ્ટ્રીય સ્તરે નાણાકીય વ્યવહારો માટે પ્રતિબંધો આવી શકે છે, જે ભારત માટે મોટો ફટકો સાબિત થઈ શકે તેમ છે. ભારત અત્યારે એક એવી વ્યવસ્થા પર કામ કરી રહ્યું છે જેમાં ચાબહારના ટર્મિનલનું સંચાલન કામચલાઉ ધોરણે ઈરાની કંપનીને સોંપવામાં આવશે. આ રણનીતિ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય કંપનીઓને અમેરિકી પ્રતિબંધોની સીધી અસરથી બચાવવાનો છે. આ પ્રસ્તાવમાં એવી સ્પષ્ટ



જોગવાઈ રાખવામાં આવશે કે જ્યારે પણ અમેરિકા તરફથી પ્રતિબંધો હટાવવામાં આવશે અથવા પરિસ્થિતિ અનુકૂળ બનશે, ત્યારે ઈરાની કંપનીએ આ હિસ્સો ફરીથી ભારતને સોંપવો પડશે. આ રીતે ભારત પોતાની સંપત્તિ પર નિયંત્રણ પણ જાળવી રાખશે અને વૈશ્વિક દબાણ સામે પોતાની આર્થિક હિતોનું રક્ષણ પણ કરી શકશે.

ચાબહાર પોર્ટ માત્ર એક બંદર નથી, પણ ભારત માટે મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સુધી પહોંચવાનો સુવર્ણ માર્ગ છે. ભારતે અત્યાર સુધી અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્રેન્સ જેવી સુવિધાઓ વિકસાવવા માટે ૧૨ કરોડ ડૉલર એટલે કે અબજો રૂપિયા ખર્ચ્યા છે. વર્ષ ૨૦૨૪માં જ ભારતે આ ટર્મિનલ ચલાવવા માટે ઈરાન સાથે ૧૦ વર્ષનો ઐતિહાસિક કરાર કર્યો હતો. આ બંદર દ્વારા ભારત અત્યાર સુધીમાં અફઘાનિસ્તાનને હજારો ટન ઘઉં અને માનવીય સહાય મોકલવામાં સફળ રહ્યું છે. પાકિસ્તાનને બાયપાસ કરીને મધ્ય એશિયાના બજારો સુધી પહોંચવા માટે ચાબહાર એ ભારતની વ્યૂહાત્મક જરૂરિયાત છે.

અત્યારે જ્યારે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ ચરમસીમા પર છે અને લાલ સમુદ્રમાં જહાજો પર હુમલા થઈ રહ્યા છે, ત્યારે ભારતનો આ નિર્ણય અત્યંત મહત્વનો માનવામાં આવે છે. ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (IPGL) માત્ર ઈરાન જ નહીં, પણ મ્યાનમારમાં પણ સીતવે બંદરનું સંચાલન કરે છે.

ટ્રમ્પના નિવેદનનો વળતો જવાબ

# ભારતને નર્ક કહેનારાને ઠપકો મળ્યો



(એજન્સી) મુંબઈ/નવી દિલ્હી । તા. 24

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતને 'નર્ક' કહેવા અંગેના નિવેદને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદનું વંટોળ ઉભું કર્યું છે. ભારતની વધતી જતી આર્થિક શક્તિ અને વિશ્વસ્તરે તેની પ્રતિષ્ઠા સામે ટ્રમ્પનું આ નિવેદન ઘણાને અયોગ્ય લાગ્યું છે. જોકે, આ વિવાદમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે ઈરાને ભારતનો પક્ષ લઈને ટ્રમ્પને જડબાતોડ જવાબ આપ્યો છે. મુંબઈ સ્થિત ઈરાની કોન્સ્યુલેટે સોશિયલ મીડિયાના માધ્યમથી ટ્રમ્પને ભારતની વાસ્તવિક સુંદરતાનો પરિચય કરાવ્યો છે. આ વિવાદ માત્ર શબ્દો પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ તે હવે રાજદ્વારી અને સોશિયલ મીડિયા યુદ્ધમાં ફેરવાઈ રહ્યો છે.

ટ્રમ્પના નિવેદન સામે મુંબઈમાં કાર્યરત ઈરાની દૂતાવાસે અત્યંત સર્જનાત્મક પણ ધારદાર પ્રતિક્રિયા આપી છે. તેમણે ૧૬ સેકન્ડનો એક મનમોહક વીડિયો શેર કર્યો છે, જેમાં મહારાષ્ટ્રની આધુનિકતા અને પ્રાકૃતિક વારસાનો અદભૂત સંગમ જોવા મળે છે. વીડિયોમાં એક તરફ મુંબઈના ગગનચુંબી બિલ્ડિંગો, દરિયા કિનારો અને આધુનિક હાઈવેની ઝલક છે, તો બીજી તરફ સહ્યાદ્રીના પહાડો અને લીલાછમ કુદરતી દ્રશ્યો છે. ઈરાની કોન્સ્યુલેટે આ પોસ્ટ દ્વારા ટ્રમ્પને સલાહ આપી છે કે તેમને 'કલ્ચરલ ડિટોક્સ'ની જરૂર છે, એટલે કે તેમણે પોતાની સંકુચિત વિચારધારા છોડીને એકવાર ભારતની મુલાકાત લેવી જોઈએ જેથી તેઓ જાણી શકે કે ભારત 'નર્ક' નહીં પણ એક સ્વર્ગ સમાન સુંદર દેશ છે.

### ટ્રમ્પની વિવાદાસ્પદ ટિપ્પણી અને મૂળ ઘટના

સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઈમિગ્રેશન (સ્થળાંતર) અંગેનો એક પત્ર શેર કર્યો. આ પત્રમાં અન્ય દેશોમાંથી અમેરિકા આવતા લોકોની ટીકા કરવામાં આવી હતી. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, અમેરિકામાં જન્મ લેતા બાળકોને કારણે તેમના પરિવારો ચીન, ભારત કે ધરતીના અન્ય કોઈ 'નર્ક' સમાન સ્થળોએથી અમેરિકામાં ઘૂસી આવે છે. ટ્રમ્પના નિવેદનનો વળતો જવાબ આપતા ભારતીય સમુદાય અને વિશ્વભરના નેતાઓએ આ ટિપ્પણીને અત્યંત અપમાનજનક ગણાવી છે. ટ્રમ્પની આ માનસિકતા પાછળ તેમની આગામી ચૂંટણીઓની રણનીતિ હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે.

### અમેરિકાની અંદર પણ ટ્રમ્પનો ભારે વિરોધ

